રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા પાયાનો તબક્કો - ૨૦૨૪ (SCF-FS) આધારિત

પ્રજ્ઞા

દ્વિતીય સત્ર

# અધ્યયન સંપુટ

## ગુજરાતી

### ધોરણ ૨

વર્ષ : ૨૦૨૫-૨૬



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

હાજરી નંબર : ____________________

# શિક્ષણનાં વિકાસાત્મક ક્ષેત્રો અને અભ્યાસક્રમનાં ધ્યેયો

## શારીરિક વિકાસ

CG-1 બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોક્સાઈ (શાર્પનેસ) વિકસાવે છે.

CG-3 બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.

## સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ

CG-4 બાળકો ભાવાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

## જ્ઞાનાત્મક વિકાસ

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

## ભાષા અને સાક્ષરતા વિકાસ

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

CG-11 બાળકો દ્વિતિય ભાષામાં વાંચવાનું અને લખવાનું શરૂ કરે છે.

## કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

CG-12 બાળકો દશ્યમાન કલા અને પ્રસ્તુની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

## અધ્યયનની સકારાત્મક ટેવનો વિકાસ

CG-13 બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે.

આ ધ્યેય આધારે ક્ષમતાઓ (Compentencies) નિશ્ચિત કરી છે. તેના આધારે બાલવાટિકાથી લઈને ધોરણ - ૨ સુધીની અધ્યયન નિષ્પત્તિઓ સૂચવવામાં આવી છે.

**માર્ગદર્શન**

**ડૉ. એમ. આઈ. જોષી**
નિયામક, પ્રાથમિક શિક્ષણ

**પ્રકાશ ત્રિવેદી**
નિયામક, જીસીઈઆરટી

**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એડી.એસપીડી, સમગ્ર શિક્ષા

**શિલ્પા પટેલ**
સચિવ, સમગ્ર શિક્ષા

**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જીસીઈઆરટી

**સંકલન**

**અનિલકુમાર ઉપાધ્યાય**

| | |
|---|---|
| ધર્મેશ રામાનુજ | સુચિત પ્રજાપતિ |
| સંજય ચૌધરી | અતુલ પંચાલ |
| નીરવ મિસ્ત્રી | હેમલ પંડ્યા |
| જયદિપસિંહ ચૌહાણ | રિઝવાના મિરઝા |

**સલાહકાર**

**ડૉ. મહેન્દ્ર ચોટલીઆ**

**લેખન-સમીક્ષા**

| | |
|---|---|
| ડૉ. હરેશ ચૌધરી | રાકેશ પટેલ |
| છાયા ઉપાધ્યાય | રમેશ દેસાઈ |
| પૂજા જોષી | મમતા શર્મા |
| ડૉ. પ્રિસ્કીલા ચૌહાણ | હિતેષ નાયક |
| હર્ષવી પટેલ | મૌલી સંખારિયા |
| હેમલત્તા રણા | નટવરસિંહ પરમાર |
| મહિપાલસિંહ જેતાવત | પાયલ પટેલ |
| નિતલ પંચાલ | ભૂમિકા પટેલ |
| પલ્કા ચૌધરી | નિતલ ધાંધલા |

**સમીક્ષા**

ડૉ. ભાર્ગવ ઠક્કર
વૈશાલીબેન ચાવડા
યાહ્યા સપાટવાલા


## પ્રસ્તાવના

શિક્ષક મિત્રો અને વાલીઓ, નમસ્કાર.

NEP-2020, નિપુણ ભારત મિશન, FLN, NCF-SCF FSના વિવિધ અભિગમોને ધ્યાને લઈ 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન' શિક્ષણપ્રણાલીને સાર્થક કરતી શીખવાની શૈક્ષણિક સામગ્રી અને અધ્યયન સંપુટનાં ઉપયોગથી પ્રથમ સત્રનું શિક્ષણકાર્ય ઉત્તમ રીતે થયું તે માટે ધન્યવાદ. સામગ્રી સાથે વર્ગમાં શીખવાની નવી પદ્ધતિ અને પ્રયુક્તિઓનું સ્થાપન થાય તે માટે થયેલ વર્ગકાર્યને પણ બિરદાવું છું.

સૌ પ્રથમ તો આપ સૌના દ્વારા ધોરણ-૨ના અધ્યયન સંપુટના પ્રથમ સત્રનું શૈક્ષણિક કાર્ય જે રીતે પૂર્ણ થયું અને તેના મૂલ્યાંકનમાં જે સકારાત્મક અસર દેખાઈ તે દર્શાવે છે કે બદલાયેલા અભિગમનો શિક્ષક અને બાળક બંનેએ સ્વીકાર કર્યો છે. ભાષાશિક્ષણ અંતર્ગત બાળકોએ ધોરણ-૨માં અક્ષરો અને તેની વિવિધ માત્રાઓ સાથેની અડધી યાત્રા પૂર્ણ કરી તેને બીજા સત્રમાં આગળ લઇ જવાનું આયોજન કરાયેલ છે. હવે વર્ગમાં અભ્યાસ કરતા બાળકો અધ્યયન નિષ્પત્તિ આધારિત નિર્માણ થયેલી ભાષા પ્રવૃત્તિઓ જેવી કે અક્ષરો, અક્ષરોથી બનતાં સાદાં વાક્યો, મોટાં વાક્યોનું વાંચન-લેખન, ગીત-કવિતાની અર્થસભર પંક્તિઓનું વાંચન, ચિત્ર દ્વારા અર્થગ્રહણ હોંશે હોંશે કરતાં થયાં હશે. પ્રથમ સત્ર દરમિયાન ભાષાશિક્ષણ માટેના અધ્યયન સંપુટના માધ્યમે ગીત, વાર્તા, પ્રશ્નોત્તરી, વાતચીત, અનુલેખન, શ્રુતલેખન, સારી રીતે કરવાની ટેવ પણ આપે વિકસાવી હશે.

બીજા સત્ર દરમિયાન પણ આ જ બાબતોનું દૃઢીકરણ થાય તેવી અપેક્ષા રાખું છું. બીજા સત્રમાં ખાસ કરીને શીખવાની જે બાબતો પર કાળજી લેવાની છે તેમાં પ્રથમ સત્રમાં શીખેલા અક્ષરોનું વારંવાર પુનરાવર્તન થાય, વિષયવસ્તુ સંદર્ભે આપેલ પ્રવૃત્તિને સ્વરૂપ મુજબ સમૂહ-જૂથ, જોડી કે વ્યક્તિગત રીતે થાય તેવું આયોજન અને વ્યક્તિગત મૂલ્યાંકન બાદ તેનું ઉચિત ઉપચારાત્મક કાર્ય, સપ્તરંગી શનિવારનું સઘન આયોજન અને વર્ગમાં રહેલી શીખવા-શીખવવાની સહાયક સામગ્રીના સતત ઉપયોગનો સમાવેશ થાય છે.

બીજા સત્રનાં અધ્યયન સંપુટ દ્વારા આગામી સમયમાં બાળકો ભાષાની રચના અને સ્વતંત્રલેખન તરફ પર જાય તેવું આયોજન વિચારેલ છે. આપના હાથમાં બીજા સત્રનો અજમાયશી અધ્યયન સંપુટ મૂકી રહ્યા છીએ તેનો સંતોષ છે. હવે આપ શિક્ષક-બાળકની અપેક્ષાઓ પૂર્ણ થાય તેવી અભ્યાસ સામગ્રીથી પરિચિત થયેલાં હોવાથી અભિગમને સારી રીતે જાણી શક્યા છો. આ સત્રમાં પણ બધા જ પ્રકારની સામગ્રી બાળકો દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાય તેની આપ ખાસ કાળજી લેશો. પ્રથમ સત્રની માફક દ્વિતીય સત્રના અધ્યયન સંપુટની પ્રવૃત્તિઓ બાળકો ઉમંગભેર કરે તે અપેક્ષા...

**જે. રંજીથકુમાર (IAS)**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગર, ગુજરાત.**

# અભ્યાસક્રમનાં ધ્યેય અને અધ્યયન નિષ્પત્તિ

## ધોરણ-૨ ભાષા  અધ્યયન સંપુટ અધ્યયન નિષ્પત્તિ પત્રક

### CG-9 બાળકો બે ભાષામાં રોજબરોજની ક્રિયા-પ્રતિક્રિયા માટે અસરકારક સંચાર-કૌશલ્ય વિકસાવે છે.

C 9.1 સાદાં ગીત, જોડકણા અને કવિતાઓ સાંભળે છે અને માણે છે.

9.1.1 અમુક પ્રકારના ગીતો અને કવિતાઓ સાંભળવામાં રસ બતાવે છે અને તેમની પસંદગીનું કારણ સમજાવે છે.

9.1.2 બે થી ત્રણ અંતરાના ગીત/ કવિતાઓ ગાય છે. પઠન કરે છે.

C 9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.

9.2.1 પોતાના શબ્દોમાં સ્વતંત્ર રીતે ટૂંકી કવિતા/જોડકણા બનાવે છે.

C 9.3 સળંગ અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.

9.3.1 વિવિધ વિષયોમાં વાતચીતમાં વાતના મુખ્ય દોરને જાળવી રાખે છે.

9.3.2 જે તે મુદ્દાની ચર્ચામાં ભાગ લે છે.

9.3.3 ચર્ચા દરમ્યાન પ્રશ્નો પૂછે છે.

9.3.4 ચર્ચા દરમ્યાન પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપે છે.

C 9.4 જટિલ કાર્ય માટે આપેલી મૌખિક સૂચનાઓ સમજે છે અને તે કાર્ય કરાવવા માટે અન્ય લોકોને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.

9.4.1 શરતો સમાવતી સૂચનાઓ અનુસરે છે.

9.4.2 ચોક્કસ દિશાઓ, સ્થળ, પરિમાણ જેવી ગાણિતિક બાબતોને સમાવતી સ્પષ્ટ સુચના આપે છે.

C 9.5 સાંભળેલી/ વાંચેલી વાર્તાઓ સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે સમજે છે.

9.5.1 એક વાર્તા પરથી બીજી વાર્તા બનાવે છે.

C 9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

9.6.1 સંકુલ કથાવસ્તુ અને વધુ પાત્રો સાથેની વાર્તાઓ જુથમાં બનાવે છે.

C 9.7 રોજબરોજનો વ્યવહાર અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે અને તેમની પાસે જે શબ્દભંડોળ છે તેનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે.

9.7.1 લખાણમાના અપરિચિત શબ્દોના અર્થો જાણવા માટે બાળ શબ્દકોશનો ઉપયોગ કરે છે.

### CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે

C 10.2 મુદ્રણ (પ્રિન્ટ) સભાનતા વિકસાવે છે અને મૂળભૂત વિરામ ચિહ્નોને ઓળખે છે.

10.2.1 સાદા વિરામ ચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે છે. (પૂર્ણ વિરામ, પ્રશ્નાર્થ ચિહ્ન)

C 10.3 વર્ણમાળાનાં બધાં અક્ષરો અને માત્રાઓ ઓળખે છે અને વાંચવા અને લખવા માટે તેનો ઉપયોગ કરે છે.

10.3.1 જોડાક્ષર સહીત તમામ અક્ષરોની ઓળખે છે અને તેમને અનુરૂપ ધ્વનિ સાથે જોડે છે.

10.3.2 વિવિધ અક્ષરોથી બનતા સાર્થક અને અર્થવિહીન શબ્દોને ચોકસાઈથી વાંચે છે.

C 10.4 યોગ્ય ઝડપ અને આરોહ-અવરોહ સાથે ચોકસાઈપૂર્વક અને પ્રવાહિતા સાથે પ્રથમ ભાષાની વાર્તાઓ અને ફકરાં વાંચે છે.

10.4.1 નાના ફકરાઓ શુદ્ધ ઉચ્ચારણ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે વાંચે છે.

C 10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને પોતાની રીતે પાત્રો, વાર્તાનું કથાવસ્તુ અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખીને તેનો અર્થ સમજે છે.

10.5.1 દ્રશ્ય સામગ્રી કરતા વધુ પાઠ્ય સામગ્રીવાળાં (લખાણવાળા) પુસ્તકોને સ્વતંત્ર રીતે વાંચવાનું શરૂ કરે છે.

10.5.2 વાર્તા વાંચીને વાર્તાના પાત્રો, કથાવસ્તુ, ઘટનાક્રમ અને લેખકના દૃષ્ટિકોણને ઓળખે છે.

C 10.6 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરે છે.

10.6.1 ટૂંકી કવિતાઓ વાંચે છે અને કલ્પનાનું અનુમાન કરે છે.

C 10.7 ટૂંકા સમાચાર, સૂચનાઓ અને પ્રચાર સામગ્રી વાંચે છે તેમજ તેનો અર્થ સમજે છે.

10.7.1 ટૂંકા સમાચાર અને પ્રચારપત્રિકાઓ વાંચે છે અને તેનું વિષયવસ્તુ સમજાવે છે.

C 10.8 પોતાની સમજણ અને અનભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે.

10.8.1 જ્યારે લખાવવામાં આવે ત્યારે ટૂંકા વાક્યો લખે છે. (શ્રુતલેખન)

10.8.2 ચિત્રોને ક્રમમાં ગોઠવે છે અને ચોકસાઈથી ચિત્રો સાથે ટૂંકા વાક્યો લખે છે.

10.8.3 ચિત્ર પુસ્તક પરથી અનુમાન કરીને વાર્તા લખે છે.

10.8.4 ઘટનાઓ અને અનુભવોને લેખિત સ્વરૂપે ટૂંકમાં વર્ણવે છે.

C 10.9 બાળસાહિત્યનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવે છે.

10.9.1 કાલ્પનિક અને વાસ્તવિક એમ બંને પ્રકારના પુસ્તકો વાંચવામાં રસ દર્શાવે છે.

10.9.2 શાળા પુસ્તકાલયનાં પુસ્તકોની મરામત કરે છે અને વ્યવસ્થિત રીતે ગોઠવે છે.

# કેવી રીતે?

૧. ગીતડું/ગીતિકા/ગીત

- ગીતનું પઠન કરાવો.
- પઠન કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં/જોડીમાં/જાતે કેવા રાગે ગાઈશું, તે પૂછો – નક્કી કરવા દો.
- કોઈ એક રાગ નક્કી થાય પછી તમે ગીતનું ગાન કરો.
- તેની એક-એક પંક્તિનું ઝીલગાન કરાવો.
- બરાબર ઝીલતાં આવડી જાય પછી સમૂહગાન કરાવો.
- ગીતનો શક્ય હોય તો અભિનય કરાવો (દરેક ગીતમાં અપેક્ષિત નથી.)
- આવાં ગીતો એકમ દરમિયાન સમયાંતરે ગવડાવતા રહો.

૨. વાતચીત

- એકમ દરમિયાન ક્યાંક ગીત કે ગીતડું, ચિત્ર કૅલેન્ડર, વાર્તા અને કોઈ ભાષા પ્રવૃત્તિ બાદ વાતચીત મૂકવામાં આવી છે.
- ચિત્ર/વાર્તા/કવિતા સાથે વાતચીતમાં આપેલા બધા પ્રશ્નો તમે એક વાર વાંચી જાઓ.
- વાતચીતમાં આપેલા પ્રશ્નો સ્થાનિક ભાષામાં (બાળકો સમજી શકે તે રીતે) પૂછો.
- ચિત્ર જોઈને કે વાર્તા/કવિતા સાંભળ્યા બાદ તરત જ બાળકો જાતે જ તેના વિશે વાતો કરવા માંડે તો છાપેલા પ્રશ્નો પૂછવાને બદલે તેમની વાતોમાંથી પ્રશ્નો પૂછો.
- તેઓ અટકી જાય તેવું લાગે કે તરત જ આ પ્રશ્નો પૂછી તેમને ફરી બોલતા કરો.
- આ પ્રશ્નો વાતચીત કરવાની ભાષામાં પૂછો.
- આપેલા પ્રશ્નો સિવાયના પેટા કે પૂરક પ્રશ્નો પૂછી શકો છો.
- વાતચીતમાં બાળકનો કોઈ જવાબ તમને ખોટો લાગે તો પણ બાળકને 'ખોટા'નું લેબલ ન લગાડો. બાળકને પૂછો કે તેમને એવો જવાબ કેમ લાગે છે.
- વાતચીતના પ્રશ્નો લખાવવાના નથી.
- વાતચીતના પ્રશ્નો આપેલ ક્રમમાં જ પૂછવાનો આગ્રહ ન રાખો.

૩. ચિત્ર કૅલેન્ડર

- વર્ગનાં તમામ બાળકો જોઈ શકે તે રીતે ચિત્ર કૅલેન્ડર લટકાવો.
- બધાંને તે ચિત્ર એક મિનિટ જેટલો સમય કંઈ પણ બોલ્યા વગર જોવા કહો.
- ચિત્ર કૅલેન્ડરના ચિત્ર આધારિત વાતચીત કરો.

૪. વાર્તા

- બાળકોની ચોપડી બંધ રખાવી વાર્તાનું ભાવવાહી પઠન કરો. (પઠન પહેલાં વાર્તા મોઢે **કહેવી** નહિ કે વીડિયો બતાવવા નહીં.)
- પહેલી વાર આ વાંચન કરી લો કે તરત જ તેના આધારે વાતચીત કરો.
- આ પછી વાર્તાના આધારે કોઈ કામ કરવાનું આવે એટલી વાર વાર્તા ફરી વાંચી સંભળાવો. બીજા ધોરણમાં બાળકો દ્વારા પણ વારાફરતી વાર્તાનું મુખરવાંચન કરાવો.
- બાળકોને તે વાર્તા કહેવા દો.

૫. શ્રુતલેખન

- શ્રુતલેખન કરાવતાં પહેલાં બાળકોને પેન્સિલ વગેરે હાથમાં રાખ્યા વગર તે તમામ શબ્દો અને વાક્યો મોટેથી યોગ્ય ગતિ સાથે વાંચી સંભળાવો.

- પહેલેથી સૂચના આપો કે તમે દરેક શબ્દ કે વાક્ય એક જ વાર બોલશો.
- શ્રુતલેખન કરાવતી વખતે શબ્દને શબ્દ તરીકે બોલો, અક્ષર છૂટા પાડીને ન જ બોલો. દા. ત. 'કો... ય... લ...' એ રીતે ન બોલો, 'કોયલ' એમ આખો શબ્દ સાથે બોલતા શિખવવો.
- એક વાર બોલ્યા બાદ એ લખાઈ રહે ત્યાં સુધી મૌન રહો. (બીજી કોઈ સૂચના વગેરે પણ ન આપો.)
- બાળકોનું શ્રુતલેખન વ્યક્તિગત ચકાસો. તેમાં રહેલી ભૂલો પ્રત્યે બાળકોનું ધ્યાન દોરો. જેમ કે, બાળક કોઈ અક્ષર ખોટો લખે છે, કોઈ અક્ષર વધારાનો લખે છે, કોઈક શબ્દ લખવાનું ચૂકી જાય છે, માત્રા કરવાની રહી જાય છે, ખોટી માત્રા લખે છે વગેરે. જોકે શરૂઆતમાં હ્રસ્વ ઇ કે ઉ અને દીર્ઘ ઈ કે ઊ ની માત્રાઓની સામાન્ય ભૂલો તરફ માત્ર નિર્દેશ કરો, એ ભૂલ સુધારવા માટે વધારાના વિશેષ પ્રયત્નોની જરૂર નથી. બાળક જેમ જેમ સાચા શબ્દો વાંચતું-જોતું જશે તેમ તેમ એ ભૂલ આપોઆપ સુધરતી જશે. પરંતુ બાળક જો 'એ' ને બદલે 'આ' કે 'ઓ'ની માત્રા, 'ઉ' ને બદલે 'ઈ' ની માત્રા વાપરે તો તે સુધારવા માટે પ્રયત્ન કરવો.

### ૬. ફરી યાદ કરીએ

- બધા પ્રશ્નો એક વાર વાંચી જાઓ.
- આ પ્રશ્નો મૂલ્યાંકનના નથી એટલે એને કોઈ ચોક્કસ જવાબની અપેક્ષા રાખીને પૂછો નહીં.
- તમે એક પ્રશ્ન પૂછો એ પછી જો વિદ્યાર્થીઓ જાતે જ અન્ય બાબતો વિશે પોતાનું અનુચિંતન (Reflection) કરવા માંડે તો એ વિશેના પ્રશ્નો પૂછો નહીં.

### ૭. જૂથકાર્ય

- આ પ્રકારની પ્રવૃત્તિ માટે વર્ગ સંખ્યા મુજબ નાનાં નાનાં ચાર કે તેથી વધુ જૂથ પાડો.
- જૂથમાં સોંપવાની પ્રવૃત્તિ પૈકી કોઈ એકનું નિદર્શન બધાં જૂથનાં એક-એક બાળકને વર્ગ સમક્ષ લાવી કરાવો.
- ત્યાર બાદ તેમને જૂથકાર્ય માટેનો ચોક્કસ સમય આપો. (જેમ કે ૧૦ મિનિટ/૧૫ મિનિટ)
- જૂથકાર્ય દરમિયાન બાળકોની વચ્ચે બેસી તેમને તેઓ જે કરતાં હોય તેના વિશે પ્રશ્નો પૂછતા રહો.
- સમાન બાળકોનું એક જ જૂથ વારંવાર ન બની જાય તેનો ખ્યાલ રાખો.
- જૂથકાર્ય પૂરું થાય ત્યારે તેમણે કરેલું કાર્ય બધા સમક્ષ રજૂ કરવા કહો. બીજા જૂથ તેમાં પોતાનાં સૂચનો આપે તેવું આયોજન કરો.

### ૮. જોડીકાર્ય

- જોડીકાર્ય માટે બે-બે બાળકોની જોડી બનાવવા કહો.
- જોડીમાં જે પ્રવૃત્તિ કરવાની હોય તેનું એક ઉદાહરણ કોઈ એક જોડીને વર્ગ સમક્ષ લાવીને આપો.
- જોડીકાર્યની પ્રવૃત્તિ માટે ચોક્કસ સમય આપો.
- જોડીકાર્યને વર્ગ સમક્ષ રજૂ કરાવો.

### ૯. વાંચીમાર

- આ રમતનો મુખ્ય હેતુ અક્ષર અને શબ્દવાંચનની ઓળખ માટેનો છે.
- જે તે એકમ અને અગાઉના એકમ આધારિત અક્ષરોની/શબ્દોની પસંદગી કરો.
- અક્ષરો અને શબ્દોના કાર્ડ બનાવો. (અક્ષરપેટીનો ઉપયોગ કરી શકો.)
- દરેક બાળકોને દેખાય તે રીતે કાર્ડને ઊભા મૂકો.
- વર્ગખંડના બાળકોનાં ત્રણ-ત્રણ કે ચાર-ચારનાં જૂથ બનાવો.
- દરેક જૂથમાંથી એક બાળકને દડો આપી તમે બોલો તે અક્ષર કે શબ્દ ઉપર દડો મારવા કહો.
- વિદ્યાર્થીને અક્ષર અથવા શબ્દ વાંચીને દડો મારવા કહો. દડો મારનાર જૂથના મિત્રોની મદદ લઈ શકે.
- આવી રીતે અલગ અલગ અક્ષરો અને શબ્દો બદલી રમત આગળ વધારો.

- જે જૂથ વધારે સાચી રીતે દડો મારી શકે તે જૂથને વિજેતા જાહેર કરો.

### ૧૦. અક્ષરથપ્પો

- અક્ષરની ઓળખ માટે આ રમત રમાડો.
- એકમ આધારિત તેમજ અગાઉ શીખેલા અક્ષરોના વધુમાં વધુ આઠ અક્ષરો લો.
- રમત શરુ કરતાં પહેલાં વિદ્યાર્થીઓને ફ્લેશકાર્ડ બતાવી ઓળખ કરાવો.
- બનાવેલાં ફ્લેશકાર્ડ વિદ્યાર્થીઓને પહેરાવી વર્ગખંડમાં અલગ અલગ જગ્યાએ ઊભા રાખો.
- વર્ગખંડના આઠ કે તેથી ઓછા વિદ્યાર્થીઓને રમત રમવા ઊભા કરો. બાકીના વિદ્યાર્થીઓ વર્ગમાં વચ્ચે બેસે અને રમત જુએ.
- ખંજરી કે ઘૂઘરો વગાડો એટલે એ આઠ વિદ્યાર્થીઓ વર્ગમાં ગોળગોળ ફરે.
- એક અક્ષર મોટા અવાજે બોલી વગાડવાનું બંધ કરો.
- વિદ્યાર્થીઓ તે અક્ષર સાંભળી તે અક્ષરના કાર્ડ તરફ ભેગા થાય.
- જે વિદ્યાર્થીને ઓળખવામાં તકલીફ પડે તેમને ધ્યાને લઈ ફરી રમત રમાડતા રહો.

### ૧૧. ગોતી લો...

- વિદ્યાર્થી અક્ષર ઓળખે છે કે નહિ, તે ચકાસવા માટે આ પ્રવૃત્તિ કરાવો.
- બોર્ડ ઉપર એક શબ્દનું ઉદાહરણ આપી વર્તુળ કરવાની સમજ આપો.
- કોઈ એક અક્ષર બધા વિદ્યાર્થી સાંભળી શકે તે રીતે બોલો.
- વિદ્યાર્થીઓને સંપુટમાં કે અન્ય વાંચન સામગ્રીમાં આપેલા શબ્દોમાંથી તે અક્ષર આવતો હોય તેવા શબ્દો શોધવા કહો.
- શબ્દમાંથી અક્ષર શોધી વર્તુળ કરવા કહો.
- શબ્દોમાંથી એક અક્ષર શોધી લીધા પછી અન્ય અક્ષર લો.
- આવી પ્રવૃત્તિ ફકરામાંથી અને વાક્યમાંથી પણ કરાવી શકો.
- બોર્ડ ઉપર લખીને તથા જુદાં જુદાં શબ્દકાર્ડ દ્વારા પણ આ પ્રવૃત્તિ કરાવી શકો.

### ૧૨. સૂનો, ઢૂંઢો, નિકાલો...

- અક્ષરની ઓળખ અને સમજ માટે આ પ્રવૃત્તિ કરાવો.
- આ પ્રવૃતિમાં સાંભળી, સમજી અને છેકવાની પ્રવૃત્તિ કરાવવાની છે.
- કોઈ અક્ષર મોટેથી બોલો.
- ત્યાર બાદ કેટલાક શબ્દો સંપુટમાં આપ્યા છે તે વાંચો.
- જે શબ્દમાં તમે બોલેલો અક્ષર સંભળાય તે શબ્દ વિદ્યાર્થીઓ છેકી નાખે તેવી તેમને સૂચના આપો.
- એક શબ્દ વાંચી સંભળાવ્યા બાદ અન્ય શબ્દોમાં પણ છેકવાની પ્રવૃત્તિ કરાવો.
- હવે, બીજા અક્ષરની પ્રવૃત્તિ પણ આજ રીતે કરાવો.

### ૧૩. કોણ ગુમ થયું?

- અક્ષર અને શબ્દ સાથે આ રમત રમાડો.
- વર્ગની સંખ્યા પ્રમાણે ચાર-ચાર કે પાંચ-પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવો.
- બોર્ડ ઉપર ચાર કે પાંચ શબ્દો લખો. થોડી વાર તે શબ્દો જોઈને વાંચવા કહો. (શબ્દકાર્ડ બનાવીને પણ આ રમત રમાડી શકો.)
- દરેક જૂથના તમામ વિદ્યાર્થીઓની આંખો બંધ કરાવી કોઈ એક શબ્દ ભૂંસી નાખો.
- પહેલા જૂથને 'કયો શબ્દ ગુમ થયો?' તે પૂછો. આવી રીતે અન્ય જૂથનો વારો લેવો.
- જે જૂથ સૌથી વધારે સાચા ઉત્તર આપે તે જૂથને વિજેતા જાહેર કરો.
- આવી રીતે વાક્યમાંથી એક શબ્દ કે ત્રણ-ચાર નાનાં વાક્યો લખી તેમાંથી એક વાક્ય ભૂંસીને પણ રમત રમાડી શકો.

X2S2J8

## અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાન નં. |
|---|---|---|
| ૬. | પંખીની દુનિયા | ૧ |
| ૭. | આ પણ આપણી સાથે રહે છે | ૧૭ |
| ૮. | બિલાડીની આંખો | ૩૬ |
| ૯. | ધીરે ધીરે વાંચજો | ૫૮ |
| ૧૦. | દરિયાની પાટીમાં ઘુઘવાટી | ૭૮ |

મહાવરા

| | | |
|---|---|---|
| ● | એકમ-૬ના વિશેષ મહાવરા માટે | ૯૭ |
| ● | એકમ-૭ના વિશેષ મહાવરા માટે | ૯૯ |
| ● | એકમ-૮ના વિશેષ મહાવરા માટે | ૧૦૧ |
| ● | એકમ-૯ના વિશેષ મહાવરા માટે | ૧૦૩ |
| ● | એકમ-૧૦ના વિશેષ મહાવરા માટે | ૧૦૫ |


### યાદ રાખીશું.



આ સંપુટમાં એકમ-૬થી ૧૦ ના અંતે વિદ્યાર્થીઓને સ્વમૂલ્યાંકન માટે તક આપવામાં આવી છે. વર્ગના વિદ્યાર્થીઓએ દરેક પ્રવૃત્તિ જે તે ક્રમમાં પૂરી કરી હોય તો તેઓ જાતે જ તે પ્રવૃત્તિ ક્રમ ઉપર ◯ કરે અને અધૂરી હોય તો ◡ કરે. જે વિદ્યાર્થીઓને તમામ પ્રવૃત્તિઓ પૂરી થઈ ગઈ હોય તેમને વિશેષ- જાતે કરી શકે તેવાં કામ સોંપો. જેમને બાકી રહી હોય તેવા વિદ્યાર્થીઓને તે અધૂરી પ્રવૃત્તિઓ પૂરી કરાવડાવો.

### એકમ-૬ની પૂર્વતૈયારી...

- પક્ષીનાં મહોરાં
- અક્ષરકાર્ડ
- સંગીતનાં સાધનો
- સામગ્રી બૉક્સના કાર્ડ
- પક્ષીની બોર્ડબુક
- સ્ટિક પપેટ
- ચિત્રકામની સામગ્રી
- લાર્જ સ્ટોરીબુક, ચિત્ર કૅલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ-પેન, નોટબુક, ચિત્રપોથી



# ૯. પંખીની દુનિયા

૧. ગીત ગાઈએ.

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન | 9.1.1, 9.1.2

## પંખીઓને ઓળખીએ




કલબલ કલબલ કરતી ને ઝાડે ઝાડે ફરતી,
સૌની નકલ કરતી, બોલો કોની આ વાત છે?
એ તો કાબરબાઈ છે, એ તો કાબરબાઈ છે...




રંગ ભૂરો, પીંછાં ઝાઝાં, માથે રાખે કલગી,
આંગણે આવી નૃત્ય કરે, એવી એની હસ્તી,
બોલો કોની આ વાત છે?
એ તો મોરભાઈ છે, એ તો મોરભાઈ છે...




શેરીમાં ઘૂમે છે, ને પરોઢિયે બોલે છે,
કૂકડેકૂક બોલે, બોલો કોની આ વાત છે?
એ તો કૂકડાભાઈ છે, એ તો કૂકડાભાઈ છે...





રંગે છે કાળી ને પંચમ સૂરે ગાય છે,
કુહૂકુહૂ બોલે, બોલો કોની આ વાત છે?
એ તો કોયલબાઈ છે, એ કોયલબાઈ છે...

- ગીતમાં ન આવતાં પક્ષીઓ ઓળખી બતાવો.

૨. 'હાથી તો બહુ ભારે!' ચિત્ર વિશે વાતચીત કરો. (ચિત્ર કૅલેન્ડરનો ઉપયોગ કરો.)

9.3.2, 9.3.3, 9.3.4, 9.6.1, 10.5.2, 10.8.3




## વાતચીત

- પચાસ સેકંડ કશું જ બોલ્યા વગર ચારેય ચિત્ર જુઓ.
- દરેક ચિત્રમાં એનાં એ જ પ્રાણીઓ છે? હા કે ના?
- બીજા ચિત્રમાં પાટિયા પર બેસેલાં પ્રાણીઓ પહેલા ચિત્રમાં ક્યાં હતાં?
- બીજા ચિત્રમાં રીંછ ક્યાં છે? ત્રીજામાં તે ક્યાં છે?
- ચોથા ચિત્રમાં બધાં પ્રાણીઓ પાટિયા પર કેમ ભેગાં થઈ ગયાં?
- પહેલા ચિત્રમાં હાથીની પૂંછડી જમીનને અડે છે, ચોથામાં કેમ અડતી નથી?
- આમાંથી કયા પ્રાણીનું મોઢું તમને સૌથી વધારે ગમ્યું?
- પંખી સૌથી ઉપર કેમ બેઠું હશે?
- તમે કીડીને/મંકોડાને ક્યાં બેસાડત?
- આ બધાં કઈ જગ્યાએ છે?
- કયા પ્રાણીની ઍક્શન તમને ગમી?
- આ ચિત્રો પરથી વાર્તા કહો : એક વખત એક...

  બધાં પ્રાણીઓ ભેગાં...

ગમતા પ્રાણી: .................... .................... ....................




9.3.1, 9.3.2, 9.3.3, 9.3.4, 10.5.1, 10.8.1

## આનંદી કાગડો



એક હતો કાગડો.

એક વાર રાજા કાગડા પર ગુસ્સે થઈ ગયા. ગુસ્સે થયેલા રાજાએ પોતાના માણસોને બોલાવ્યા અને હુકમ કર્યો, "જાઓ, આ કાગડાને ગામના કૂવાને કાંઠે કાદવ છે તેમાં ફેંકી આવો." કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે કાદવમાં ફેંકી દેવામાં આવ્યો. કાગડાભાઈ તો કાઉં કાઉં કરતા કાદવમાં પડ્યા પડ્યા આનંદથી ગાવા લાગ્યા :

**લપસણું કરતા શીખીએ છીએ ભાઈ,**
**લપસણું કરતા શીખીએ છીએ.**



રાજાના માણસો નવાઈ પામ્યા. તેમણે જઈને રાજાને કહ્યું, "ઓલો કાગડો તો ચક્રમ છે. આખા શરીરે કાદવકીચડ ચોંટી ગયેલો તો પણ ખૂબ ખુશ હતો.

રાજા ગુસ્સે થયા અને તેમણે બીજો હુકમ કર્યો, "જાઓ, નાખો આ કાગડાને કૂવામાં. ભલે એ પાણીમાં ડૂબી જાય."

રાજા અને તેના માણસોએ કાગડાને ઊંચકીને કૂવામાં ફેંકી દીધો. કાગડાભાઈ તો કૂવામાં પડ્યા પડ્યા ગાવા લાગ્યા :

**કૂવામાં તરતાં શીખીએ છીએ ભાઈ,**
**કૂવામાં તરતાં શીખીએ છીએ.**



રાજા કહે, "હવે તો કાગડાને આથી વધારે સજા કરવી જોઈએ."

પછી તેમણે કાગડાને કાંટામાં નાંખી દીધો પણ કાગડાભાઈ તો એના એ જ રહ્યા. તેમણે તો આનંદથી ગાવાનું શરૂ કર્યું :

ગમતા શબ્દો લખો :

કૂણા કાન વીંધાવીએ છીએ ભાઈ,
કૂણા કાન વીંધાવીએ છીએ.



રાજા કહે, "આ કાગડો તો ભાઈ ભારે જબરો છે! એને ગમે તે તકલીફમાં નાખો પણ એને કંઈ દુઃખ થતું જ નથી. ચાલો, એનાથી ઊલટું કરી જોઈએ. મજા પડે એવા ઠેકાણે નાખીએ એટલે એ દુઃખી થઈ જશે."

કાગડાભાઈને આંબાની ડાળે કોયલની બાજુમાં બેસાડ્યો. કાગડાભાઈને તો તે પણ સવળું પડ્યું. એતો ગાવા લાગ્યા :

કોયલના ટહુકા સાંભળીએ છીએ ભાઈ,
કોયલના ટહુકા સાંભળીએ છીએ.

રાજાએ તેને ખીર ખવડાવી જોઈ. કાગડાભાઈ તો ગાવા લાગ્યા :

મીઠી ખીર ખાઈએ છીએ ભાઈ,
મીઠી ખીર ખાઈએ છીએ.

રાજાએ કાગડાને દુઃખી કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ દુઃખી થાય તે બીજા. છેવટે થાકીને રાજાએ હુકમ કર્યો, "આ કાગડો કોઈ રીતે દુઃખી થાય તેમ લાગતું નથી. જાઓ, તેને છાપરા પર ફેંકી દો. છાપરા પર બેઠાં બેઠાં કાગડાએ તો ગાયું કે,
"હવે અમે રાજમહેલ જોઈએ છીએ ભાઈ,
હવે અમે રાજમહેલ જોઈએ છીએ."



ગમતા શબ્દો લખો :

કાગડો આનંદથી 'કા...કા...કા...' કરતો ઊડી ગયો. રાજા તો જોતો જ રહ્યો.



- ગિજુભાઈ બધેકા

## વાતચીત

- તમને વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી?
- કાગડાને રાજાએ કઈ કઈ તકલીફો આપી?
- કાગડાને મજા કરાવવા રાજાએ શું શું કર્યું?
- કાગડો ક્યારે દુ:ખી થયો? ક્યારે ન થયો?
- આ કાગડાને આનંદી કહેવાય? શું કામ?
- આપણા વર્ગમાં આનંદી કોણ છે?
- તમને કેવી તકલીફ પડે ત્યારે તમે રડો છો?
- તમને રાજા જેવું થવું ગમે કે કાગડા જેવું?
- ચિત્રો જોઈ વાર્તા ઘરે કહો. 10.8.3

**૪. જો સાચું હોય તો ઊડવાનો અભિનય કરો, ખોટું હોય તો કા કા કા બોલો.** 9.4.1, 10.5.2

૧. કાગડો અને કોયલ એક જ ડાળ પર બેઠાં હતાં.

૨. કાગડો કૂવામાં લપસતાં શીખ્યો.

૩. કાગડાને કઢી પીવાની મજા આવી.

૪. કાગડાએ રાજાને કાદવમાં ફેંકાવ્યો.

૫. આનંદી કાગડાને જોઈ રાજાને આનંદ થયો નહીં.

૫. રંગીન શબ્દના અર્થ બાજુમાં આપેલા શબ્દોમાંથી ધારો. સાચા લાગતા અર્થ નીચે લીટી કરો.

9.6.1, 9.7.1

| | |
|---|---|
| ૧. રાજાને કાગડો **ચક્રમ** લાગ્યો. | ગાંડા જેવો/હોશિયાર |
| ૨. રડવાને બદલે કાગડો તો **ઊલટું** ગાવા લાગ્યો. | ઊલટી/ઊંધું હોય તેવું |
| ૩. રાજાના માણસોએ કાગડાને **તકલીફ** આપી. | દુઃખ/સવળું |
| ૪. કાગડો દરેક વાતે **આનંદ**માં રહેતો. | મજા/આરામ |

- સામગ્રી બૉક્સમાંથી બાળકોને વાર્તાકાર્ડ આપો. તેઓ જૂથમાં બેસી તે ચિત્રોને આધારે વાર્તા બનાવી કહશે.

૬. વાર્તાના આધારે જવાબ લખો. 10.5.2, 10.8.1

૧. કાન વીંધાવતો કાગડો રાજાને કેવો લાગ્યો? ..................

૨. કાગડાને શું મીઠું લાગ્યું? ..................

૩. કાગડાને રાજમહેલ ક્યાંથી દેખાયો હતો? ..................

૪. કાગડો કેવો હતો? ..................

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૭. ગોઠવો અને ગાઓ.

10.2.1, 10.8.1

એક આડાઅવળી થઈ ગયેલી લીટી બોર્ડ પર લખો. મોટેથી વાંચો. તેના શબ્દો ગોઠવી ફરી વાંચો. બાળકોને જૂથમાં બેસી આ લીટીના શબ્દો ગોઠવી લખવા કહો. ત્યાર બાદ વારાફરતી તે લીટી ગાવા કહો.

છીએ લપસણું શીખીએ કરતાં. ..................

વીંધાવીએ છીએ કાન. ..................

સાંભળીએ છીએ ટહુકા. ..................

કૂવામાં છીએ તરતા શીખીએ. ..................

છીએ ખાઈએ મીઠી ખીર. ..................

## ૮. કાગડો આવું ક્યારે ગાય?

9.1.1, 9.1.2, 10.8.1

વિદ્યાર્થીઓને ફરી એક વાર વાર્તા વાંચી સંભળાવો. વાર્તામાં કાગડાભાઈએ જે ગીતો ગાયાં છે તેને બંધબેસતી પંક્તિઓ નીચે આપેલ છે. આ પંક્તિઓ વાર્તામાં યોગ્ય જગ્યાએ લખવાનું જૂથકાર્ય આપો.

- રાજા, તારો બંગલો મોટો,
  લાવ મોબાઈલ, પાડું ફોટો.
- કૂવો તો મારો સ્વિમિંગ-પૂલ,
  આ તો છે તરવાની સ્કૂલ.
- મીઠી મીઠી ખીર ખાએંગે,
  મીઠે મીઠે ગીત ગાએંગે.
- મીઠી કૂક સુનાતી કોયલરાની,
  મધુર ગીત ગાતી કોયલરાની.
- નહિ ચુભેગા, નહિ ચુભેગા
  કોઈ કાંટા નહિ ચુભેગા.

## ૯. જોડકાં જોડી ◯ એક સરખો રંગ પૂરો. 


9.5.1, 10.5.2

આનંદી કાગડાની જગ્યાએ ફરિયાદી કાગડો હોય તો શું કહે?

| આનંદી કાગડો | શું કરીએ ત્યારે? | ફરિયાદી કાગડો |
|---|---|---|
| ◯ મજા પડશે | ◯ કાંટામાં નાખીએ તો | ◯ ડૂબી જઈશ |
| ◯ તરતાં આવડી જશે | ◯ કાદવમાં નાખીએ તો | ◯ કાંટા વાગી જશે |
| ◯ કાન વીંધાવીશ | ◯ ખીર ખવડાવીએ તો | ◯ ઘસી ઘસીને નહાવું પડશે. |
| ◯ રાજમહેલ જોઈશ | ◯ છાપરા ઉપર ફેંકીએ તો | ◯ હાડકાં ભાંગશે |
| ◯ લપસણું કરીશ | ◯ કૂવામાં નાખીએ તો | ◯ ઊલટી થશે |

## ૧૦. આ પક્ષીઓ વિશે તમારે શું જાણવું છે? તમારા શિક્ષકને પ્રશ્નો પૂછો.

9.3.1, 9.3.2, 9.3.3



જેમ કે :

૧. ફૂલસૂંઘણીની ચાંચ પોપટની ચાંચથી જુદી કેમ છે?

૨. સુરખાબના પગ આટલા લાંબા કેમ?


૩. બે ફૂલસૂંઘણી જુદા રંગની કેમ છે?

## ૧૧. પક્ષીઓનાં નામની યાદી બનાવો. 10.5.1

પક્ષીઓની બોર્ડબુક નં. ૫ જોવા માટે આપો. તેમાં રહેલાં પક્ષીઓનાં નામ બોર્ડ પર લખો. વિદ્યાર્થીઓને તે નામનો પરિચય કરાવી તેમાંથી ગમતાં કોઈ પણ બાર નામ લખવા કહો. બાળકોએ પોતાના નોટબુકમાં લખેલાં પક્ષીઓનાં નામ શા માટે પસંદ કર્યાં તેના વિશે વર્ગ સમક્ષ વાત કરવા માટે કહો.

## ૧૨. આંચાકાનાજી રમો. 9.4.1

• શિક્ષકની મદદથી બનાવો.




સળીની મદદથી સ્ટિક પપેટ બનાવો. વિદ્યાર્થીઓ બે-બેની જોડીમાં પક્ષી, પ્રાણી, ફળ, વાહન, જીવજંતુ બનાવે તે માટે સામગ્રી પૂરી પાડો. પોતે બનાવેલ પપેટની વાત વર્ગ સમક્ષ રજૂ કરે તેવી સમજ આપો.

## ૧૩. ગાઓ.

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન કરાવો. જોડીમાં બેસી ગીતમાં આવતા સરખા લાગતા ઉચ્ચારવાળા શબ્દો ઉદાહરણ મુજબ લખવા કહો.

9.1.1, 9.3.1, 9.3.2, 9.3.3, 9.3.4, 9.4.1, 10.6.1



| ગીત | | |
|---|---|---|
| ભારે ચતુર કાગડાની જાત<br>સાંભળો બાળક એની વાત. | જાત | વાત |
| એક વાર તે તરસ્યો થયો,<br>આજુબાજુ જોતો ગયો. | | |
| પાણી ક્યાંયે ન દેખાય,<br>તેથી તેનો જીવ મૂંઝાય. | | |
| તપાસ કરતાં કૂંજો દીઠો,<br>તે પર જલદી જઈ બેઠો. | દીઠો | |
| પાણી હતું થોડું તળિયે,<br>ચાંચ બૂડે ન કેમ કરીએ! | | |
| કંકર નાખ્યા કૂંજા અંદર,<br>પીધું પાણી આવ્યું ઉપર. | | |

## વાતચીત

- આ ગીત પરથી કઈ વાર્તા યાદ આવી?
- કાગડાએ શું ન કર્યું હોત તો તે તરસ્યો રહી જાત?
- આ કાગડો તમને કેવો લાગ્યો?
- તરસ લાગે ત્યારે તમે શું કરો છો?
- તમે જંગલમાં હો ને પાણી પીવા વાસણ ન હોય, તો કેવી રીતે પાણી પીઓ?
- શાળામાં પાણી ન હોય તો તમે શું કરો?
- તમારે ક્રિકેટ રમવું હોય પણ બૅટ/બૉલ/સ્ટમ્પ્સ ન હોય તો તમે શું કરો?
- રમવા માટે દડાને બદલે શાનો શાનો ઉપયોગ કરી શકાય?




9.4.1, 10.5.2

- [ ] કાગડાને પાણી પીવું જ હતું.
- [ ] પાણી સુધી ચાંચ પહોંચતી નહોતી.
- [ ] તેણે એક વાસણ જોયું.
- [ ] નાના નાના પથરા નાખ્યા.
- [ ] તરસ્યો કાગડો હવે તરસ્યો નહોતો.

- 'વાંચીમાર' રમત રમો. 10.6.1

- **સરખા લાગતા ઉચ્ચારવાળા શબ્દોના કાર્ડ બનાવી તેના શબ્દપત્તાં પર દડો મારવાની રમત રમાડો.**

**દા.ત.** મોટો | ફોટો | અગડમ્ | બગડમ્

૧૫. જોડીમાં બેસો. એકબીજાને વાંચી સંભળાવો, ઓળખો, લખો. 9.1.2, 9.4.1

- ઘૂ ઘૂ બોલું છું,
  ભલુંભોળું પંખી છું.
  ચણ ચણવા ચબૂતરે જાઉં,
  બોલો બેન, હું કોણ છું?

- હાઉ હાઉ કરું છું,
  ચોકીફેરો ભરું છું,
  બિલ્લીને ડરાવું છું,
  બોલો ભાઈ, હું કોણ છું?

- ચૂં ચૂં ચૂં ચૂં કરું છું,
  ઘરમાં બધે ફરું છું,
  કાગળ-કપડાં કાપું છું,
  બોલો બોલો, હું કોણ છું?

- ખાય તીખું બોલે મીઠું,
  એવું મેં તો કૌતુક દીઠું,
  ચાંચ લાલ, પાંખ લીલી,
  બોલો સૌ, હું કોણ છું?




૧૬. ગાતાં ગાતાં વાંચો. 9.1.1, 9.1.2, 9.2.1

અગડમ્ બોલે, બગડમ્ બોલે
ખેતર પાળે તેતર બોલે.
વાડે બેઠો હોલો બોલે,
માડી પાછળ ભઈલો બોલે.

શાહમૃગ છે પંખી મોટું,
પણ ઊડવાનું ન જાણે.
ફાળ ભરતું ભાગી જાતું,
પછી એને પકડું શાને?

બાગમાં બગલી
ડોક ડોલાવે
નીર ઝુલાવે
તીર તળાવે.



આંબે કૂજન
કૂ કૂ કરતી
જંગલ ભરતી
કોયલ ફરતી.




લીલો લટપટ
લબીલબી ચાલે,
સરોવરની પાળે
પાંખો પલાળે.



• ચિત્ર જોઈને જોડકણાં બનાવો. 9.2.1



• જોડકણું આગળ વધારો.

| | |
|---|---|
| લીલું લીલું, ઘાસ છે લીલું. |  |
| પીળું પીળું, લીંબું છે પીળું. |  |
| કાળો કાળો, ________ છે કાળો. |  |
| ધોળો ધોળો, ________ છે ધોળો. |  |
| લીલું લીલું, ________ છે ________ |  |
| ________ છે લાલ. |  |
| ________ |  |

૧૭. મારું છાપું : 10.4.1, 10.7.1

# પંખીલોક

### આપણા પાંખાળા મિત્રો

આપણે જ્યાં હોઈએ, પક્ષીઓ આપણી સાથે જ હોય છે. તેમનો અવાજ આપણને રોજેરોજ સાંભળવા મળે. કાળી કોયલનો ગમતો અવાજ હોય કે કાગડાનો કાકાકા!

સવાર પડતાં જ કૂકડેકૂક કરતો કૂકડો જોવા મળે છે. તેની રંગબેરંગી કલગી તમે જોઈ હશે. કળા કરી નાચતો મોર પણ જોયો હશે. તળાવ કે નદીએ જાઓ ત્યાં તમને બગલો જોવા મળશે. પાણીમાં ડૂબકી મારતી જળકૂકડી પણ ત્યાં જ મળે.

ટોળામાં રહી કલબલાટ કરતી ચકલીઓ કાબરો કે લેલાં તો તમારા આંગણામાં જ હશે. આંગણામાં કબૂતર પણ જોવા મળી જશે.

સમડી ઊંચે આકાશમાં ઊડતી જોવા મળે. તો વળી ઝાડના થડ પર લક્કડખોદ ટકટક કરતું જોયું હશે. ઘુવડ અને ચીબરી તમને રાત્રે જ જોવા મળે.

આ સૌ જે બે પાંખોવાળાં છે એ આપણા - બે પગવાળાના મિત્રો છે.

- લેખક


રશ્મિન કાગ, ધોરણ-૨

વિદ્યામંદિર પ્રાથમિક શાળા, મયુરપુર.



- તમને કયું પંખી ગમે? કેમ? અમને અમારા સરનામે લખીને મોકલો. તમારો પંખી વિશેનો લેખ અમે આવતા અંકે પંખીલોકમાં છાપીશું.

| | | | |
|---|---|---|---|
| ખૂબ ઊંચે ઊડતાં | | કલગીવાળાં | |
| લાંબી ચાંચવાળાં | | લાંબાં પીંછાંવાળાં | |
| ઓછી ઊંચાઈએ ઊડી શકતાં | | મધુર અવાજવાળાં | |
| એકથી વધુ રંગોવાળાં | | પાણીમાં રહેતાં | |
| રાત્રે જોવા મળતાં | | ફકરામાં ન હોય તેવાં | |
| | | | |



## ૧૮. શ્રુતલેખન

10.8.1

'એકમ-૭' માંથી વંદા વિશેના પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________



## ૧૯. સૂચના મુજબ ચિત્રો દોરો અને રંગ પૂરો.

વિદ્યાર્થીઓને નીચેની સૂચનાઓ વારાફરતી વાંચી સંભળાવો અને તેઓ તે મુજબ નીચેનું ચિત્ર પૂરું કરવા કહો. ત્યાર બાદ તેમને ચિત્ર વિશે બોલવા કહો.


9.4.1, 10.4.1, 10.9.1

૧. ડુંગરની ટોચ પર થાંભલો દોરો.

૨. ઝાડની બે ડાળી વચ્ચે સૂરજ દોરો.

૩. સૂરજની જમણી બાજુની ડાળી પર તારા દોરો.

૪. સૂરજની ડાબી બાજુની ડાળી પર કેરીઓ દોરો.
૫. મોટા વાદળમાં હોડી દોરો.
૬. નાના વાદળમાં માછલી દોરો.
૭. થાંભલા પર તિરંગો દોરો.
૮. પાણી પર તરતાં બે પતંગિયાં દોરો.
૯. થડમાં બે આંખો અને એક નાક દોરો.
૧૦. પેઈન્ટર તરીકે તમારું નામ નદીના પાણી પર લખો.



દોરો :

● અર્લીરીડર નં. ૧૫ 'નિઃસ્વાર્થ મિત્રતા' વાંચવા કહો. (માત્ર વાંચન)

## ૨૦. હસહસાટ



કંજૂસ બાપે પોતાના છોકરાંને : મારું સ્વપ્ન છે કે તું મોટો થઈ વકીલ બને.
છોકરો : કેમ પપ્પા?
કંજૂસ બાપ : કારણ કે મારો કાળો કોટ તારે પહેરવામાં કામ આવેને?

ચકાએ મકાને કહ્યું : મને તારી સાઇકલ આજનો દિવસ ફેરવવા આપ.
મકો : ના, આજે હું નહિ આપી શકું.
ચકો : તો મારું મન ખાટું થઈ જશે.
મકો : એમાં થોડી ખાંડ નાખી શરબત બનાવી લેજે.

## ૨૧. ફરી યાદ કરીએ



(૧) ચીચવા પર હાથી ઊંચો કેવી રીતે થયો?
(૨) તમે શું કરો તો આનંદી કહેવાઓ?
(૩) પક્ષીઓ વિશે તમે 'મને' કયા કયા પ્રશ્નો પૂછેલા?
(૪) તરસ્યા કાગડાની કવિતાની પ્રવૃત્તિનો નંબર કયો?
(૫) ચિત્રમાં શું શું દોરતી વખતે હસવું આવતું હતું?




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |

### એકમ-૭ની પૂર્વતૈયારી...



- પતંગિયાં-જીવજંતુનાં મહોરાં
- અક્ષરકાર્ડ
- સંગીતનાં સાધનો
- જીવજંતુની બોર્ડબુક
- ચિત્રકામની સામગ્રી
- લાર્જ સ્ટોરીબુક, ચિત્ર કેલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ-પેન, નોટબુક, ચિત્રપોથી



શિક્ષકની સહી : ............................ વાલીની સહી : ............................

તારીખ : ............................ તારીખ : ............................

# આટલું શીખી લઈએ

શંકર અને ઉમિયાને બે દીકરા હતા. એકનું નામ કાર્તિકેય અને બીજાનું નામ ગણેશ. બે ભાઈઓમાં ગણેશ દુંદાળા હતા. નાના-નાના પગ અને મોટું-મોટું માથું. કાર્તિકેય તો હરણની ફાળે દોડે પણ ગણેશ એટલું દોડી શકે નહીં. ગણેશનું પેટ ગાગર જેવું, જેના કારણે દોડવાનું કે કૂદવાનું તેમને ફાવે નહિ, પણ ગણેશ બહુ બુદ્ધિશાળી હતા.

- ફકરામાં આવતાં નામ નીચે લીટી કરો.
- ફકરાના આધારે વાક્યમાં ખાલી જગ્યા પૂરો.

- ગણેશ (મોટા પેટવાળા) ........................ હતા.
- કાર્તિકેય (ઝડપથી) ........................ દોડી શકતા હતા.
- ગણેશજીનું પેટ (મોટા પોલા વાસણ) ........................ જેવું હતું.
- ગણેશજી બહુ (જ્ઞાનવાન) ........................ હતા.

- આપેલા શબ્દો સાચા કરવા માટે ફકરો વાંચો, લખો.

| | | | |
|---|---|---|---|
| દકર ................ | કાતકય ................ | દદળ ................ | મથ ................ |
| ગગર ................ | શકર ................ | ગણશ ................ | બદ્ધશળ ................ |

- વાક્યના ખોટા શબ્દ પર છેકો મારી વાંચો.

- નાળિયેરી પર લીંબુ/નાળિયેર/જમરૂખ આવે છે.
- પંખી આંખો/પાંખો/પગ વડે આકાશમાં ઊડે છે.
- મારા દાદા આંખમાં નંબર હોવાથી ચશ્માં/મીણબત્તી/ટોર્ચ દ્વારા વાંચે છે.
- કૂકડેકૂક બોલતા કૂકડાને ચાર/ત્રણ/બે પગ હોય છે.

- અલગ પડતો શબ્દ શોધી તે અને તેના જેવો બીજો શબ્દ લખો.

ઉદાહરણ : દીકરો, દીકરી, ફોઈ, ભેંસ, માસી ...ભેંસ... ...બકરી...

- સુગરી, ચકલી, કોયલ, સમડી, કૂતરો ................ ................
- લાલ, પીળું, લાડુ, કેસરી, કાળું ................ ................
- રવિ, સોમ, મંગળ, માર્ચ, શનિ ................ ................

- કૌંસમાં આપેલ શબ્દ પરથી વાક્ય વધારો.

ઉદાહરણ : એક ઝાડ હતું. (ઘટાદાર) ...એક ઘટાદાર ઝાડ હતું....

ગમતા શબ્દો લખો : ................ ................ ................

- તળાવમાં કાચબો રહેતો હતો. (લપલપિયો)
- રમેશ મારો ભાઈ છે. (મોટો)
- રાજા રાત્રે ફરવા નીકળ્યા. (અંધારી)
- અમે કેરીનો રસ પીધો. (રસદાર)

**ખોટા શબ્દ પર છેકો મારો.**

ઉદાહરણ : મહેશ હોશિયાર વિદ્યાર્થી હતો/~~હતી~~.

- મને મારો ભાઈ દવાખાને/દખાવાને લઈ ગયો.
- દરિયો જળથી ભરેલો/ભરેલી છે.
- જાડો હાથી ધીમે ધીમે ચાલી/ચાલે છે.
- વંદો શાળાએ ગયો/ગઈ.
- બતકની/નો ડોક લાંબી છે.

**મને ઓળખી મારું નામ લખો.**

- બે બાજુ બે ચામડાં, વચ્ચે પોલંપોલ,
  દાંડી માર્યે ઢમઢમ બોલે, એનો ભેદ તું ખોલ. (લઢો)
- હવા કરતાં હલકો છું, રંગે બહુ રૂપાળો છું;
  થોડું ખાઉં તો ધરાઈ જાઉં, ઝાઝું ખાઉં તો ફાટી જાઉં. (ગ્ગોફુ)

**કોઠામાંથી સરખા લાગતા અર્થવાળા શબ્દો શોધી ◯ કરો અને લખો.**

| | | |
|---|---|---|
| દિ | વ | સ |
| મ | જા | નો |
| ઈ | મા | તા |
| ના | ર | ભી |
| મ | રા | ખ |

- મૈયા માતા
- ભિક્ષા
- સરપાવ
- ભભૂત
- દહાડો

**આપેલા ત્રણ શબ્દો પરથી વાક્ય બનાવો.**

ઉદાહરણ : મગન - મિત્ર - પાકો. મગન મારો પાકો મિત્ર છે.

- માનસરોવર - રૂપાળા - હંસ
- ચોમાસું - વાદળ - વરસાદ
- મેદાન - કાબર - કલબલ

શોધો : રબકા ચકાબો :

# ૭. આ પણ આપણી સાથે રહે છે

પલાંઠી વાળીને ટટ્ટાર બેસો. તમારા બંને હાથના અંગૂઠાથી કાન બંધ કરો. આંગળીઓથી બંને આંખો બંધ કરી ભમરા જેવો અવાજ કરો.

૧. ગાઈએ. પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન 9.1.2

### કોઈ બોલશો નહિ


અરે! કોઈ બોલશો નહિ,
કોઈ ચાલશો નહિ,
આમ કે તેમ કોઈ
હાલશો નહિ,
નહીંતર પતંગિયું ઊડી જશે… (૨)
પીળી શી પાંખવાળું
હજાર આંખવાળું
ફૂલોની ગાદી પર
જંપીને બેઠેલું …
પીળું પતંગિયું ઊડી જશે.
અરે! કોઈ બોલશો નહિ,
કોઈ દોડશો નહિ,
મઘમઘતાં ફૂલડાંને
અડશો નહિ,
નહીંતર પતંગિયું ઊડી જશે…
પીળું પતંગિયું ઊડી જશે.
ફૂલે ફૂલે ભમતું
આનંદથી રમતું,
આનંદથી રમતું ને,
બધાંયને ગમતું,
પીળું પતંગિયું ઊડી જશે…

વર્ગમાં રહેલ બોર્ડબુક નં. ૧૨ 'જીવજંતુ' વાંચવા આપો. 10.5.1

## ૨. ક્યાં છે? શોધો. નંબર આપો.

10.8.2

(૧) પતંગિયું (૨) વંદો (૩) માખી (૪) ઇયળ (૫) મંકોડો
(૬) મચ્છર (૭) કંસારી (૮) કીડી (૯) કરોળિયો (૧૦) અળસિયું




વાતચીત 9.3.2, 9.3.4

- તમે ઘરમાં જીવડાં જોયાં છે? તે ક્યાં ક્યાં રહે છે?
- આ જીવડાં જોતાંવેંત તરત તમે શું કરો/કહો?
- તમારા ઘરમાં કોણ જીવડાંથી સૌથી વધુ બીવે છે?
- ઘરમાં જીવડાં હોય તો તમને ગમે? કેમ?
- તમે જીવડું હો તો તમને ક્યાં રહેવું ગમે?
- તમને કયું જીવજંતુ જોઈ ડર/બીક લાગે?
- કોઈ પણ બે જીવડાંનો અવાજ કાઢો.
- ચિત્રમાંથી જે જીવડું તમને ન ગમતું હોય તેના પર × કરો. જરાય ન ગમતું હોય ×× કરો.
- તમારા ઘરમાં ન રહેતાં હોય તેવાં બીજાં જીવજંતુનાં નામ કહો.
- ચિત્રમાં ન હોય તેવું એક જીવડું ચિત્રમાં દોરો.



## ૩. 'વાંચીમાર' રમત રમો.

અગાઉ શીખેલા ત્ર, રૂ, જ્ઞ, ક્ષ વાળા શબ્દકાર્ડ લેવાં.

9.4.1, 10.3.2

'વાંચીમાર' રમત જુદી રીતે રમાડો.
આપેલ શબ્દોને જમીન પર (મેદાનમાં) એક વર્તુળમાં લખો. ત્યાર બાદ બાકીના વિદ્યાર્થીઓના જૂથમાંથી જે શબ્દ કહેવામાં આવે તેના પર કાપડથી બનાવેલ દડાથી મારવા કહો.

રાક્ષસ
ત્રાજવું
રૂપિયો
ક્ષિતિજ
મિત્ર
અજ્ઞાની
છત્રી
મશરૂમ
રૂમાલ
વિજ્ઞાન



## ૪. વાંચો, લખો.

10.4.1, 10.8.1

- બધાં વાક્યોનું ઝીલવાંચન કરાવો.
- બધાં વિદ્યાર્થીઓને બધાં વાક્યોનું મૂકવાંચન કરવા કહો.
- કોઈ પણ બે વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧. પાંદડા પર દોડતી ઇયળ લપસી પડી.
૨. મચ્છરે ડંખ મારતા ફુગ્ગો ફૂટી ગયો.
૩. પતંગિયું પેન્સિલ લઈ ચિત્ર દોરવા લાગ્યું.
૪. વંદાએ ઘરમાં વાતો કરતી ગરોળીઓને ખખડાવી.
૫. ઊધઈએ લાકડા અને કાગળ સાથે કિટ્ટા કરી દીધી.
૬. કીડીઓએ ખાંડ ન ખાવાની બાધા લીધી.
૭. ઊડવાની હરીફાઈમાં ભમરાએ વિમાનને પાછળ પાડી દીધું.
૮. મચ્છરે ગરોળીને ડંખ માર્યો.
૯. કીડીઓએ વંદાની સ્મશાનયાત્રા કાઢી.

ષ ષ ષ

૫. ચિત્ર જુઓ. વાક્ય વાંચો. સાચું હોય તો ખાનામાં ◯ દોરો, ખોટું હોય તો △ દોરો. 10.5.2



૧. વંદાને છ પગ હોય છે. [ ]
૨. વંદો ખૂબ જ ધીમેથી દોડે છે. [ ]
૩. વંદો અંધારાવાળી જગ્યામાં રહે છે. [ ]
૪. વંદા કદમાં એક વેંત જેટલા મોટા હોય છે. [ ]
૫. વંદાને બે મૂછ હોય છે. [ ]
૬. વંદો બધાને ગમતો હોય છે. [ ]

## ૬. સાંભળો, વાંચો, જાણો.

પઠન, ઝીલવાંચન, સામૂહિક વાંચન, વ્યક્તિગત વાંચન

10.5.1, 10.9.1

### વંદો

ઘરમાં દોડાદોડ કરતા વંદાભાઈને તો તમે જોયા જ હશે! એમના માથે બે લાંબી મૂછ જોઈ છે? આપણા ઘરમાં જ્યાં ભીની જગ્યા ત્યાં એમનું ઘર. રસોડામાં કે અનાજ ભર્યું હોય તેવા ભંડારમાં પણ તે રહે છે. વંદાના મોં પર બે અને કપાળમાં ત્રણ આંખો હોય છે. આપણે નાકથી સૂંઘીએ, હાથથી અડીએ, મોંથી વાતો કરીએ. વંદો આવાં બધાં કામ દોરા જેવી મૂછથી કરે. ખોરાક શોધવા માટે, શિકારીને દૂર રાખવા માટે વંદો મૂછ હલાવે છે. એની છાતી ખૂબ જ મજબૂત. તેમાંથી નીકળે કાંટાવાળા છ પગ. પક્ષીની જેમ એમને પાંખો ખરી પણ તે બહુ ઊડી ન શકે. વંદો દોડવામાં બહુ ઝડપી-રેસમાં આપણને હરાવી દે, પણ જો એ ઊંધો પડી જાય તો જાતે સીધો ન થઈ શકે. ઘરમાં રહે એટલે બીમારી ફેલાવી શકે છે. જોકે તે પાકને નુકસાન કરતાં જંતુઓને ખાઈ જાય છે. તે કચરો ખાઈ જાય છે. આમ, પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે.

**વાતચીત** 9.3.4

- વંદાની કઈ કઈ વાતની તમને નવાઈ લાગી?
- વંદાને સાવ નકામા કહેવાય? કેમ?
- હવે તમને વંદાની બીક વધુ લાગશે કે ઓછી લાગશે? કેમ?
- વંદાનું કોઈ એક અંગ તમારે લેવું હોય તો કયું લો? કેમ?
- તમે છેલ્લે વંદો જોયો હતો ત્યારે તમને શું થયું હતું? તમે શું કર્યું હતું?

દોરો: ત્ર ત્ર

## ૭. સાંભળો, બોલો. 9.3.4, 10.8.1

**શિક્ષક વાંચી સંભળાવે તે પછી આ વાક્યો વાંચો. તે પરથી પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રતિકે દાદીને પ્રણામ કર્યા. દાદીએ તેને પ્રસાદ આપ્યો.

- દાદીને પ્રણામ કોણે કર્યા? ____________
- દાદીએ પ્રતિકને શું આપ્યું? ____________

૨. પ્રવાસે જવા માટે સૌ પ્રથમ પ્રજ્ઞેશે આંગળી ઊંચી કરી હતી. જોકે ઘરેથી પૂછી લાવવામાં પ્રથમ પ્રજ્ઞા છે.

- ક્યાં જવાની વાત છે? ____________
- સૌ પહેલાં આંગળી કોણે ઊંચી કરી? ____________
- આમાં છોકરીનું નામ શું છે? ____________

૩. મમ્મીએ કહ્યું, "હવે પ્રતાપને સારું થઈ જશે. પ્રસ્વેદ થયો છે એટલે તાવ ઊતરી જશે." નાના પ્રમોદને મમ્મીની વાત સમજાઈ નહીં. મમ્મીએ સમજાવ્યું, "પ્રસ્વેદ એટલે પરસેવો."

- તાવ કોને આવ્યો છે? ____________
- પ્રતાપના નાના ભાઈનું નામ શું? ____________
- પરસેવો એટલે? ____________

- **તીરની દિશામાં આંગળી ફેરવો. શબ્દો મોટેથી વાંચો અને ઘૂંટો.** 10.3.1, 10.8.1



| | | |
|---|---|---|
| પ્રકાર | પ્રજા | પ્રભુ |
| પ્રધાન | પ્રદેશ | પ્રબળ |
| પ્રચાર | પ્રભાવ | પ્રગતિ |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

## ૮. વાત સાચી હોય તો તાળી પાડો, ખોટી હોય તો હસો. 9.4.1

૧. ગરોળી તળાવમાં રહે છે.

૨. ગરોળીને જાડી અને ટૂંકી પૂંછડી હોય છે.

૩. ગરોળી રોટલો ખાય છે.

૪. ગરોળીના પગે લોહચુંબક હોય છે.

૫. ગરોળી ભીંત પર ચઢી શકે છે.



પઠન, ઝીલવાંચન, સામૂહિક વાંચન, વ્યક્તિગત વાંચન

## ગરોળી

૯. સાંભળો અને જાણો.

10.4.1, 10.9.1

ભીંત પર સરકતી ગરોળી તમે જોઈ છેને! નાનાં નાનાં જીવજંતુઓ ખાય અને સાંકડી, અંધારી જગ્યાએ ભરાઈ રહે. એ માણસોને હેરાન નથી કરતી, ઝેરી પણ હોતી નથી તેમ છતાં ઘણાંબધાં લોકો એનાથી ડરતા કેમ હશે!

ગરોળીને ચાર પગ હોય છે. પગની નીચે ચીકણી ચામડી અને બહુ નાના નાના હજારો વાળ હોય છે. તે ગમે ત્યાં ચડી શકે છે અને ચોંટી રહી શકે છે. ગરોળીની પૂંછડી ચમત્કારિક છે. એ તેના બચાવનું સાધન છે. જ્યારે કોઈ તેના પર હુમલો કરે ત્યારે તે જાતે પોતાની પૂંછડીનો થોડો ભાગ છૂટો પાડે છે. શિકારી હલતી પૂંછડી જોઈ રહે એટલામાં તે ત્યાંથી છટકી જાય છે. થોડા વખતમાં તેને નવી પૂંછડી આવી જાય છે. તેની પૂંછડી ટૂંકી અને કાપાવાળી હોય છે.

ગરોળી પોતાની ચામડી વડે શ્વાસ લે છે. ગરોળીની જીભ લાંબી અને ચીકણી હોય છે. તે જીભથી ગરોળી નાનાં જીવડાંને ફટાક લઈને ખેંચી લે છે અને ખાઈ જાય છે.

**વાતચીત** 9.3.4

- તમારા ઘરમાં કેટલી ગરોળી છે? કઈ કઈ જગ્યાએ?
- તમારા ઘરમાં ગરોળી દેખાય ત્યારે કોણ શું કરે છે?
- તમે ગરોળીને બીજાં કયાં નામે બોલાવો છો?
- ગરોળીની કઈ શક્તિ તમને મળે તો મજા આવે?
- ગરોળી શિકાર કેવી રીતે કરે છે? કહો.



### ૧૦. સાંભળો, વાંચો, લખો. 9.3.4, 10.8.1

**વાક્યો વાંચી સંભળાવો. તે પછી તમે વાક્યો મોટેથી વાંચવા અને જવાબ લખવા કહો.**

૧. પ્રેમિલાના મોં પર ચૉક ચોંટેલો. તે જોઈને પ્રતીક્ષા બોલી, "તું પ્રેત જેવી લાગે છે." પ્રેમિલા કહે, "હું કોઈ ભૂત નથી."

- કોના મોં પર ચૉક ચોંટેલો? ..........
- પ્રતીક્ષાને પ્રેમિલા કોના જેવી લાગી? ..........

દોરો: રૂ રૂ ..........

૨. પ્રીતિ, પ્રિયંકા અને પ્રેયસને લાડવા ખૂબ પ્રિય છે. લાડવા મળે એટલે ત્રણેય જણ રાજી રાજી થઈ જાય. લાડવા સાથે દાળ તેમને ખૂબ ભાવે. દાદી કહે, “દાળમાંથી પ્રોટીન મળે.” પ્રેયસ કહે, “પણ દાળમાંથી તો શિંગદાણા નીકળે છે!”

- લાડવા કોને કોને પ્રિય છે? ____________
- દાળમાંથી શું મળે? ____________

૩. આજે બીજા ધોરણમાં પિક્ચર જોવાનો પ્રોગ્રામ હતો. બધાં બાળકો આઠમા ધોરણના વર્ગમાં ગયાં. શિક્ષકે પ્રોજેક્ટર ચાલુ કર્યું. સફેદ સ્ક્રીન પર પિક્ચર શરૂ થયું. બધાં બાળકો તાળી પાડી ઊઠ્યાં.

- શિક્ષકે શું ચાલુ કર્યું? ____________
- સફેદ પડદાને શું કહેવાય? ____________

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________



## ૧૧. સાંભળો, વાંચો, જાણો.

### હું છું મચ્છર



10.4.1

પઠન, ઝીલવાંચન, સામૂહિક વાંચન, વ્યક્તિગત વાંચન

જાગો છો ને! જાગતા રહેજો... જો ઊંઘી ગયા હશો તો ડંખ મારીશ. તમારા કાન પાસે આવીને ગણગણવાની મને મજા પડે છે. જો તમે મને મારવા આવો તો હું ખૂબ ઝડપથી ઊડી જઉં. હું તો હેલિકૉપ્ટર છું.

મારી સૂંઢમાં છ સોય છે ને તેમાંની બેમાં નાના નાના ૪૭ દાંત છે. આમ તો અમે ઘાસપાન ખાઈએ પણ મચ્છરીને જરૂર પડે તો તમારું લોહી પીવા આવે.

તમારે તો એક-બે ઘર હશે, મારે તો ઘણાં ઘર છે. જૂનાં ટાયર, પાણીનાં ખાબોચિયાં, અંધારા ખૂણા, તળાવ વગેરે જેવી ઘણી જગ્યાએ હું રહું. મને તો ચોખ્ખા પાણીવાળું ઘર જ ગમે.

મારે લાંબી અને પાતળી પાંખો છે. તમારે તો બે જ પગ છે, મારે છ પગ છે. વંદાની જેમ મારે પણ મૂછો છે. મૂછોથી મને તાપ, ઠંડી, ગરમી અને ભેજની ખબર પડે છે.

તમને કદાચ દેખાતા નહિ હોય પણ મારા શરીર પર પણ વાળ છે. એ વાળની ધ્રુજારી વડે મને બીજાં જીવજંતુ, પ્રાણીઓ અને માણસો તરફથી આવનાર ખતરાની ખબર પડી જાય. અડકીને ગંધ પારખીને પણ હું ખતરાથી બચી શકું છું.

ઉનાળાનો તાપ અમારો દુશ્મન. બહુ તાપ અમારાથી સહન ન થાય, અમે મરી જઈએ.

વાતચીત 9.3.4

- તમને શી નવાઈ લાગી?
- તમારામાંથી કોને કોને મચ્છર વધુ કરડે છે? કોને કરડતાં નથી?
- મચ્છર, ગરોળી, વંદો - તેમાંથી તમને સૌથી વધારે બીક કોની લાગે?
- મચ્છરથી બચવા તમારા ઘરમાં શું શું કરવામાં આવે છે?
- તમે મચ્છરનાં ટોળાં ક્યાં ક્યાં જોયાં છે?
- થોડા દિવસ અવલોકન કરીને કહો કે મચ્છર ઘરમાં ક્યારે આવે છે અને ક્યારે ઘરમાંથી બહાર નીકળી જાય છે?

**૧૨. આ વાત સાચી લાગે છે કે ખોટી તે કહો.** 9.4.1

૧. મચ્છર નાની પાંખોવાળું પક્ષી છે.

૨. મચ્છરને સૂંઢ હોય છે.

૩. બધાં મચ્છર કાળાં હોય છે.

૪. મચ્છર પાંદડાં ખાય છે.

૫. ઉનાળામાં મચ્છરની સંખ્યા વધી જાય છે.

૬. મચ્છર રોગ ફેલાવતું નથી.

**૧૩. નજીકના અર્થ સામે ખરું કરો.** 9.7.1

૧. ભંડાર

- [ ] પાણીથી ભરાયેલી જગ્યા
- [ ] વસ્તુઓનો ઢગલો હોય તેવો ખૂણો
- [ ] અનાજ, ખાણીપાણીની વસ્તુઓ રાખવામાં આવે તે જગ્યા

૨. નુકસાન

- [ ] ગમતી વસ્તુ વધારે મળવી

☐ કામની વસ્તુ ઓછી થવી

☐ નુક ભરાવેલી સાન

૩. પર્યાવરણ

☐ આજુબાજુનાં હવા, પાણી, ઘાસ, પાંદડાં, જીવ

☐ શિયાળો, ઉનાળો, ચોમાસું

☐ એક તહેવાર

૪. ચમત્કારી

☐ ચાર કારવાળું

☐ જાદુ જેવું

☐ ચમકતું હોય તેવું

૫. હુમલો

☐ મારવા માટે દોડી જવું

☐ મસ્તી કરવી

☐ 'હૂ' 'હૂ' અવાજ કરવો

૬. ખતરો

☐ તરવાનું સાધન

☐ ખેતર

☐ તકલીફનો ડર

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

**૧૪. આ વાત કોને લાગુ પડે? લખો.** 9.3.2, 10.8.1

૧. મારે પાંખો છે પણ મારાથી બહુ ઊડી શકાતું નથી. ________

૨. હું બીજાના કાન પાસે જઈને ગીત ગાઉં છું. ________

૩. મારે પાંચ આંખો છે.

૪. મારે બે મૂછો છે.

૫. મારી પૂંછડી ચમત્કારિક છે.

૬. હું માણસો કરતાં વધુ ઊંચા અવાજો સાંભળી શકું છું.

૭. પાણીના ખાબોચિયાં, જૂનાં ટાયર અને અંધારાવાળી જગ્યા મારું ઘર.

૮. પાકને નુકસાન કરતાં જીવજંતુઓને હું ખાઈ જાઉં છું.

**૧૫. જોડીમાં કામ કરો. આ જંતુઓ વિશે વાંચો અને તેમાંથી એક-એક વાત અહીં લખો.**
**10.2.1, 10.5.2, 10.8.1**

૧. વંદો આંખ : વંદાના મોં પર બે અને કપાળમાં ત્રણ આંખો હોય છે.

મૂછ :



પગ :

પાંખ :

૨. ગરોળી જીભ :

પગ :



પૂંછડી :

ચામડી :

૩. મચ્છર સૂંઢ :

મૂછ :



કાન :

પાંખ :


દોરો: ૠ ૠ

## ૧૬. ત્રણ-ત્રણના જૂથમાં બેસો. વંદો, ગરોળી, મચ્છર વિશે ફરીથી વાંચો. યસ કે નો લખો.

10.5.2, 10.8.1

૧. વંદો ચામડીથી શ્વાસ લે છે.

૨. ગરોળીની પૂંછડી ફરીથી ઊગે.

૩. મચ્છરને વાળ વડે ખતરાની ખબર પડે છે.

૪. મચ્છર તો દીવાલ પર સડસડાટ ચઢી જાય.

૫. વંદાને સૂંઢ હોય છે.

૬. મચ્છર લોહી પીએ, મચ્છરી ઘાસ ખાય.

૭. ગરોળીની જીભ ચીકણી હોય છે.

૮. બે મચ્છર મૂંછ વડે વાત કરે.

૯. વંદાની છાતી ખૂબ મજબૂત હોય છે.

૧૦. મચ્છરને ગંદા પાણીમાં જ રહેવું ગમે છે.



## ૧૭. વંદો, મચ્છર, ગરોળી બનો.

9.4.1, 9.6.1, CG : 12


બાળકોને ત્રણ-ત્રણના જૂથમાં બેસવા કહો. તેમને વંદો, ગરોળીને કે મચ્છરમાંથી એક-એક બનવા કહો. તેઓને વંદો/ગરોળી/મચ્છર બની શું વાતો કરશો તે નક્કી કરવા દો. વારાફરતી તેઓને વર્ગ સમક્ષ આવી એવી વાતો કરાવડાવો.

દા.ત. : વંદો : એય ગરોળી, તું જા.
ગરોળી : ચૂપ, તું ક્યાંથી આવ્યો? આ મારું ઘર છે.
મચ્છર : એ... ગરોળી હું તારી પૂંછડીએ કરડીશ.
ગરોળી : તો હું તો પૂંછડી મૂકીને ભાગી જઈશ.

## ૧૮. ચિત્ર દોરતાં શીખો. CG : 12

બાળકોને ચિત્ર દોરવાનું શરૂ કરતા પહેલાં આવા પ્રશ્નો પૂછો.
(૧) ઈયળ દોરવા પહેલાં શું દોરવું પડશે?
(૨) બીજા નંબરમાં એમાં શું ઉમેરાયું?
(૩) બીજા અને ત્રીજા ચિત્રમાં શું જુદુ છે?
(૪) ત્રીજા ચિત્રમાં શું ઉમેરીએ તો આખી ઈયળ પૂરી થાય?

| | | |
|---|---|---|
| ૧ દોરો  | ૨ ઉમેરો  | ચોથું દોરો |
| ૩ ઉમેરો  | ૪ ઉમેરો  | |

| | | |
|---|---|---|
| ૧ દોરો  | ૨ ઉમેરો  | ચોથું દોરો |
| ૩ ઉમેરો  | ૪ ઉમેરો  | |

| | | |
|---|---|---|
| ૧ દોરો  | ૨ ઉમેરો  | ચોથું દોરો |
| ૩ ઉમેરો  | ૪ ઉમેરો  | |

## ૧૯. જીવજંતુ છૂટા પાડો.

10.8.1, 10.8.2

ઉદાહરણ બોર્ડ પર લખી એમાંથી બે શબ્દ કેવી રીતે છૂટા પાડી શકાય તે મોટેથી બોલીને વિદ્યાર્થીઓને બતાવો. જેમ કે, પાંઈદયકુંળ - પહેલો અક્ષર 'પાં' છે બીજા સાથે જોડું તો "પાંઈ" થાય - એવો કોઈ શબ્દ હોતો નથી. ત્રીજા સાથે જોડું તો 'પાંદ' થાય - હં... 'પાંદ' તો 'પાંદડું' હશે? હા - 'પાંદડું' બને છે. એ સિવાય બચેલા અક્ષર ઈ - ય - ળ છે તો એ થયો "ઈયળ" - આવું બોર્ડ પર કરીને બતાવો. ત્યાર બાદ બીજા શબ્દો છૂટા પાડવા કહો.

ઉદાહરણ : ઈયળ    પાંઈ દય કુંળ    પાંદડું

રુ રૂ ઋ: ............ ............ ............

૧. ........ ખોમારાખીક ........

૨. ........ દકીરડી ........

૩. ........ ભીંકતરોળિયો ........

૪. ........ રવંસોઠુંદો ........

૫. ........ પફૂતંગિલયું ........

૬. ........ મઝાધમાડખી ........

૭. ........ ગદીરોવાળીલ ........



## ૨૦. કોના વિશે લખશો?

**બાળકોને આપેલાં જીવજંતુઓમાંથી કોઈ ત્રણ વિશે ત્રણ-ત્રણ વાક્યો લખવા કહો.**

10.8.4

- પતંગિયું • દેડકો • કરોળિયો • માખી • અળસિયું • કાચબો

૧. ........

૨. ........

૩. ........

## ૨૧. વાક્યો બે વખત વાંચો. 10.3.2

૧. વૃક્ષ નીચે ચકલીઓ સેલ્ફી લેતી હતી.

૨. ગાર્ડનમાં કાચબાઓએ દોડાદોડ કરી મૂકી.

૩. ઇયળે પ્રાર્થના કરી પાંદડાં ખાધાં.

૪. વાંદરાની પાર્ટીમાં સસલાંઓએ ભેગા થઈ પ્રસાદ ઝાપટ્યો.

૫. મધમાખીને પૃથ્વી મધપૂડા જેવી દેખાઈ.

૬. ગંદકી જોઈ જીવડાંઓ અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા.

૭. માખી આઈસક્રીમ પર બેસતાં ગબડી પડી.

૮. દેડકાઓ ડ્રમ વગાડીને સફાઈ કરવા લાગ્યા.

૯. કીડીઓએ ટ્રેનના ડબ્બામાં ઈયળને બેસવાની જગ્યા આપી.

૧૦. દેડકાઓનું ડ્રાઉંડ્રાઉં સંગીત સાંભળી માછલીઓ નાચવા લાગી.

૧૧. સસલાએ સિંહ પર કૃપા કરી તેને છોડી દીધો.

**૨૨. હવે, પ્રશ્ન વાંચી એક શબ્દમાં જવાબ લખો.** 9.3.4, 10.8.1

૧. ચકલીઓ ક્યાં સેલ્ફી લેતી હતી? જવાબ : ______

૨. દોડાદોડ કરતા કાચબા ક્યાં હતા? જવાબ : ______

૩. ઈયળે પાંદડાં ખાતાં પહેલાં શું કર્યું? જવાબ : ______

૪. પાર્ટીમાં સસલાંઓએ શું ન રહેવા દીધું? જવાબ : ______

૫. મધમાખીને શું મધપૂડા જેવું દેખાયું? જવાબ : ______

૬. જીવડાં 'વાતો કરતાં' એ માટે વાક્યમાં કયો શબ્દ મૂક્યો છે? જવાબ : ______

૭. માખી શાના પરથી ગબડી પડી? જવાબ : ______

૮. દેડકાઓએ સફાઈ કરતાં પહેલાં શું વગાડ્યું? જવાબ : ______

૯. કીડીઓ કયા વાહનમાં બેઠી હતી? જવાબ : ______

૧૦. માછલીઓ કેવો અવાજ સાંભળી નાચવા લાગી? જવાબ : ______

૧૧. સસલાંએ 'માફી આપી' તે માટે બીજો કયો શબ્દ મૂક્યો છે? જવાબ : ______

**૨૩. સાંભળો, વાંચો, લખો.**



9.3.4, 10.8.1

**વાક્યો મોટેથી વાંચી સંભળાવો. તે પછી વાક્યના આધારે પ્રશ્નોના જવાબ લખવા કહો.**

૧. કાગડો કેવું બોલે? કા કા, કાઉં કાઉં કે ક્રો ક્રો? કાગડાને અંગ્રેજીમાં ક્રો કહે છે - ખબર છે?

- કાગડો કેવું બોલે? ______
- કાગડાને અંગ્રેજીમાં શું કહે છે? ______

૨. ટ્રેક્ટર અને થ્રેસરનાં પૈડાં ટ્રક કરતાં મોટાં હોય છે. તેમાં બેસીએ ત્યારે શરીર ધ્રૂજે. ફાયરબ્રિગેડના બંબાનાં પૈડાં ટ્રક જેવડાં હોય.

- કોનાં કોનાં પૈડાં ટ્રક કરતાં મોટાં હોય? ____________
- ટ્રેક્ટરમાં બેસીએ તો શું થાય? ____________

૩. શ્રવણ તેના માતાપિતાને યાત્રાએ લઈ ગયો. ગણેશે તેના માતાપિતાની આજુબાજુ પરિક્રમા કરી. બંનેમાંથી એકેય ભણવા માટે આશ્રમમાં ગયા નહોતા.

- માતાપિતાને યાત્રાએ કોણ લઈ ગયો? ____________
- ગણેશે માતાપિતાની આજુબાજુ શું કર્યું? ____________

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૨૪. અક્ષર પર આંગળી ફેરવો. 10.3.1

ક્ર ટ્ર થ્ર

ધ્ર બ્ર શ્ર

૨૫. લખો. 10.3.1, 10.8.1

પ્ર પ્ર

પ્રૂ પ્રૂ

પ્રૈં પ્રૈં

યાત્રા : ____________ ____________ ____________





## કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ

કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ
કોયલ કૂજે કૂ કૂ કૂ
ને ભમરા ગુંજે ગૂં ગૂં ગૂં
ચકલા ઉંદર ચૂં ચૂં ચૂં ને
છછુંદરોનું છું છું છું




કૂજનમાં શી કક્કાવારી?
હું કુદરતને પૂછું છું:
ઘુવડ સમા ઘુઘવાટા કરતો
માનવ ઘૂરકે હું હું હું!





પરમેશ્વર તો પહેલું પૂછશે:
કોઈનું સુખદુઃખ પૂછ્યું'તું?
દર્દભરી દુનિયામાં જઈને
કોઈનું આંસુ લૂછ્યું'તું?
ગેં ગેં ફેં ફેં કરતા કહેશો:
હેં હેં હેં હેં! શું શું શું?
આ કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ






- મીનપિયાસી

## ૨૭. હસહસાટ

- મગનને કાલે મચ્છર કરડ્યો, મગન મચ્છરને મારવા તેની પાછળ ચંપલ લઈને દોડતો રહ્યો. આમ કરતાં કરતાં સવાર થઈ ગઈ પણ મચ્છર મર્યો નહીં.
- મગને કહ્યું, "કંઈ વાંધો નહીં. મારી તો શક્યો નહિ પણ મચ્છરને આખી રાત સૂવા તો ન દીધોને! હા... હા... હા..."



## ૨૮. ફરી યાદ કરીએ.



(૧) બે ગીતમાંથી તમને કયું ગીત ગમ્યું?
(૨) નવા જીવજંતુનો પરિચય થયો?
(૩) વંદો, ગરોળી અને મચ્છરમાંથી કોની માહિતી વધુ ગમી?
(૪) ચિત્ર દોરવામાં કઈ મુશ્કેલી પડી?
(૫) ભેગી થયેલી માહિતીને છૂટી પાડવામાં કોઈ તકલીફ પડી?
(૬) 'પતંગિયું' અને 'મચ્છર' બનીને તમે કેવી કેવી વાતો કરી?
(૭) જીવજંતુના મહોરાં કેવી રીતે બનાવ્યા?
(૮) 'ર' કારવાળા અક્ષરો ઓળખવામાં કોઈ મુશ્કેલી પડી?
(૯) વર્ગની ચીજવસ્તુઓમાંથી ગમતું જીવડું બનાવવાની કેવી મજા પડી?




| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | |

### એકમ-૮ની પૂર્વતૈયારી...

- સંગીતનાં સાધનો
- ચિત્ર કેલેન્ડર
- વાર્તાનાં પાત્રોનાં મહોરાં
- અક્ષરકાર્ડ
- શબ્દકાર્ડ
- અર્લીરીડર
- બોર્ડબુક
- FLN શબ્દમિલાપ પેટી

શિક્ષકની સહી : ..........................    વાલીની સહી : ..........................

તારીખ : ..........................    તારીખ : ..........................

છૂટું પાડો : વંદોગરોળી : .................. ..................

# આટલું શીખી લઈએ

મારે એક નાનકડું ઘર છે. ઘરમાં નાનકડો કબાટ છે. કબાટમાં ચોપડીઓ છે. ચોપડીમાં નાનાં નાનાં ચિત્રો છે. ચિત્રોમાં એક બગીચો છે. બગીચામાં રંગબેરંગી ફૂલો છે. ફૂલો પર ભમરા અને પતંગિયાં બેઠાં છે. મને પતંગિયું પકડવું ખૂબ જ ગમે છે.

- ફકરામાં આવતાં નામ નીચે લીટી કરો.
- ફકરાના આધારે ખાલી જગ્યા પૂરો.
  - નરેશને (નાનું એવું) ............ ઘર છે.
  - વંદનાએ કબાટમાં (વાંચવાનાં પુસ્તકો) ............ મૂકી.
  - રંજન પાસે (એકથી વધુ રંગોવાળાં) ............ ફ્રોક છે.
  - ઘી-ગોળનો લાડવો મનુને (બહુ) ............ ભાવે છે.
- આપેલા શબ્દો સાચા કરવા માટે ફકરો વાંચી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નનકડ | ............ | ચપડ | ............ | કબટ | ............ | રગબરગ | ............ |
| પતગય | ............ | ભમર | ............ | ફલ | ............ | બગચ | ............ |

- વાક્યના ખોટા શબ્દ પર છેકો મારી વાંચો.
  - કરોળિયો પોતાનું ઘર ચાંચ/પગ/પાંખથી બનાવે છે.
  - ઈયળ ખોરાકમાં લોખંડ/લાકડું/પાંદડું લેતી હોય છે.
  - ભમરો બગીચામાં કૂજન/ગુંજન/મંજન કરે.
- અલગ પડતો શબ્દ શોધીને લખો.
  - તીતીઘોડો, વંદો, મચ્છર, ઘોડો ............
  - ઘોડાગાડી, મોટરગાડી, બળદગાડી, ઊંટગાડી ............
  - મોબાઇલ, ટીવી, સાણસી, લૅપટૉપ ............
  - ટી-શર્ટ, બૂટ, પૅન્ટ, રૂમાલ ............
- કૌંસમાં આપેલ શબ્દ મૂકી વાક્ય વધારો.

ઉદાહરણ : એક વન હતું. (મોટું) એક મોટું વન હતું.

- બગીચામાં પતંગિયાં ઊડે છે. (રંગબેરંગી) ............
- નર્મદા નદી પર પુલ છે. (લાંબો) ............
- ગામમાં મંદિર છે. (સુંદર) ............
- મેં કબાટમાં ચોપડીઓ મૂકી. (પાંચ) ............
- ઘોડો કૂદકા મારે છે. (લાંબા) ............

- **કોઠામાંથી સરખા લાગતા અર્થવાળા શબ્દો શોધી લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સિ | પા | ળ | સી | ના | ન | પા |
| મ | જ | સિ | નિ | ન | વા | ઈ |
| હો | શિ | પા | ક | મ | લ | સ |
| મ | ના | ઈ | સ | સી | મા | મા |
| ચ | તુ | ર | હ | જ | મ | ગ |

સૈનિક ..........

હોશિયાર ..........

અચરજ ..........

સરહદ ..........

- **તમારી આસપાસ જોવા મળતાં જીવજંતુઓનાં નામ લખો.**

.......... .......... .......... .......... ..........

.......... .......... .......... .......... ..........

- **અંગ્રેજી શબ્દો જેવો અર્થ ધરાવતા શબ્દો સાથે વાક્ય જોડો.**

- હું શાળામાં પાણીની <u>બૉટલ</u> લઈ જાઉં છું. — પુસ્તક
- ઉનાળામાં હવા ખાવા માટે <u>ફૅન</u> ચાલુ કરવો પડે છે. — પથારી
- હું રાત્રે <u>બૅડ</u>માં જાઉં ત્યારે પ્રાર્થના કરું છું. — શીશી
- મારા વર્ગ પુસ્તકાલયમાંથી હું <u>બુક</u> લઈને વાંચું છું. — પંખો

- **આપેલા ત્રણ શબ્દો પરથી વાક્ય બનાવો.**

ઉદાહરણ : જંગલ - સિંહ - રાજા — ગીરના જંગલનો રાજા સિંહ છે.

- કબૂતર - આંગણું - ઘૂ ઘૂ ઘૂ ..........
- સસલું - સફેદ - ગાજર ..........
- બુક - પેન્સિલ - ચિત્ર ..........
- વરસાદ - ચોમાસું - છત્રી ..........

- **મને ઓળખી મારું નામ લખો.**

- એક પશુ જે બીકણદાસ, વનવગડામાં રહેતું;
  શરીર સુંવાળું, મોટા કાન; ઝાડીમાંથી જોતું.

  (લુંસસ) ..........


કઠણ કઠણ પથ્થર જેવો, ગોળ પીઠવાળો;
શરીર આખું અંદર રાખે, પાણીમાં ફરનારો.

(ચકાબો) ..........

છૂટું પાડો : બૉટલફૅનબૅડ : .......... .......... ..........

# ૮. બિલાડીની આંખો

૧. ગીત ગાઈએ. | પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન | 9.1.1, 9.1.2










મેં એક બિલાડી **પાળી** છે;
તે રંગે બહુ **રૂપાળી** છે.
તે હળવે હળવે **ચાલે** છે;
ને અંધારામાં **ભાળે** છે.
દહીં ખાય, દૂધ **ખાય**;
ઘી તો ચપચપ ચાટી **જાય**.
તે ઉંદરને ઝટપટ **ઝાલે**;
પણ કૂતરાથી બીતી **ચાલે**.
એને ડિલ પર **ડાઘ** છે.
એ મારા ઘરનો **વાઘ** છે.

- ચંદ્રવદન મહેતા



૨. વાર્તા સાંભળો

## બબલુની બિલ્લી

9.3.1, 9.3.2, 9.3.3, 9.3.5, 10.5.1, 10.5.2



દરરોજ શાળાએથી પાછા આવતાં જ બબલુ બૂમ પાડે, "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ!"

બબલુનો અવાજ સાંભળીને મીની તરત જ દોડતી આવીને તેના ખભા પર બેસી જાય.

એક દિવસ સાંજે આ જ રીતે બબલુએ ઘરે આવી બૂમ પાડી, "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ!" પણ મીનીબેન આવ્યાં નહીં. બબલુએ ફરી બૂમ પાડી, "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ!" તો પણ મીનીબેન દેખાયાં નહીં. એટલે બબલુ તો દફતર મૂકીને દોડ્યો મીનીને શોધવા.

બાજુવાળાં શારદાબાને ત્યાં જઈ બૂમ પાડી, "શારદાબા, મીની આવી છે?"

સાચો શબ્દ લખો : બલુબ ............ ફરદત ............

શારદાબા હાથમાં તવેથો લઈને બહાર આવ્યાં, "એ તો બપોર દૂધ પીને જી, અવ શું સ? પણ તું આયો સ ત શીરો ખૈ ન જા"



"પછી આવું બા, પહેલાં મીની!" કહીને બબલુ દોડી ગયો.

શારદાબાએ બૂમ પાડી, "પેલા ભુજવાળા કરમશીભૈને ત્યાં જોજ, બાજરીના રોટલા ખાવા જી અશ!"

બબલુએ કરમશીભાઈના બારણે જઈ બૂમ પાડી, "કાકા, મારી મીની જોઈ?"

કરમશીભાઈએ ચોપડી બાજુ પર મૂકી કહ્યું, "અરે બબલુ! હેતે અચ. તોજી મીની તો બોરી ડાઇ. બાજરીનો રોટલો ખાઈને પાછી જતી રહે. અજ તો અચી જ નાઈ. તું અચ. વાર્તા કહું."

"કાકા, અજ વાર્તા નાઇ. અજ તો મારી બહુ ડાહી મીની."

બબલુ તો દોડ્યો પારસી પેસ્તનજીના ઘર તરફ!

"આંટી, મીની આવી છે?"

હાથમાં નાસ્તાની ડિશ લઈ શિરીનબેન બહાર આવ્યાં, "આવની બબલુ, કેમ છે?"

"આંટી, મારી મીની મળતી નથી."

"હોય ની પોયરા! કેમની ખોવાઈ ગઈ?"

"સ્કૂલેથી આવ્યો ત્યારની મળતી નથી!"

"હં... મેં બી વિચારું કે આજે મીનીનું મ્યાઉં મ્યાઉં સાંભળવા કાં ની મલે? બિચ્ચારી કાં હશે?"

"મને બી ખબર ની મલે!" નિસાસો નાખી બબલુ બાજુના ઘરે ગયો.

ગંગાબા બહાર આંગણામાં જ ખાટલો ઢાળીને બેઠાં હતાં.

"ગંગાબા, મીની આવી છે?"

"આંઈ મારે ન્યાં હમણાં થોડા દી' ને આવે. ગઈ કાલે તારા દાદાએ હાકોટો કરીને ભગાડી'તી, એનું માઠું લાગ્યું સે." હસતાં હસતાં કહીને ગંગાબાએ આગળ ચલાવ્યું, "લે ગગા, આ મરસાનાં ભજિયાં ઘરે લેતો જા."



"ના, બા. મીની વિના ભજિયાં ગળે ન ઊતરે."

મીની મળતી નહોતી એટલે બબલુ રડું રડું થઈ ગયો હતો.

એટલામાં એની નજર ગણપતકાકાના ઘરમાં પડી.

મીની બેઠી બેઠી દૂધ ચાટતી હતી.

એને જોઈને જ બબલુએ બૂમ પાડી, "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ."

મીનીબેન દૂધ પીવામાં એવાં તો મશગૂલ થઈ ગયેલાં કે એક વખતમાં તો સાંભળ્યું જ નહીં. બબલુએ બીજીવાર બૂમ પાડી, "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ!" એ અવાજ સાંભળીને મીનીએ એક વખત ઊંચું જોયું અને બબલુ તરફ જોઈને કહ્યું, "મ્યાઉં મ્યાઉં" બબલુ હસી પડ્યો અને કહ્યું, "અચ્છા, તો હું આવું એમને!"

મીની ખુશ થઈ અને ફરીથી એક વાર બબલુ સામે જોઈને બોલી "મ્યાઉં."

બબલુ ગણપતકાકાના ઘરમાં દોડી ગયો અને મીનીની બાજુમાં બેસી ગયો. શબરીકાકીએ બબલુને કહ્યું, "તું આવ, બેસ, દૂધ પી. તુંઝા માંજર ત ખૂબ બેસ આહે."

"હા, બધાં એમ જ કહે છે કે મારી મીની બહુ સારી છે!" બબલુએ કહ્યું.

મીનીએ પોતાની કટોરી સાફ કરી અને 'મ્યાઉં મ્યાઉં' કરતી બબલુના ખભા પર બેસી ગઈ.

ને બંને રાજી થતાં થતાં ઘર તરફ ચાલ્યાં.

## વાતચીત

- તમને બિલાડી પાળવી ગમે? કેમ?
- નર બિલાડીને અહીંની ભાષામાં આપણે શું કહીએ છીએ?
- તમારું પાળેલું કે ઓળખીતું પ્રાણી કે પંખી ખોવાઈ જાય ત્યારે તેને શોધવા તમે શું શું કરો?
- બબલુના કયા પાડોશીની વાત તમને સમજવામાં અઘરી લાગી? તેની નીચે લીટી કરો. કયા પાડોશીની વાત સમજવામાં સહેલી લાગી? તેની નીચે ટપકાં કરો.
- તમારી આજુબાજુમાં જુદી ભાષા બોલતા હોય એવા કોણ રહે છે?
- "મારી મીની મ્યાઉં મ્યાઉં, મારી પાસે આવ આવ."
  આ વાક્ય ગુસ્સે થયેલા રાજાની જેમ, આનંદી કાગડાની જેમ, મીનીને શોધતા બબલુની જેમ, લપલપિયો કાચબાની જેમ અને મારી જેમ (શિક્ષકની જેમ) બોલી બતાવો.

સાચો શબ્દ લખો : કોટોહા .................. પતગણ ..................




**આ વાક્યો યોગ્ય લહેકા સાથે બોલો. દરેક વાક્ય બે-બે વાર બોલાવો.**

10.5.2

૧. એ તો બપોર દૂધ પીને જી, અવ શું સ? પણ તું આયો સ ત શીરો ખૈ ન જા''
૨. પેલા ભુજવાળા કરમશીભૈને ત્યાં જોજ, બાજરીના રોટલા ખાવા જી અશ!
૩. હેતે અચ. તોજી મીની તો બોરી ડાઇ.
૪. અચે ને બાજરી જી માની ખાઈ ને પછી હલી વિને.
૫. અજ તો અચી જ નાઈ. તું અચ.
૬. તું અચ. વયરો હેકડી વાર્તા ચ્યા.
૭. આવની બબલુ, કેમ છે?
૮. હોય ની પોયરા, કેમની ખોવાઈ ગઈ?
૯. મેં બી વિચારું કે આજે મીનીનું મ્યાઉં મ્યાઉં સાંભળવા કાં ની મલે?
૧૦. આંઈ મારે ન્યાં હમણાં થોડા દી' નૈ આવે.

**૪. વાર્તામાં આપેલાં વાક્યો તમારે ત્યાં કઈ રીતે બોલાય? બોલી બતાવો. જેની નીચે લીટી કરી છે તે વાક્ય તમે બોલતા હોય એમ લખો.** 10.5.2

| વાર્તાનું વાક્ય | આપણે આ રીતે બોલીએ | આ રીતે પણ બોલાય. |
|---|---|---|
| એ તો બપોર દૂધ પીને જી, અવ શું સ? | | એ તો બપોરે દૂધ પીને ગઈ, હવે શું છે? |
| હેતે અચ. તોજી મીની તો બોરી ડાઇ. | | અહીં બેસ. તારી મીની તો ઘણી ડાહી. |
| તું અચ. વયરો, હેકડી વાર્તાચ્યા. | | તું આવ. બેસ, એક વાર્તા કહું. |
| આજે મીનીનું મ્યાઉં મ્યાઉં હાંભળવા કાં ની મલે? | | આજે મીનીનું મ્યાઉં મ્યાઉં સાંભળવા કેમ ન મળ્યું? |
| આંઈ મારે ન્યાં હમણાં થોડા દી' નૈ આવે. | | એ મારે ત્યાં હમણાં થોડા દિવસ નહિ આવે. |
| માઠું લાગ્યું સે. | | ખોટું લાગ્યું છે. |

શિક્ષકની સહી : ________________ | A | B | C | તારીખ : ________________



સાચો શબ્દ લખો : ટલારો ............ વરાપો ............

## ૫. બોરી ડાઈ - અવ શું સ?

10.5.2

વાર્તાને આધારે નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે નક્કી કરો. વાક્ય સાચું હોય તો 'બોરી ડાઈ' અને ખોટું હોય તો 'અવ શું સ?' લખો.

૧. બબલુના ઘરનાં બીજાં લોકોને મીની ગમતી નથી. ..................

૨. શાળામાં જતાં પહેલાં બબલુ બિલ્લીને શોધવા નીકળ્યો. ..................

૩. શારદાબેનના ઘરે બિલાડીએ દૂધ પીધું હતું. ..................

૪. બબલી ગણપતભાઈના ઘરે ગઈ હતી. ..................

૫. કોઈ બિલાડીને ધમકાવે તો મીની નારાજ થઈ જાય. ..................

૬. મીની મહોલ્લામાં બધાનાં ઘરે જતી હશે. ..................

૭. મીનીને બાજરીનો રોટલો ભાવતો જ નથી. ..................



## ૬. બિલાડી પાળીએ?

9.3.1, 9.3.2

તમારે કોઈ પ્રાણી પાળવું છે. તે માટે તમારાં મા-બાપ, દાદા-દાદીને પૂછો. ઘરનાં લોકો બિલાડી પાળવા કે ન પાળવા માટે શું કહે છે? તે વાત બીજા દિવસે વર્ગમાં કહો.



## ૭. પ્રશ્નોના જવાબ આપો.

9.3.3, 9.3.4

નીચે જેવા વધુ પ્રશ્નો પૂછો અને મૌખિક જવાબ મેળવો. શું, કોણ, ક્યાં, કેટલાં - નો ઉપયોગ કરો.

૧. પહેલા ધોરણમાં ગણિત કોણ શીખવે છે?

૨. તમારા વર્ગખંડમાં કેટલા પંખા છે?

૩. તમે પાણી પીવા ક્યાં જશો?

૪. સંગીતખુરશી રમવા માટે શું શું જોઈએ?

૫. આપણા વર્ગમાં કેટલી સ્વિચ છે?

- તમારા જોડીદારને આવા ત્રણ પ્રશ્ન પૂછો. તેણે શું કહ્યું તે વર્ગમાં જણાવો.

સાચો શબ્દ લખો : લાખિડી .................. જરાના ..................

## ૮. ખોટો જવાબ છેકો. 9.3.4

૧. પલંગ ઉપર કોણ છે?

- પલંગ ઉપર ઓશીકું છે.
- પલંગ ઉપર નાની બેન છે.

૨. મનીષા પાસે કેટલા દડા છે?

- મનીષા પાસે પાંચ દડા છે.
- મનીષા પાસે લાલ દડા છે.

૩. જયેશના ખિસ્સામાં શું છે?

- જયેશના ખિસ્સામાં દેડકો છે.
- જયેશનું ખિસ્સું મોટું છે.

૪. તમારા દોસ્તનું ઘર ક્યાં છે?

- મારો/મારી દોસ્ત એના ઘરે છે.
- મારા દોસ્તનું ઘર નવા ફળિયામાં છે.


૫. ખોટો જવાબ છેકવા તમારે શું જોઈએ?


- ખોટો જવાબ છેકવા માટે પેન્સિલ જોઈશે.
- ખોટો જવાબ લખવા માટે પેન્સિલ જોઈશે.

## ૯. ક્યાં હશે? 9.6.1, 10.8.4

**જૂથમાં બેસી બાળકોને તમારી બિલાડી/ગાય/ભેંસ/દડો/નાનાભાઈ કે બહેન ખોવાઈ જાય તો તમે ક્યાં ક્યાં શોધવા જશો? નીચે આપેલી જગ્યામાં લખવા કહો.**











## ૧૦. લહેકા વાંચન

10.4.1


તમે બબલુ બનો. વર્ગને કરમશીભાઈ, શારદાબેન, શિરીનબેન, ગંગાબા, ગણપતકાકા એમ પાત્રોના જૂથ તરીકે વહેંચો. તમે બબલુ બનીને સંવાદ વાંચો અને સામે આખું જૂથ તેમના પાત્રનો સંવાદ વાંચે.

**તાજા સમાચાર** બિલ્લુની ખોવાયેલી બિલ્લી ગણપતકાકાને ત્યાંથી મળી આવી.

સાચો શબ્દ લખો : જરસૂ ............ ખોતણ ............

## ૧૧. કવિતા

9.1.1, 9.3.2, 9.3.3, 9.3.4



દુનિયા આખીમાં મારે છે, ઘણું ઘણું જોવાનું,
અહીંયાં બેઠાં બેઠાં મારે, કેવું કેવું પૂછવાનું!
ધરતીનો છેડો છે ક્યાં ને, સૂરજ આવે ક્યાંથી?
કોયલ કાળી પોપટ લીલો, બગલો ધોળો શાથી?
શિયાળે ઠંડી છે શાને?, ગરમી કેમ ઉનાળે?
ચોમાસામાં ગાજવીજ શેં?, તણખો શાથી બાળે?
આવું આવું ઘણુંક મારે, ભણવાનું હજી બાકી
લીલી કેરી પીળી પડતાં, કેમ મનાતી પાકી?
ચાર પગે કેમ પશુઓ ચાલે?, પંખીને કેમ પાંખો?
આવી દુનિયા જોવા મુજને, દીધી કોણ આંખો?

- સ્નેહરશ્મિ



સાચો શબ્દ લખો : લબાઈમો ............ રચ્છમ ............

## વાતચીત

- તમને શું શું જોવાનું/ક્યાં ક્યાં ફરવા જવાનું મન થાય છે?
- સૂરજ ઊગે તે જો જોવું હોય તો તમારા ઘરમાં તમારે ક્યાં ઊભા રહેવું પડે?
- શિયાળામાં સ્વેટર કેમ પહેરવું પડે છે?
- ઉનાળામાં રસ્તે ચાલવા ચંપલ કેમ પહેરવા પડે?
- ચોમાસામાં ચોપડીઓ સાચવવા તમે શું કરો છો?
- પશુ અને પંખીમાં શું શું ફેર છે?
- તમે મોટા થશો તેમ તમારો રંગ બદલાશે?
- ગરમી/ઠંડી ક્યારે પડે?
- પક્ષી સિવાય બીજા કોને પાંખો હોય છે?
- તમને પાંખો હોય તો તમે શું કરો?
- તમે ઉડીને ક્યાં ક્યાં જવાનું પસંદ કરો.
- ચોમાસામાં વીજળી કેમ થતી હશે?
- તમે ત્રણ પગે ચાલતું પશુ જોયું છે? કયું? કયાં?
- પાંખો વગર શું શું ઊડી શકે?
- કવિતામાં કેટલા પ્રશ્નો છે? તમને કેવી રીતે ખબર પડી?
- મોબાઇલ બતાવો. વિદ્યાર્થીને કહો કે તમને મોબાઇલ વિશે પ્રશ્નો પૂછે. આ રીતે ચશ્મા, ચોક, પર્સ જેવી વસ્તુઓ માટે પ્રશ્નો પૂછો.

**૧૨. ઉદાહરણ વાંચો. તે મુજબના મજા પડે તેવા પ્રશ્નો વિચારીને ઘરેથી લખી લાવો.** 10.6.1

ઉદાહરણ : નિશાળ રાત્રે કેમ બંધ રહેતી હશે?

મચ્છર બીજા મચ્છરને કરડતા હશે?

• ફરીથી કવિતા ગાઓ. **10.6.1**

**૧૩. આ કવિતાની પંક્તિઓના શબ્દો આડા-અવળા થઈ ગયા છે. તેને યોગ્ય ક્રમમાં ગોઠવી ફરીથી લખો.**

૧. મારે ઘણું ઘણું / આખી દુનિયામાં / જોવાનું છે.

૨. સૂરજ ઊગે છે? / કઈ બાજુથી / તમારા ઘરની

૩. બોર પાકે ત્યારે / થાય છે? / કેવા રંગનું

૪. રહેવાની / ઊડતા ઘરમાં / ખૂબ મજા પડે.

૫. લડતાં-લડતાં / ત્રણ વાદળાં / મોટેથી રડી પડ્યાં.

૬. બે શર્ટ / જાનકી શિયાળામાં / કેમ પહેરે છે?

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

• બોર્ડબુક નંબર ૪ વારાફરતી વાંચવા કહો. **10.4.1**

**૧૪. જો જો હોં તમારું વાક્ય કોઈ જોઈ ન જાય!**

દરેક ચિત્રના આધારે મજા પડે તેવાં બે-બે વાક્યો લખો.

**10.2.1, 10.8.2**



૧. અજગર જાડોપાડો છે.

૨. અજગર હસે છે.



૧.

૨.



૧.

૨.



૧. ..................................................

૨. ..................................................



૧. ..................................................

૨. ..................................................



૧. ..................................................

૨. ..................................................




૧. ..................................................

૨. ..................................................

- તમારા ઘરે મળી આવે તે ચિત્ર વિશે બે વાક્યો નોટમાં લખી લાવો.

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

**૧૫. ચિત્ર જુઓ.** 9.3.2, 9.3.4



## વાતચીત

- આ ચિત્ર કયા સમયનું હશે?
- સ્કૂટર પાસે બેઠેલાં બાળકો શું વાત કરતા હશે?
- સાયકલ પર જતા છોકરાનું નામ શું હશે?
- કેટલા માણસો મોબાઇલ પર વાતો કરી રહ્યા છે?
- ચિત્રમાં કેટલા વાહનો છે?
- મોટા કૂતરાનો રંગ કેવો છે?
- ટોપીવાળો માણસ શું કરે છે?
- ચિત્રમાં કેટલાં પશુઓ દેખાય છે? ક્યાં ક્યાં?
- ભેગા મળેલા માણસો શી વાતો કરતા હશે?
- બાઇક પાસે કેટલા માણસો ભેગા થયા છે?
- આકાશ સામે કોણ જોઈ રહ્યું છે?
- અગાશી પર કેટલાં કપડાં સૂકાઈ રહ્યાં છે?
- ચિત્રમાં તમે કોણ હો તો તમને ગમે? √ કરો.
- આ બજારમાં તમને શું શું દેખાય છે, તે આવતીકાલે ચોપડી બંધ રાખીને કહેવાનું છે.

**૧૯. કોઠામાંથી યોગ્ય શબ્દ શોધી તેના પર વર્તુળ કરો. તે શબ્દો લખો.** 10.3.2

| | | | | | |
|---|---|---|---|---|---|
| મ | ન | ગા | રું | બ | સા |
| જ | મ | જ | ગ | ળ | ય |
| ગ | વ | ર | સા | દ | ક |
| ત | લ | વા | ર | ડો | લ |
| ગા | ગ | દ | સ | શી | ગી |
| રું | ન | ળ | ના | રં | ગી |

વાદળ

ગમતા શબ્દો લખો :

- ફરીથી કવિતા ગાઓ.

૧૭. ઉંદર, કૂતરા અને બિલ્લીની વિગત મોટેથી વાંચો. ઉદાહરણ મુજબ લખો. 10.4.1



બિલ્લી
બિલ્લી સવારે
બિલ્લી સવારે મારા ઘરમાં
બિલ્લી સવારે મારા ઘરમાં દૂધ પીએ છે.



ઉંદર
ઉંદર રાત્રે
ઉંદર રાત્રે કબાટમાં
ઉંદર રાત્રે કબાટમાં કપડાં કાતરે છે.



ટોમી
ટોમી સવાર સાંજ
ટોમી સવાર સાંજ ફળિયામાં
ટોમી સવાર સાંજ ફળિયામાં બીજાં કૂતરાં ભગાડે છે.



અમે
અમે રિસેસમાં
અમે રિસેસમાં મેદાનમાં
અમે રિસેસમાં મેદાનમાં 'રમે તેની રમત' રમીએ છીએ.

| કોણ | ક્યારે | ક્યાં | શું | કરે છે? |
|---|---|---|---|---|
| બિલ્લી | સવારે | મારા ઘરમાં | દૂધ | પીએ છે. |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૮. બોક્ષમાં રહેલા શબ્દો વાંચો. વાક્યોમાં યોગ્ય જગ્યાએ શબ્દ લખો. 10.3.2

| | | | |
|---|---|---|---|
| કાબર | મધમાખી | રવિવાર | ઋષિ |
| ઊંટ | ત્રાજવાં | લાડવો | છત્રી |

- ખાલી જગ્યા પૂરાઈ જાય તેમને વાક્ય મોટેથી વંચાવો.
- નીચે જેવા પ્રશ્નો પૂછો.

૧. રજા ક્યારે છે?
૨. મનુને શું કરડ્યું છે?
૩. ધીમહિને શું ભાવે છે?
૪. ઘૂઘરા કયાં બાંધ્યા છે?

૧. મનુને .................... કરડી એટલે સોજો ચડી ગયો.

૨. .................... નો દિવસ એટલે રજાનો દિવસ.

૩. પવનને લીધે વરસાદમાં મારી .................... કાગડો થઈ ગઈ.

૪. મને ઘી-ગોળનો .................... ભાવે છે.

૫. .................... ની દાઢી તો ખૂબ લાંબી છે.

૬. શાકભાજી જોખવા માટે હોય એવાં ............ માણસને જોખવા માટે હોય?

૭. મને તો ............ નો કલબલાટ વધુ ગમે.

૮. ............ ની લાંબી ડોક પર ઘૂઘરા બાંધ્યા છે.

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

## ૧૯. શબ્દ-વાક્ય બનાવો. ત્રણ શબ્દ, વાક્ય ઉદાહરણ મુજબ લખો. 10.3.1

પાંચ પાંચના જૂથ બનાવો. વિદ્યાર્થીઓને શબ્દમિલાપ સામગ્રીમાંથી જાતે શબ્દો અને વાક્યો બનાવવા કહો. જો વિદ્યાર્થીઓને શબ્દ બનાવવા કોઈ અક્ષર ખૂટે તો અન્ય જૂથમાંથી મેળવવા કહેવું. તેમણે જૂથમાં બનાવેલા શબ્દ/વાક્ય લખવા કહો. તમે શબ્દ/વાક્યના સ્વરચિહ્ન જુદા રંગથી લખવા કહો. ત્યારબાદ તે શબ્દો અને વાક્ય અહીં આપેલા ઉદાહરણ મુજબ બોલી બતાવો. તેમને એ રીતે વારાફરતી વાંચવા કહો.


જેમકે : 'દુનિયા' આ રીતે વાંચો ⇨ દઉનઈયઆ

: તે બિલાડી છે. ⇨ તએ બઈલઆડઈ છએ.

દુનિયા ............ ............ ............

............ ............


## ૨૦. શિક્ષકની મદદથી પક્ષી અને પશુના મ્હોરાં બનાવો. 9.4.1



૨૧. કોઠામાં માંગેલી માહિતી તમારા મિત્રને પૂછીને લખો. 10.8.4

| | |
|---|---|
| કાળાં પક્ષી | |
| ધોળાં પક્ષી | |
| શિયાળા પરથી શું શું યાદ આવે? | |
| ઉનાળા પરથી શું શું યાદ આવે? | |
| ચોમાસા પરથી શું શું યાદ આવે? | |
| લાંબી ડોકવાળાં પશુ | |
| કાચા અને પાકા બંને રીતે ખાઈ શકાય તેવાં ફળો | |

૨૨. ચિત્ર જુઓ. પ્રશ્નો પૂછો. 9.3.3, 9.4.2



## ૨૩. હસહસાટ

બે ઉંદર ઝાડ પર બએઠઆ હતા.
નીચેથી એક હઆથઇ નીકળ્યો.
એક ઉંદર ઝઆડ પરથી હાથી પર પડી ગયો.
બીજો ઉંદર બોલ્યો, "દબાવીને રાખજે,
હું આવું છું."





ભક્ત : ભગવાન મને નોકરી, પૈસાથી ભરેલો કબાટ અને ગરમીથી છુટકારો મળે તેવું વરદાન આપો.
ભગવાન : તથાસ્તુ
ભક્ત આજે ATM માં સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરે છે.

## ૨૪. જાણવા જેવું.


ઊંટ કરતાં ઉંદર વધુ દિવસો સુધી પાણી વગર ચલાવી શકે છે.





એક પણ કૂતરાની પૂંછડી સીધી હોતી નથી.

## ૨૫. સાંભળો અને લખો.



10.8.1



**ચાર શબ્દો અને બે વાક્યોનું શ્રુતલેખન કરાવો.**

## ૨૯. ફરી યાદ કરીએ

(૧) બબલુને કેટલી ભાષાઓ આવડતી હશે?
(૨) પ્રાણી પાળવાનું પૂછ્યું ત્યારે તમારા વડીલોએ તમને શું કહ્યું હતું?
(૩) 'લહેકા વાંચન' વખતે તમે શું બન્યા હતા?
(૪) આ પ્રવૃત્તિમાં કેટલા પ્રશ્નો છે તે ગણી કાઢવા તમે શું કરશો?
(૫) પ્રવૃત્તિ ૧૨માં સૌથી મજાનો લાગતો પ્રશ્ન વાંચો.
(૬) આ એકમની કઈ પ્રવૃત્તિમાં તમને સૌથી વધારે મજા આવી?

- જૂઓ અને ગોઠવો. 10.9.2

વર્ગની સામગ્રી તમને અનુકૂળ પડે તે રીતે ગોઠવો. તેમાં તમે કઈ વસ્તુ ક્યાં હતી અને ક્યાં મૂકી તે કહો.

આટલું તો આવડે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | | |

### એકમ ૯ની પૂર્વતૈયારી...

- ઘોડાના મોંનું મહોરું
- ચિત્ર કેલેન્ડર
- સંગીતનાં સાધનો
- વર્ગ પુસ્તકાલયની વાર્તાપુસ્તિકા
- નોટબુક, સ્લેટપેન
- બોર્ડબુક

શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ........................ તારીખ : ........................

# આટલું શીખી લઈએ

એક સુંદર વૃક્ષ પર બે પક્ષીઓ રહેતાં હતાં. એક પક્ષીનું નામ ચિંચી અને બીજાનું નામ પીંચુ હતું. ચિંચી એક ચમકદાર પીળું પક્ષી હતું અને પીંચુ એક લાલ ચાંચવાળું પંખી હતું.

એક દિવસ બંને મિત્રો આકાશમાં ઊડી રહ્યા હતા.

ચિંચી બોલી : પીંચુ, આજે આપણે ક્યાં જઈએ?

પીંચુ : ચાલ, આપણે નદી પાસે જઈએ. મારે ત્યાં માછલીઓ જોવી છે.

તેઓ બંને નદી પાસે ગયાં. રસ્તામાં તેમને એક કાગડો મળ્યો.

કાગડો : હેલ્લો, તમે બંને કયાં જાઓ છો?

ચિંચી : અમે નદી પાસે માછલીઓ જોવા જઈએ છીએ.

પીંચુ : તું શું કરી રહ્યો છે?

કાગડો : હું કીડા શોધી રહ્યો છું. મને કીડા ખાવા ગમે છે.

ત્રણેય મિત્રો સાથે મળી નદીકિનારે ગયા. તેઓએ નદીકિનારે રમતો રમી, માછલીઓ જોઈ અને કીડા ખાધા.

થોડીવાર પછી, તેમને આકાશમાં એક પતંગ ઊડતો દેખાયો.

ચિંચી : વાહ, કેવો સુંદર પતંગ છે!

પીંચુ : ચાલો, તેની પાસે જઈએ.

કાગડો : મને પણ પતંગ બહુ ગમે છે. હું પણ તમારી સાથે આવું છું.

બધા પતંગ સાથે રમવા લાગ્યા.

- **સંવાદના આધારે કોષ્ટકની માહિતી લખો.**

| સંવાદ | કોણ બોલે છે? | કોને કહે છે? |
|---|---|---|
| ૧. આજે આપણે ક્યાં જઈએ? | | |
| ૨. મારે નદીમાં માછલીઓ જોવી છે? | | |
| ૩. તમે બંને કયાં જાઓ છો? | | |
| ૪. મને કીડા ખાવા ગમે છે. | | |
| ૫. વાહ, કેવો સુંદર પતંગ છે! | | |

- લીટી દોરેલા શબ્દોની જગ્યાએ કૌંસમાં આપેલ શબ્દ મૂકી પ્રશ્નાર્થ વાક્યો બનાવો.

(શું, કોણ, કયાં, ક્યારે, કેટલુ, કેટલાં)

ઉદાહરણ : રમેશ જલ્પાને મેળામાં લઈ ગયો.

કોણ જલ્પાને મેળામાં લઈ ગયું?

૧. ચુન્નીને રમકડાં ગમે છે.

૨. કાચબો અને સસલુ નદીકિનારે ગયાં.

૩. દૂધવાળો દરરોજ સવારે દૂધ આપવા આવે છે.

૪. શિક્ષકે ટીનુને ઈનામમાં ચાર પેન આપી.

૫. ગૌરવ સાંજે રમવા જાય છે.

૬. માનસરોવરથી બે હંસ આવ્યા.

૭. સિંહને જોઈ વાંદરો ઊભી પૂંછડીએ ભાગ્યો.

૮. ગાંધીજી વકીલાતનું ભણવા આફ્રિકા ગયા.

૯. ફેરિયો ટોપી વહેંચવા આવ્યો હતો.

૧૦. મમ્મી મીના માટે બંગડી લાવ્યાં.

- યોગ્ય શબ્દ પર ચોકડી મારી સવાલ બનાવો.

૧. વાંદરાને ~~કયું~~ શું ભાવે છે? વાંદરાને શું ભાવે છે?

૨. મોહન ક્યાં મુંબઈ જવા નીકળ્યો?

૩. ગોપાલ સવારે ક્યારે દૂધ આપી જાય છે?

૪. કોણ મીના દરરોજ પ્રાર્થના કરે છે?

૫. એક ડઝનમાં કેટલા બાર કેળાં આવે?

- વાર્તાના કેટલાંક વાક્યો અહીં ભૂલથી ખોટા લખાઈ ગયાં છે. વાર્તા વાંચી સાચાં વાક્યો શોધીને લખો.

૧. બબલુંના ઘરમાં એક કૂતરી છે.

૨. મારી મીની ચાઉંચાઉં.

૩. શારદાબા હાથમાં સાણસી લઈને બહાર આવ્યાં.

૪. ગંગાબા આંગણામાં પાટલ પર બેઠાં હતાં.

૫. મીની બબલુના માથા પર બેસી ગઈ.

- ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

ઉદાહરણ : ખળખળ - ખળખળાટ

ધડધડ　　　　કડકડ

બડબડ　　　　ફડફડ

- આપેલ શબ્દજૂથ પરથી વાક્ય બનાવો.

૧. શેરડી રસ - ઉનાળો

૨. દેશ - ભારત - મહાન

૩. જંગલ - તળાવ - કાચબો

૪. મીના - સાઇકલ - શાળા

- ફકરામાં આપેલ જોડાક્ષર નીચે લીટી કરી લખો.

આવી સ્થિતિમાં પણ સુરેશ ડગ્યો નહિ. તે ચિત્રો દોરતો. સ્ટુડિયોમાં બેસતો. ખૂબ કામ કરતો. પરિસ્થિતિ સુધરી. તે ફિલ્મો બનાવવા લાગ્યો.

- **યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(શું, ક્યાં, કોણ, ક્યારે, કઈ)

૧. સૂર્ય .................... દિશામાં ઊગે છે?

૨. પ્રિયા .................... આવશે?

૩. દીક્ષિત .................... જાય છે?

૪. અરુણા .................... કરે છે?

૫. આ ઘરમાં .................... રહે છે ?

- **સરખા અર્થ ધરાવતા કોષ્ટકમાંથી શબ્દ શોધો.**

| | | | | |
|---|---|---|---|---|
| ન | દી | ગ | જા | વા |
| પ્ર | મ | સ | ફે | દ |
| તા | ન | મ | સ્કા | ર |
| આ | શ્ચ | ર્ય | ર | વા |

સરિતા ....................

નવાઈ ....................

ધોળું ....................

પ્રણામ ....................

વિનય ....................

- **શિક્ષક વાંચી સંભળાવે તે પછી વાક્યો મોટેથી વાંચો. પ્રશ્નોના જવાબ લખો.**

૧. મજા પડે એવી વાત કહું? ભ્રમર એટલે ભમરો, ફ્રોક એટલે ફરાક, બ્રો એટલે બ્રધર એટલે કે ભાઈ કે ભાઈબંધ.

- ભમરો એટલે ....................
- ફરાક એટલે ....................
- ભાઈ એટલે .................... અથવા ....................

૨. શિક્ષકના પર્સમાંથી ડર્ર... ડર્ર અવાજ આવે છે. શું હશે પર્સમાં? વર્ગના એક ખૂણેથી ઘરરર... ઘર્ર અવાજ આવે છે. તે શાનો હશે?

- ડર્ર...ડર્ર અવાજ ક્યાંથી આવે છે? ....................
- ઘરરર...ઘર્ર અવાજ ક્યાંથી આવે છે? ....................

ગમતા શબ્દો લખો: .................... .................... ....................

૩. સર્પ આવી જાય તો તમે આચાર્યને બોલાવવા દોડો કે એકબીજા સાથે ચર્ચા કરવા બેસો? સર્પને બહાર કાઢવાને બદલે જે તેની ચર્ચા કરવા બેસે તેને તમે મૂર્ખ કહો કે હોંશિયાર?

- અહીં સાપ માટે કયો શબ્દ હશે? ..................
- સાપ આવે ત્યારે વાતો કરવા બેસે તેને તમે શું કહો? ..................

૪. "માર્ગે જતાં હોઈએ ને માર્જરી આડી ઉતરે તો?" કશું નહીં બિલાડી એના રસ્તે અને આપણે આપણા માર્ગે.

- બિલાડી માટેનો શબ્દ : ..................
- રસ્તા માટેનો શબ્દ : ..................

- **મને ઓળખી મારું નામ લખો.**

ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં,
છાબડીમાં માય નહીં, તોય મારા આભલામાં નહાય.

(રાતા) ..................

ભાષા વગર બોલ્યા કરે, ચાલે છે વિના પગ,
કાંટા પણ વાગે નહીં, એને જાણે આખું જગ.

(યાડિળઘ) ..................

ચાર ખૂણાનું ચોકઠું, આભે ઉડ્યું જાય,
રાજા પૂછે રાણીને, આ કયું જનાવર જાય.

(પગતં) ..................

ગોળ ગોળ ફરતી જાય, ફરતી ફરતી ગાતી જાય
દાણો દાણો ખાતી જાય, તોય એનું પેટ ન ભરાય.

(ટીઘં) ..................

ગમતા શબ્દો લખો : .................. .................. ..................

# ૯. ધીરે ધીરે વાંચજો

બે-બેની જોડી બનાવો. એક વિદ્યાર્થી આગળ અને એક પાછળ એ રીતે ઊભા રાખો. હવે ઘોડો દોડાવતા હોય એવો અભિનય કરાવો.

૧. ગાઈએ, ઝીલીએ, નાચીએ. 9.1.1, 9.1.2








**ઓ ચલ મેરા ઘોડા રે...**

ચલ મેરા ઘોડા રે, તબડક, તબડક,
ચલ મેરા ઘોડા રે, તબડક, તબડક રે...
મોટા મોટા પહાડ આવે,
વાંકાચૂકા રસ્તા આવે,
થાક લાગ્યો છે? આરામ કરવો છે?
ના ના ના, ના ના ના, ના ના ના રે...
ચલ મેરા ઘોડા રે...
જંગલ આવે, ઝાડી આવે,
વાંકાચૂકા રસ્તા આવે,
ભૂખ લાગી છે? ચણા ખાવા છે?
ના ના ના, ના ના ના, ના ના ના રે...
ચલ મેરા ઘોડા રે...
નદીઓ આવે, નાળાં આવે,
વાંકાચૂકા રસ્તા આવે,
તરસ લાગી છે? પાણી પીવું છે?
ના ના ના, ના ના ના, ના ના ના રે...
ચલ મેરા ઘોડા રે...



૨. 'એક' કહેતાં અભિનય કરો, 'બે' કહેતાં તાળી પાડો, 'ત્રણ' કહેતાં ચપટી વગાડો. 9.4.1, 9.4.2

ઉપરની સૂચના મુજબ 'એક' પછી બોલાય તેનો અભિનય કરવાનો તેમજ 'બે' 'ત્રણ' પછી મળતી સૂચનાનો અભિનય ન કરવો તેના બદલે 'તાળી' 'ચપટી' વગાડવા ડેમો આપો. ત્યારબાદ પહેલાં એક એક ખાનાની સૂચના આપો. એમ ત્રણેય ખાનાની સૂચનાઓ એકવાર થઈ જાય પછી આડાઅવળી સૂચનાઓ આપો. જેમાં જ્યારે તમે 'એક' સાથે જે કરવાનું કહો તેનો જ અભિનય કરવાનો છે તે ધ્યાનમાં રાખવા કહો.

સાચો શબ્દ લખો : બડતક ............ ડફાપ ............

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| એક - કેળું ખાઓ. | એક - તાળી પાડો. | એક - ઘોડો દોડાવો. |
| બે - શેરડી ખાઓ. | બે - બગાસાં ખાઓ. | ત્રણ - તબલાં વગાડો. |
| ત્રણ - ચણા ખાઓ. | ત્રણ - છીંક ખાઓ. | બે - ચપટી વગાડો. |

## ૩. ચિત્ર જુઓ.

9.3.1, 9.3.2, 9.3.3, 9.3.4



### વાતચીત

- આ ચિત્રમાં તમને કયાં કયાં પક્ષી દેખાય છે?
- એ સિવાય ચિત્રમાં શું છે?
- પોપટે પાર્ટીમાં કયા પક્ષીને શું જમવા આપ્યું હશે?
- પોપટને કાબરે શું ગિફ્ટ આપી હશે?
- પોપટ અને પોપટી શું વાત કરતા હશે?
- ખાવાની વસ્તુઓ કઈ કઈ છે?
- આ પાર્ટી શાની છે? કઈ રીતે ખબર પડી?
- સુગરી કયાં છે? તે શું કરે છે?
- તમારા જન્મદિવસે તમે શું શું કરો છો?
- ઘુવડ શું વિચારી રહ્યું હશે?

સાચો શબ્દ લખો : બકાર .................... પપોટ ....................




## ૪. વાર્તા

9.3.1, 9.3.2, 9.3.4, 10.5.1

### રોટલો ખાવો હોય તો...

એક હતું ગામ. એમાં એક ખેડૂત રહે. સુભાષભાઈ એમનું નામ. ખૂબ જ મહેનત કરે. એક દિવસની વાત છે. તે કામ કરતાં કરતાં ખૂબ થાકી ગયા, એટલે ઝાડ નીચે બેઠા. થોડો આરામ કર્યો પછી રોટલો ને છાશ ખાવા બેઠા. એટલામાં દડૂક દડૂક કરતો સસલો ત્યાં આવી ચડ્યો. સસલાનેય જબરી ભૂખ લાગેલી.

તે સુભાષભાઈને કહે, "ખેતરભાઈ! ખેતરભાઈ! શું કરો છો?"



સુભાષભાઈ હસીને કહે, "અલ્યા, હું તો ખેડૂત છું. આ જમીન દેખાય છેને... એને ખેતર કહેવાય!"

સસલાએ શરમાઈને જીભ કાઢી કહે, "હમમ... ખેડૂતભાઈ! ખેડૂતભાઈ! તમે શું કરો છો?"

સુભાષભાઈએ કહ્યું, "ખાઉં છું."

સસલાએ સુભાષભાઈના હાથમાં રહેલા મકાઈના રોટલાને જોઈ કહ્યું, "ઓહો! આ તો ચાંદો! શું તમે ચાંદો ખાઈ જવાના?"

સુભાષભાઈ હસી પડ્યા, "આ ચાંદો નથી, આ તો રોટલો છે રોટલો!"

સસલો કહે, "કેવો લાગે? ખાટો કે મીઠો? એક બટકું આપો ને!"

સુભાષભાઈએ રોટલાનો ટુકડો આપ્યો. સસલો તો ખાતો જાય ને ખુશ થતો જાય, ખુશ થતો જાય ને ખાતો જાય.

સસલો કહે, "સુભાષભાઈ, તમે આવા રોટલા રોજ ખાઓ છો?"

તેઓ કહે, "હા, અમે તો રોજ રોટલા ખાઈએ."

સસલો કહે, "સુભાષભાઈ, આ રોટલો ક્યાં મળે? ક્યાં ઝાડ પર ઊગે કે જમીનમાં થાય?"

સુભાષભાઈ ખડખડાટ હસી પડ્યા, "એ તો ઊગેય નહીં કે જમીનમાં થાય ય નહીં. એ તો બનાવવો પડે."

સસલો કહે, "તમને બનાવતાં આવડે છે? શીખવાડો ને!"

સુભાષભાઈ કહે, "કાન ઊંચા કરીને સાંભળી લે! શીખવાડું એ યાદ રાખી લેજે."

સસલો કહે, "યાદ રાખું એટલે રોટલો તૈયાર?"

સાચો શબ્દ લખો : તડૂખે .................... મીનજ ....................

સુભાષભાઈ કહે, "અલા દડૂકીયા! ખાલી યાદ રાખવાથી રોટલો ન થાય. તે માટે ખેતર ખેડી તેમાં દાણા વાવવા પડે."

સસલો કહે, "એટલે રોટલો તૈયાર?"

સુભાષભાઈ કહે, "એમ કંઈ રોટલો તૈયાર ન થઈ જાય. દાણા વાવ્યા પછી પાણી પાવું પડે."

સસલો કહે, "એટલે રોટલો તૈયાર?"

સુભાષભાઈ કહે, "ના ભાઈ ના! પછી તો દાણામાંથી ફણગા ફૂટે અને છોડ તૈયાર થાય."



સસલો કહે, "એટલે રોટલો તૈયાર?"

સુભાષભાઈ કહે, "અરે ખરગોશ, એમ કંઈ રોટલા જડે છે? નીંદવું પડે ને મકાઈના છોડ મોટા થાય એટલે ડોડા આવે."

"એટલે રોટલો તૈયાર?" સસલો કહે.

સુભાષભાઈ કહે, "અરે, લંબકર્ણ! છોડ પરથી ડોડા કાપવા પડે."

"એટલે રોટલો તૈયાર?" સસલો કહે.

સુભાષભાઈ કહે, "ઓ બકબકિયા! તું તો ભારે ઉતાવળો! પૂરું સાંભળ તો ખરો! એ પછી ડોડા સૂકવીને તેમાંથી દાણા છૂટા પાડવા પડે."

સસલો રાજી થઈ ગયો ને કહે, "કટ કટ કટ... દાંતથી દાણા છૂટા પાડીએ એટલે રોટલો તૈયાર?"

સુભાષભાઈ થોડીવાર સસલાના દાંત જોઈ રહ્યા ને કહે, "દાંતથી નહિ, મશીન વડે!"

સસલો કહે, "યાદ રહી ગયું. યાદ રહી ગયું. ખેતર ખેડવાનું, દાણા વાવવાના, પાણી પાવાનું, છોડ મોટાં થાય, ડોડા થાય, દાણા થાય, એટલે રોટલો તૈયાર."

સુભાષભાઈ કહે, "મો બંધ કર, કાન ખુલ્લા કર. દાણા છૂટા પાડ્યા પછી તેમાંથી કચરો ઉડાડી દેવાનો અને કાંકરા વીણવા પડે."

સસલાથી હવે રહેવાતું નહોતું એટલે કહે, "વાહ, હવે તો રોટલો તૈયાર!"

સુભાષભાઈ કહે, "ઓ અધીરા, એ પછી ઘંટીમાં દાણા દળવાના ને તેનો લોટ થાય."

"લોટ થાય એટલે રોટલો તૈયાર!" સસલાએ કહ્યું.

સુભાષભાઈ કહે, "અલ્યા... સસ્સા, પછી એ લોટને બાંધવો પડે."

સાચો શબ્દ લખો : તાઉવળો .................... શીમન ....................

"વાહ લોટ બાંધ્યો કે રોટલો તૈયાર!" સસલો તો કૂદી પડ્યો.

સુભાષભાઈ કહે, "હવે, જરાક જપી જા. લોટ બાંધ્યા પછી રોટલો ઘડવો પડે."

સુભાષભાઈની નજીક જઈ સસલો ધીમેથી તેમના કાનમાં બોલ્યો, "એટલે રોટલો તૈયાર?"

સુભાષભાઈ કહે, "હજુ જરા વાર છે. પછી ચૂલો સળગાવવાનો અને રોટલો તાવડી પર શેકવાનો."

સસલો સાવ નરમ થઈ ગયો ને પૂછે, "હવે તો રોટલો તૈયાર ને?"

સુભાષભાઈ કહે, "હા ભાઈ હા! શેકાઈ જાય એટલે તારો રોટલો તૈયાર!"

ગલોટિયાં ખાતાં ખાતાં સસલો ગાવા માંડ્યો, "મારો રોટલો તૈયાર, મારો રોટલો તૈયાર."

સસલો તો સુભાષભાઈ એ આપેલો રોટલો ખાવા લાગ્યો.

સુભાષભાઈ કહે, "સસલાભાઈ, તમને રોટલો ભાવ્યો?"

સસલો કહે, "યમ્મી યમ્મી."

સુભાષભાઈ કહે, "રોજ રોટલા ખાવા હોય તો ચાલો મારી સાથે ખેતર ખેડવા."

સસલો કહે, "ના ભાઈ ના! સુભાષભાઈ, એટલી બધી મહેનત કોણ કરે?"

સુભાષભાઈ કહે, "તો જાવ, સસ્સારાણા, ઘાસ ખાઓ, ગાજર ખાઓ, કોઈક દિવસ રોટલો ખાવા આવી જજો. હું તમને ખવડાવીશ, બસ!"

સસલા એ પૂછ્યું, "પ્રોમિસ?"

ખેડૂતે હસીને,  કર્યું.

સસલો તો ખુશ થઈ બે ગલોટિયાં મારતો'ક ને દડૂક દડૂક કરતો જાય ભાગ્યો.

## વાતચીત

- સસલાને રોટલો ચાંદા જેવો કેમ લાગ્યો હશે?
- સસલાભાઈની કઈ વાત સાંભળી તમને ખૂબ હસવું આવ્યું?
- ખેડૂતે સસલાને શું કહ્યું ત્યારે તમને બહુ મજા પડી?
- તમે ખેતરમાં ગયા છો? તે ખેતરમાં શું શું ઊગે?
- ખેતરમાં તમે શું જોયું હતું? શું કર્યું હતું?
- તમારે ખેતર હોય તો તમે શું ઉગાડો?
- સસલો શું પૂછતો ત્યારે સુભાષભાઈ અકળાઈ જતા?
- સુભાષભાઈ સસલાને ક્યા ક્યા નામે બોલાવે છે?
- ઘરે જઈને સસલો રોટલો બનાવશે? કેમ?
- તમે આ સસલાનું નામ પાડશો?
- રોટલો અને રોટલીમાં શો ફરક હોય?

સાચો શબ્દ લખો : ટિલોગયાં .................... વડીતા ....................

* આ વાર્તા પરથી બીજી વાર્તા બનાવો. 9.5.1

વિદ્યાર્થીઓને આ વાર્તાના પાત્રો અને ઘટનામાં ફેરફાર કરી બીજી વાર્તા બનાવવા માટેની સૂચના આપો.

## ૫. વાક્ય સાચું હોય તો રોટલો ખાઓ. ખોટું હોય તો રોટલો ઘડો.

9.4.1, 10.5.2

૧. સુભાષભાઈ રોટલો-શાક ખાતા હતા.

૨. સસલાએ જુવારનો રોટલો ખાધો.

૩. ખેતર ખેડ્યા પછી દાણા વાવવા પડે.

૪. દાણાને શેકીએ એટલે રોટલો તૈયાર થઈ જાય.

૫. સસલાને રોટલો ન ભાવ્યો, એટલે એ બોલ્યો "યમ્મી".

૬. ખેતરમાં રોટલા વાવીએ તો છોડ પર રોટલા ઊગે.

૭. જેની યાદશક્તિ સારી હોય તે રોટલો બનાવી શકે.

## ૬. શબ્દના અર્થ ધારો. 9.7.1

૧. દાણામાંથી <u>ફણગા ફૂટે</u>

- [ ] ધડાકો થાય.
- [ ] ઉગવાનું શરૂ થાય.
- [ ] ભૂકો થઈ જાય.

૨. સુભાષભાઈ <u>ખડખડાટ</u> હસી પડ્યા.

- [ ] ખડખડ બોલીને
- [ ] ખોટુંખોટું
- [ ] મોટા અવાજે

૩. સુભાષભાઈ કહે, "ઓ બકબકિયા! તું તો ભારે <u>ઉતાવળો</u>. પૂરું સાંભળ તો ખરો!"

- [ ] રાહ ન જોનારો
- [ ] બહેરો
- [ ] બહુ બોલનારો

૪. સસલો સાવ <u>નરમ થઈ ગયો</u> અને પૂછ્યું, "હવે રોટલો તૈયાર?"

- [ ] ચૂપ થઈ ગયો.
- [ ] ઉતાવળ વગરનો થઈ ગયો.
- [ ] શરમાઈ ગયો.

## ૭. કઈ રીતે કામ કરવાથી રોટલો બનશે? 9.3.1, 10.5.2

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧. દાણા વાવવા | ૧. ખેતર ખેડવું | ૧. ખેતર ખેડવું |
| ૨. દાણા દળવા | ૨. દાણા વાવવા | ૨. દાણા દળવા |
| ૩. ખેતર ખેડવું | ૩. દાણા દળવા | ૩.દાણા વાવવા |
| ૪. લોટ બાંધવો | ૪. લોટ બાંધવો | ૪. લોટ બાંધવો |
| ૫. રોટલો શેકવો | ૫. રોટલો શેકવો | ૫. રોટલો શેકવો |
| ૬. રોટલો તૈયાર | ૬. રોટલો તૈયાર | ૬. રોટલો તૈયાર |



## ૮. જુદાં પાડો.

9.4.1, 9.7.1

હળ, ચમચો, દાતરડું, પાવડો, તપેલી, વાટકી, ટ્રેક્ટર, થાળી, કોથળા, વેલણ, તાવડી (તવી), કોદાળી

| ખેતરમાં | રસોડામાં |
|---|---|
| | |
| | |
| | |

- ઉપરનાં દરેક સાધનોનો શો ઉપયોગ થાય? કહો. અને ઉપયોગ કરતા હોય તેવો અભિનય કરો.

## ૯. છાપેલા શબ્દો અને વાક્યો જેમ છે તેમ શિક્ષક વંચાવે તેમ મોટેથી વાંચો. ત્યાર બાદ વધારાના અક્ષરો દૂર કરી શબ્દો-વાક્ય ફરીથી લખો.

9.4.1, 10.3.2

૧. અસસીસલાતાને - ______ જકુબબીરીસે - ______

ભૂઉતખ - ______ મલાતેગેલીઉ - ______

૨. અજુઅઓ, અસસલાઅભાઅઈ અખેઅતઅર અખેઅડઅવાઅનું અછે.

______

૩. જખેજડૂજતજભાજઈ ! જશું જકજરો જછો?

૪. ચએચમાં ચપાચણી ચપાચવું ચપચડે.

૫. સછોસડ સપસરસથી સડોસડાવ સકાસપસવા સપસડે.

૬. મસમસમલો મદમડૂમક મદમડૂમક મકમરમતો મભામગ્યો.

**૧૦. શબ્દ ચોરસ** શું ખેતર-વાડીમાં ઊગે અને શું રસોડામાં બનાવવું પડે? શોધી કાઢો. **9.4.1**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શી | સ | ફ | ર | જ | ન | પ |
| રો | પૂ | રી | સ | મ | કે | પૈ |
| ટ | ભ | બો | ર | રૂ | રી | યું |
| લો | ગા | જિ | મા | ખ | દા | ળ |
| વે | જ | લા | યાં | ખી | ચ | ડી |
| ફ | ર | પ | સો | ર | ક | ઢી |
| ર | જા | સી | સ | કા | ક | ડી |

- ખેતર-વાડીમાં ઊગે :
- રસોડામાં બનાવવું પડે : શીરો

**સમાચાર વાંચો** 10.7.1

- દદૂકીયા સસલાભાઈએ સુભાષભાઈના ખેતરની મુલાકાત લીધી અને ખેતી વિશેનું જ્ઞાન મેળવ્યું.



**૧૧. શ્રુતલેખન કરો.**

વાર્તામાંથી ઓછામાં ઓછા ચાર શબ્દોવાળાં વાક્યોનું શ્રુતલેખન કરાવો.

10.8.1

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________


૫. ____________________

શિક્ષકની સહી : __________ | A | B | C | તારીખ : __________

**૧૨. અભિનય સાથે ગાઓ.**

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન, અભિનય

9.1.1, 9.1.2, 9.3.1, 9.3.2, 9.3.3, 9.3.4, 10.6.1













### ધીરે ધીરે ચાલજો

ધીરે ધીરે ચાલજો, દબે દબે ચાલજો,
ખેંચી ખેંચી બાંધજો ભારા ડાંગરના...
ઊંચકી માથે મૂકજો ભારા ડાંગરના...
ઝટ ખળી સાફ કરો, લીંપીગૂંપી સાફ કરો,
ઝૂડો પાટલીએ, ભાત છૂટો પાડવા,
સૂપડું ભરી સાફ કરો, લા લા લા લા...
ઊંચે જરી હાથ ધરો, લા લા લા લા...
વાયુરાજ આવતો, કચરો ઉડાડતો,
સાફ કરી ચાલતો સર્ર્ર્ર્ર્ ભાગતો.
ધીરે ધીરે ચાલજો, દબે દબે ચાલજો.

## વાતચીત

- જે લીટીનો અભિનય કરવાની મજા પડી હોય તે આગળ આવીને ફરી કરી બતાવો.
- ડાંગરમાંથી જે દાણા નીકળે તેને શું કહેવાય? તે રાંધીએ તો શું બને?
- તમે ધીમે ધીમે ક્યારે ચાલો? કેમ?
- ભારા કેવી રીતે બંધાય? અભિનય કરી બતાવો.
- શું શું ખેંચી ખેંચીને બાંધવું પડે?
- તમે માથા ઉપર શું શું મૂકીને ચાલી શકો?
- જોરદાર પવન આવે તો શું શું થાય?
- ગાઓ : લા લા લા લા લા લા લા લા : હસતાં હસતાં, રડતાં રડતાં, ગુસ્સામાં, અવાજ કાઢ્યા વગર.




9.4.1

- **જો ગીતમાં હોય તો ''સટાસટ'' બોલો અને જો ગીતમાં ન હોય તો ''સ...ટા...સ...ટ...'' એમ ધીમેથી બોલો.**

૧. ઝડપથી ચાલવાનું છે.

૨. દબાતા પગલે ચાલવાનું છે.

૩. ડાંગરના ભારાને ઢીલા બાંધવાના છે.

૪. ડાંગરના પૂળાને પાટલી પર ઝૂડવાના છે.

૫. પવન અર્ર્ર્ર્ કરતો ભાગ્યો.

૬. ખળી ઝટપટ સાફ કરો.

૭. ડાંગરના ભારા હાથમાં લઈને ચાલજો.

૮. હાથ ઊંચા કરી ભારા બાંધજો.



## ૧૪. આ ખેડૂત બરાબર કરે છે?

9.4.1

તમે ખેડૂત બનો. વિદ્યાર્થીઓને પૂછો કે, "મારો ડાંગરનો પાક તૈયાર થઈ ગયો છે. હવે હું શું કરું? તમે નીચે લખેલી લીટીઓમાંથી ક્રમમાં મને કહો એમ હું કરીશ." વિદ્યાર્થીઓ તમને જે-જે કરવાની સૂચના આપે એવો અભિનય કરો. ત્યાર બાદ બધાને પૂછો કે આ બરાબર છે? આ જ ક્રમમાં કરું તો ડાંગર મળશે? કે બીજી ક્રિયા કરું?

- ખળું સાફ કરો.
- પવનથી કચરો ઉડાડો.
- ડાંગરનો પૂળો બાંધો.
- ડાંગર પાટલી પર ઝૂડો.
- સૂપડાથી ડાંગર સાફ કરો.
- ડાંગરને કાપો.

## ૧૫. સૂચનાઓ વાંચો અને કોષ્ટક પૂર્ણ કરો. 9.4.1

| ક્રમ | સૂચનાઓ | મે ક્યાં સાંભળી? | મને કોણ કહે છે? | મને ગમી / ન ગમે |
|---|---|---|---|---|
| ૧. | સીધો બેસ. | | | |
| ૨. | થોડીવાર ઊંઘી જા. | | | |
| ૩. | રમવા જા. | | | |
| ૪. | ફાવે તેમ કર. | | | |
| ૫. | ટી.વી. બંધ કર. | | | |
| ૬. | લખવા બેસ. | | | |
| ૭. | જલદી નાહવા જા. | | | |
| ૮. | પેન્સિલ છોલ છોલ ન કર. | | | |
| ૯. | વરસાદમાં નાહવા જા. | | | |
| ૧૦. | કાગળના ડૂચા ન કર. | | | |

## ૧૬. આગે કહો, પીછે કહો. 9.3.2, 9.4.1

નીચે જેવી ચિઠ્ઠીઓ બનાવો.

૧. બોર્ડ સાફ કરો.
૨. પ્રિન્સનું દફતર બહાર મૂકી આવો.
૩. છોડને પાણી પાઓ.
૪. પંખો ચાલુ કરો.
૫. દરવાજો બંધ કરો.
૬. ચોપડી ખોલો.

વર્ગમાં કોઈ એક વિદ્યાર્થી ચિઠ્ઠી ઉપાડી વાંચશે અને તેમાં જે લખ્યું છે તે કોઈ બીજાને કરવા કહેશે. તેમને ઉદાહરણ આપી સમજાવો કે તમારે એને ત્રણ સૂચના આપવાની છે. ચિઠ્ઠીમાં લખ્યું છે એ પહેલાં શું કરવું? ચિઠ્ઠીમાં શું છે? એ કર્યા પછી શું કરવું?
જેમકે : (૧) મહેશ, ડસ્ટર લે. (૨) બોર્ડ સાફ કર. (૩) ડસ્ટર પાછું મૂક.



## ૧૭. વાંચો, ગાઓ.

10.3.2, 10.6.1

આ કવિતાનું પઠન - ગાન તમારે કરવાનું નથી. આ કવિતા બાળકોને હજુ કયો અક્ષર ઓળખવામાં મુશ્કેલી પડે છે તે શોધી કાઢવા માટે છે. બાળકોને વારાફરતી તમારી પાસે બેસાડી આ કવિતા વાંચવા કહો. તેમાં તેઓ જે જે અક્ષર વાંચવામાં ભૂલ કરે તે નોંધી લો. એ આધારે ઉપચારકાર્યનું આયોજન કરો.



ટીકુબહેન તો વાંચનનાં શોખીન
વાંચે નાના અક્ષરવાળી ચોપડીઓ રંગીન
ટીકુબહેન તો વાંચનનાં શોખીન

શોખીન
રંગીન



છોટા ભીમ ને સોટી-પોઠી... બધું જ વાંચે ખૂબ
બધી જ વાર્તા દાદી માફક બોલે આબેહૂબ
ટીકુબહેનનું લેસન કરતો વાર્તામાંનો જીન!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન





ટીકુબહેનના ઘરમાં તો છે ચોપડીઓના થપ્પાં
ટીકુની આજ્ઞાથી સાથે વાંચે મમ્મી-પપ્પા
વાંચતાં-વાંચતાં ઊંઘી જાય ને પહોંચી જાતાં ચીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન



એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગુમ
આખા ફળિયે શોધે સૌ કોઈ, ઝાઝી પાડે બૂમ
શાણાં ટીકુબહેન પલંગ નીચે વાંચનમાં તલ્લીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન



- હર્ષવી પટેલ

ગમતા શબ્દો લખો :

## ૧૮. મારે શું જોઈએ? જોડો. 9.4.1



મારે શાક બનાવવું છે.

મારે જમવા બેસવું છે.

મારે ચા બનાવવી છે.

મારે રોટલી બનાવવી છે.

- ચિત્રમાં ન હોય અને તમારા રસોડામાં હોય તેવી બીજી વસ્તુઓ/વાસણને પપ્પાની મદદથી ઓળખો. તેનાં નામ અહીં નોંધો. 9.4.1

વિદ્યાર્થીઓને તે વસ્તુ/વાસણના ઉપયોગ વિશે પૂછો.

## ૧૯. કઈ વાનગી કેવી લાગે? 9.4.1

અથાણું, ચટણી, શ્રીખંડ, બુંદી, ચેવડો, મેથીના ગોટા, મધ, મેથીપાક, કઢી, કારેલાં, છૂંદો, ગુલાબજાંબુ

૧. તીખું :

૨. ખાટું :

૩. ગળ્યું :

૪. કડવું :

૫. ખાટુંમીઠું :

## ૨૦. કોને શું મળશે?

9.4.1, 10.8.2

વિદ્યાર્થીઓને ચિત્રમાં આપેલા વ્યક્તિના તેમને ગમે એવાં નામ લખવા કહો. ત્યાર બાદ તેમને ખાવાની વસ્તુ સુધી પહોચાડવા કહો. તેમનાં નામ વસ્તુની બાજુમાં લખવા કહો.






9.4.1

કયા વારે શું ખાવું? શામાંથી બને? તે લખો. વર્ગમાં વાંચો. મમ્મીને પણ વાંચી સંભળાવો.

| વાર | નાસ્તામાં મળશે | શામાંથી બને? | ભોજનમાં મળશે | શામાંથી બને? |
|---|---|---|---|---|
| સોમવાર | | | | |
| મંગળવાર | | | | |
| બુધવાર | | | | |
| ગુરુવાર | | | | |
| શુક્રવાર | | | | |
| શનિવાર | | | | |

મારી સહી : ____________________

## ૨૨. સાંભળો, વાંચો, લખો. 10.2.1, 10.3.2, 10.4.1, 10.8.1

**શિક્ષક વાક્યો વાંચી સંભળાવે પછી વાક્યો મોટેથી વાંચો તે પરથી પ્રશ્નોના જવાબ લખો.**

૧. વૃંદા આજે પ્રાર્થના સંમેલનમાં નૃત્ય કરવાની છે. આથી તે ચણિયાચોળી, હાર, બુટ્ટીનો શૃંગાર કરીને આવી છે.

- વૃંદા શું કરવાની છે?

____________________

- વૃંદા શું કરીને આવી છે?

____________________

ગમતા શબ્દો લખો : ______ ______ ______

૨. ચોમાસામાં વરસાદ આવે આથી જમીન પર ઘાસ ઉગી નીકળે. આ તૃણને કારણે બધુ લીલું લીલું લાગે આખી પૃથ્વી લીલી લાગે. બધાં વૃક્ષ પણ વૃષ્ટિ પછી લીલાંછમ થઈ જાય.

- ઘાસ એટલે? ..............................
- વરસાદ એટલે? ..............................
- ઝાડ એટલે? ..............................
- જમીન, ધરતી એટલે? ..............................


૩. તૃપ્તિ શનિવારે દૃષ્ટિના ઘરે ગઈ. રવિવારે કૃપાના ઘરે ગઈ. પૃથાએ પુછ્યું, “મારા ગૃહે ક્યારે આવીશ?”

- તૃપ્તિ કોના કોના ઘરે ગઈ? ..............................
- તૃપ્તિને પોતાના ગૃહે કોણ બોલાવે છે? ..............................

**૨૩. વિદ્યાર્થીઓને વર્ગમાં રહેલી સામગ્રીની અલગ અલગ ગોઠવણી કરવાની સમજ આપો.** 10.9.2

**૨૪. તીરની નિશાની પ્રમાણે આપેલા અક્ષરો પર આંગળી ફેરવો.** 10.3.1

શિક્ષકની મદદથી અક્ષર મોટેથી બોલો.



## ૨૫. હસહસાટ

મુન્ની : શું તમે કઈ સાધન વગર અને દર્દ ન થાય તે રીતે દાંત કાઢી શકો છો?

ડૉક્ટર : ના.

મુન્ની : હું કાઢી બતાવું.

ડૉક્ટર : કેવી રીતે?

મુન્ની : હા...હા...હા...

શિક્ષક : એક ટોપલીમાં ૧૦ કેરી હતી. તેમાંથી ૩ સડી ગઈ તો કેટલી કેરી રહેશે?

ભૂરો : સાહેબ ૧૦ કેરી.


શિક્ષક : એવું કેવી રીતે?

ભૂરો : ભલે સડી જાય પણ કેરી તો કેરી જ રહેવાની ને! કેળાં થોડી થઈ જવાની.

## ૨૯. ફરી યાદ કરીએ.



(૧) ઘોડાનું મ્હોરું પહેરી ગીત ગાવામાં કેવી મજા પડી?
(૨) વાર્તા સાંભળીને હવે તમારે રોટલો બનાવવો હોય તો આવડશે?
(૩) 'ખેતર' અને 'રસોડા'ની સામગ્રી જુદી પાડવાની પ્રવૃત્તિ કેવી લાગી?
(૪) શબ્દચોરસના શબ્દો શોધવા માટે કોની મદદ લેવી પડી?
(૫) ખાનામાં વિગત ભરવા માટે શું કર્યું?
(૬) 'ટીકુબહેન' ગીતની કઈ પંક્તિ તમને ગમી?
(૭) 'પક્ષીઓની પાર્ટી' ચિત્ર આધારિત વાતચીતમાં આવી તેવી પાર્ટીનું આયોજન તમે કેવી રીતે કરો?





| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | | |

### એકમ-૧૦ની પૂર્વતૈયારી...



- માછલીના મ્હોરાં
- અક્ષરકાર્ડ
- સંગીતનાં સાધનો
- બોર્ડબુક
- લાર્જ સ્ટોરી બુક, ચિત્રકેલેન્ડર, અર્લી રીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ-પેન, નોટબુક, ચિત્રપોથી
- વર્ગપુસ્તકાલયની વાર્તાપુસ્તિકાઓ



શિક્ષકની સહી : ..........................   વાલીની સહી : ..........................

તારીખ : ..............................   તારીખ : ..............................

# આટલું શીખી લઈએ

રિયાને રસોઈ બનાવવી બહુ ગમતી. દર રવિવારે તે મમ્મીને રસોડામાં મદદ કરવા આતુર રહેતી. આજે રવિવાર છે. રિયાએ મમ્મીને કહ્યું, "મા, આજે આપણે કુકીજ બનાવીએ? મમ્મીએ હસીને હા પાડી. પહેલાં તેઓએ બધી સામગ્રી એકઠી કરી પછી રિયાએ બાઉલમાં માખણ અને ખાંડ મિક્સ કરવાનું શરૂ કર્યું. પછી તેણે વેનીલા એસેન્સ ઉમેર્યું. છેલ્લે મેંદો અને બેકીંગ પાવડર નાખીને બધું બરાબર મિક્સ કર્યું. પછી મમ્મીએ કુકીજના નાના-નાના ગોળા બનાવવામાં રીયાને મદદ કરી રિયાએ ગોળા પર ચોકલેટ ચિપ્સ અને બદામ મૂકીને તેને વધુ સુંદર બનાવ્યા. છેલ્લે તેઓએ કુકીજને ઓવનમાં મૂકી.

- **તમારા ઘરના રસોડામાં રહેલાં વાસણોનાં નામ લખો.**

- **ફકરામાં આવતાં અંગ્રેજી શબ્દોનાં નામ લખો.**

- **વાક્યમાં રહેલા શબ્દોને સરખા અર્થવાળા શબ્દ સાથે જોડો.**

| | | |
|---|---|---|
| ૧. | ભગવાન સાચું બોલનારાને વહાલ કરે છે. | શિકારી |
| ૨. | નદીકિનારે આંબાના ઝાડ પર કેરીઓ લટકે છે. | સાચાંબોલાં |
| ૩. | કીડીના ડંખથી પારધીનું બાણ કબૂતરને વાગતાં વાગતાં રહી ગયું. | આશિષ |
| ૪. | જન્મદિવસે મેં મારા શિક્ષકના આશીર્વાદ લીધા. | કાંઠે |

- **અલગ પડતા શબ્દો એકબીજા સાથે જોડો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આગળ | નીચે | ભરેલી | મોટા | હોશિયાર | દેશ |
| નાના | ઠોઠ | ઉપર | વિદેશ | પાછળ | ખાલી |

- **વાંચો : ચટપટું શરબત**

ખાટિયા ગામમાં લીંબાભાઈ અને મોરસબેન રહેતાં હતા. તેમનો છોકરો લોટિયો અને છોકરી પાલી દિવસભરમાં જ્યારે સમય મળે ત્યારે ઘરમાં મદદરૂપ બનતાં. એકવાર તેના પડોશી મીઠાભાઈ બપોર પછી

ઘરે બેસવા આવ્યા. લીંબાભાઈ અને મોરસબેન મહેમાન મીઠાભાઈ સાથે વાતો કરતાં હતાં એટલે લોટિયા, પાલીને વિચાર આવ્યો કે દરેક વખતે આપણાં બા ચા બનાવતાં હોય છે. આજે આપણે એ ત્રણેય માટે કંઈક બનાવીએ. આવું વિચારી તેણે ઓછા સમયમાં બનતું લીંબુ શરબત બનાવવાનું નક્કી કર્યું.

સૌ પ્રથમ લોટિયાએ લોટામાં પાણી લઈ પાલીને ખાંડ અને મીઠું નાખવાનું કહ્યું. લોટિયાએ ચમકદાર ચપ્પાથી લીંબુ કાપી નિચોવ્યું તો પાલીએ ચપટી ચમચીથી શરબત તૈયાર કર્યો. શરબત ચાખતા મીઠાભાઈએ મલકતાં કહ્યું : લીંબાભાઈ તમારો લોટિયો અને પાલી અત્યારથી કામ કરવામાં ચટપટા થઈ ગયાં છે.

- **નીચેના શબ્દો તમે ફકરામાં વાંચ્યા. તેની નજીકનો અર્થ ધરાવતા શબ્દ સામે √ ની નિશાની કરો.**

૧. પડોશી : (અ) દૂર રહેતો હોય તે (બ) બાજુમાં રહેતો હોય તે (ક) વિદેશમાં રહેતો હોય તે

૨. મહેમાન : (અ) ઘરમાં કામ કરે તે (બ) દરરોજ ઘરે આવે તે (ક) આપણા સંબંધી હોય તે

૩. મદદરૂપ : (અ) મદદ ન કરી શકે તે (બ) હંમેશા મદદ કરે તે (ક) પૈસા લઈને કામ કરે તે

૪. ચમકદાર : (અ) ચમકતું હોય તે (બ) પાણીમાં દેખાય તે (ક) રસથી ભરેલુ હોય તે

૫. શરબત : (અ) દૂધની લસ્સી (બ) લીંબુ-પાણી-ખાંડ-મીઠાથી બનતું (ક) ઘઉંના લોટમાંથી બનતું

- **વિચારો અને લખો.**

૧. નીચોવીને જેમાંથી રસ કાઢી શકાય તેવાં ફળના નામ. ..............................

૨. જેમાં તમે ખાંડ નાખીને ખાતાં હો તે વાનગીનાં નામ. ..............................

૩. તમારા ઘરની ધારદાર વસ્તુઓનાં નામ. ..............................

૪. જેમાં મીઠું ન વપરાતું હોય તે વાનગીનાં નામ. ..............................

૫. પાણીમાં ઓગળે તેવા પદાર્થના નામ. ..............................

૬. તમને બનાવતાં આવડે તેવી વાનગીનાં નામ. ..............................

- ફકરો વાંચો અને જો વાક્ય સાચું હોય તો Yes લખો. ખોટું હોય તો No લખો.

૧. લોટિયો અને પાલીએ ચા બનાવી. - NO

૨. મીઠાભાઈ લોટિયા અને પાલીના મામા હતા.

૩. લોટિયો અને પાલીનાં મમ્મીએ શરબત બનાવ્યો.

૪. મીઠાભાઈ લીંબાભાઈના પડોશી હતા.

૫. મીઠાભાઈ શરબત ચાખતાં મલક્યા.

૬. લોટિયો અને પાલી મમ્મીને દરરોજ મદદ કરતાં હતાં.

૭. લીંબુ-પાણી-મીઠું-ખાંડ લઈ શરબત બનાવ્યો.

૮. લોટિયો અને પાલીને રમવાનો વિચાર આવ્યો.

૯. લોટિયાએ ચપટી ચપ્પુ લઈ લીંબુ નીચોવ્યું.

૧૦. લોટિયો અને પાલી કામમાં ચટપટા થઈ ગયા.

- મને ઓળખી મારું નામ લખો.

◆ રાતા રાતા રતનજી ઉપર લીલાં પાન;
મૂળાના તો સગાભાઈ, અથાણામાં માન.

(રજગા) ..................

◆ આમ જાઉં - તેમ જાઉં, જ્યાં જાઓ ત્યાં સાથે થાઉં
નાનો થાઉં - મોટા થાઉં, ઊંધી જાઓ તો સંતાઈ જાઉં!

(પછાડયો) ..................





# ૧૦. દરિયાની પાટીમાં ઘુઘવાટી

૧. **ધીમે ધીમે બોલો.** 10.4.1

ક..ડ..ક..ડા..ટ, ખ..ડ..ખ..ડા..ટ, ગ..ડ..ગ..ડા..ટ, બ..ડ..બ..ડા..ટ, સ..ડ..સ..ડા..ટ

- **હવે ઝડપથી બોલો.**

કડકડાટ, ખડખડાટ, ગડગડાટ, ધણધણાટ, બડબડાટ, સડસડાટ, હણહણાટ

૨. **આપેલા શબ્દો આવી રીતે ધીમેથી અને ઝડપથી બોલો.** 10.3.2

૧. જળબંબોળ, ફળબંબોળ, ઢળબંબોળ

૨. ભમભંભોળ, ડમડંબોળ, ટમટંબોળ

૩. **અગાઉના એકમોમાંથી લાંબા અને ઉપરના શબ્દોની જેમ બેવડાતા અક્ષરોવાળા શબ્દ લખો.** 10.8.1

- **જોડીમાં બેસો. ક્યા તુમ મેરે દોસ્ત હો? તો ભણવામાં મદદ કરો. ઉપરના શબ્દોનું એકબીજાને શ્રુતલેખન કરાવો.**

૪. **ગીતિકા મોટેથી ગાઓ પછી ધીમેથી અને પછી ગણગણતાં હો એમ ગાઓ.** 9.1.2

પઠન, ગાન, ઝીલગાન, સમૂહગાન, અભિનય






**મહાસાગર**

ઊંડો ઊંડો ગજબ ઊંડો
માણસ ડૂબે, ઘોડા ડૂબે
ઊંચા ઊંચા ઊંટ ડૂબે
હાથી જેવા તૂત ડૂબે
કિલ્લાની કિનાર ડૂબે
મહેલના મિનાર ડૂબે
તાડ જેવા ઝાડ ડૂબે
મોટા મોટા પહાડ ડૂબે
ગાંડો થઈને રેલે તો તો
આખી દુનિયા જળબંબોળ, જળબંબોળ





-ત્રિભુવન વ્યાસ

**૫. ચાલો કરીએ જોઈએ.**

9.3.1, 9.3.2

આ વસ્તુઓ એક પછી એક બતાવી બાળકોને પહેલાં ધારવા કહો કે આ વસ્તુ તરે કે ડૂબે. તે પછી કાચના ગ્લાસમાં પાણી ભરી આ દરેક વસ્તુ તરે છે કે ડૂબે તે ચકાસાવડાવો.

- પાણી પર શું શું તરે? ધારો, વર્ગમાં ચકાસી જૂઓ અને √ કરો.

કાગળ, પથ્થર, સંચો, લખોટી, ચોક, ક્રેયૉન, રેતી, રૂ, રબર, હેરપિન, પેન્સિલ, ટાંકણી, લીંબુ

- પાણીની અંદર તરે કે પાણી ઉપર? વિચારો અને કહો.

માછલી, કાચબો, દેડકો, બતક, મગર, સાપ, માણસ, ભેંસ

**૬. કવિતા કરીએ.**

9.2.1

'મહાસાગર' કવિતા ગાઓ. તેના જેવી કવિતા બનાવો. જોડીમાં કરશો? જૂથમાં કે એકલાં-એકલાં? તમારી મરજી. પણ સમય મળશે પંદર મિનિટ. શિક્ષક એલાર્મ મૂકશે. તો... રેડી, વન... ટુ... થ્રી... ગો!

હોડકાં | ટ્રેન | કાર | સાપ | ગજબ | પૂલ | માણસ | ઝાડ | માછલાં | કાચબા

**મહીસાગર**

હળવી હળવી ........ હળવી

........ ડૂબે ટાંકણી ડૂબે

........................ તરે

પાણીમાં ................ મજા કરે.

................................

એમાં તો તરતાં તરતાં

આખી દુનિયા ઉચ્ચકનિચ્ચક ડામાડોળ

**મને કહો ને!**

૧. તમને કોના કોના ઘરે વારેઘડી જવું ગમે? કેમ?

૨. આમાંથી તમને કઈ જગ્યાએ જવાનું ગમે નદી, ખેતર, ડુંગર કે દરિયા કિનારે? કેમ?


૩. પ્રશ્ન ૨માંની તમારી મનપસંદ જગ્યાએ જવા મળે તો ત્યાં તમે કોને કોને લઈ જાઓ?

૪. તમે ત્યાં ફરતાં ફરતાં ખોવાઈ જાઓ તો શું થાય?

૫. કોને તમારા વગર ન ચાલે? તમને શોધી કાઢવા તે શું શું કરે?

# નીલુના પપ્પાની ગોતાગરી

નીલુના પપ્પા તેને ક્યાંય એકલો ઘરથી દૂર જવા દેતા નથી.



પપ્પા : જો નીલુ! તારે છે ને મારી આંખ આગળ જ રહેવાનું. દુનિયા ખૂબ જોખમી છે.

નીલુ : હું હવે મોટો થઈ ગયો છું. મને નિશાળ તો જવા દો! ત્યાં બધાં કેવી કેવી મજા કરતાં હોય છે.

નીલુ પપ્પાને લઈને નિશાળે ગયો.




પપ્પા : હું સાંજે તને લઈ જઈશ. તું અહીંયાં જ રહેજે.

શિક્ષક : બહાદુર છોકરો છે. તમે ચિંતા ન કરશો.

નીલુ : પપ્પા, તમે ઘરે જાઓ હવે. હું સાંજે મારી મેળે આવી જઈશ.

સાંજે ઘરે જતી વખતે નીલુ અને તેના મિત્રો...



માછલી : જો, પેલું ઊંચે દેખાય તેને તું અડી શકે?

પપ્પા : ની...લુ...! ખબરદાર!

નીલુ : કેમ નહીં! અડી બતાવું?

**એક માછીમારે નીલુને જાળીમાં પકડી લીધો.**



માછલી : ઓહ! નીલુ!

તરવૈયો : હેય!


નીલુ : છોડો મને! પપ્પા પાસે જવા દો!

પપ્પા : મારા નીલુ! હું આવું છું તને છોડાવવા!

## ભાગ ૧. વાતચીત

- હવે શું થશે?
- પપ્પા નીલુની સાથે નિશાળે ગયા હતા? કેમ?
- નીલુ ઊંચે શા માટે ગયો હતો?
- ઊંચે ગયેલો નીલુ પપ્પા પાસે પાછો આવે છે?

**પપ્પા માછીમારની હોડીની પાછળ જોર મારીને તરવા લાગ્યા. હોડી ઘણે આઘે નીકળી ગઈ. રસ્તામાં હર્ષા નામની માછલી મળી.**




પપ્પા : તમે કોઈ હોડી જોઈ!


હર્ષા : માછીમારની ને? હા, હમણાં જ જતી જોઈ.

પપ્પા : મને એનો રસ્તો બતાવશો?

પપ્પા અને હર્ષા માછીમારની હોડીની પાછળ જતાં હતાં. રસ્તામાં તેમનો ભેટો એક શાર્ક સાથે થયો. શાર્ક તેઓને છેતરીને ગળવા ગઈ. પણ...




પપ્પા શાર્કની લુચ્ચાઈમાં ફસાતા નથી. માછીમારના ગોગલ્સની આડશમાં છુપાઈને તે અને હર્ષા શાર્કથી બચી જાય છે.



હર્ષા : પણ માછીમાર તો હોડી લઈ આઘે પહોંચી ગયા હશે.

પપ્પા : માંડ બચ્યાં! હવે નીલુને શોધવા આગળ જઈએ.

ગોગલ્સ પર સરનામું લખેલું છે. હર્ષાને ગુજરાતી વાંચતા આવડતું હોય છે.




હર્ષા : ઓહ! ઓખા! આ તો ઘણું દૂર છે. આપણે તો હજી ખંભાત પાસે હોઈશું.

પપ્પા : ગમે તેટલું દૂર હોય. હું નીલુને ખોળીને જ રહીશ.

દોરો:

**મછલીપુર ગામની માછલીઓએ બતાવેલા માર્ગે પપ્પા અને હર્ષા આગળ વધે છે.**

હર્ષા : આ તો મછલીપુર આવ્યું!





## ભાગ ૨. વાતચીત

- પપ્પા કઈ હોડી શોધે છે?
- પપ્પાને હોડીનો રસ્તો કોણ બતાવે છે?
- પપ્પા અને હર્ષા ગોગલ્સ પાછળ કેમ સંતાય છે?
- માછીમારની હોડી કયા ગામે ગઈ હશે?
- ગામનું નામ 'મછલીપુર' કેમ રાખ્યું હશે?
- પપ્પાને 'મછલીપુર' ગામ સારું લાગ્યુ હશે? કેમ?

**રસ્તામાં ચીકણો રસ કાઢતી જેલીફિશનો પ્રદેશ આવે છે. હર્ષાને બચાવીને પપ્પા બહાર નીકળે છે પણ, થાકીને તે બેભાન થઈ જાય છે.**

પપ્પા : હર્ષા, સાચવીને!






હર્ષા : થેન્ક યુ, નીલુના પપ્પા.

પપ્પા : થેન્ક યુ, કાચબાદાદા.

દસ દિવસ વીતી ગયા. પપ્પા અને કાચબાની દોસ્તી થઈ ગઈ.




કાચબો : મારે તો બે છે. રોજ ખાસ પ્રેક્ટિસ કરાવું છું. લાગે છે બાળકો હવે મોટો વંટોળિયો જાતે પાર કરી શકશે.

પપ્પા : આપણને બાળક પર આટલો વિશ્વાસ ક્યારે આવે?

કાચબો : જ્યારે એમને પોતાના પર વિશ્વાસ આવી જાય ત્યારે. અને હા, તમે તમારા આ પરાક્રમની વાત એ સૌને કહેજો ને!

પપ્પાએ કાચબાનાં બાળકોને કહ્યું કે નીલુ કેવી રીતે ખોવાયો. તે તેને શોધવા નીકળ્યા ત્યારથી અત્યાર સુધી શું શું થયું અને હવે આગળ પોતે શું કરશે તે વાત મોટી માછલીઓએ સાંભળી. માછલીઓએ કરચલાને કહી. કરચલાએ તે વાત ડોલ્ફિનને કહી, ડોલ્ફિને તે વાત પેલિકનને કહી.

નીલુના પપ્પા એને શોધવા ખૂબ દૂરથી નીકળ્યા છે. શાર્કથી જીવ બચાવીને, ખૂબ લાંબું તરીને એ ઓખા પહોંચવાના છે. કાચબાઓએ ચેતવણી આપી છે કે તેમણે એક મોટો વંટોળિયો પાર કરવાનો છે. નીલુને શોધવા એ કંઈ પણ કરવા તૈયાર છે.



**ઓખામાં એક પેલિકન દવાખાનાના માછલીઘરના રહેવાસીઓને મળવા અવારનવાર આવતું હતું.**

પેલિકન : નીલુ, ખબર છે, તારા પપ્પા તને શોધતાં શોધતાં આ બાજુ આવી રહ્યા છે!


નીલુ : સાચે જ?



**ભાગ ૩.** **વાતચીત**

- નીલુ કયા ગામમાં છે?
- એ ગામમાં પહોંચતાં પહેલાં પપ્પાને કોણ કોણ મળે છે?
- પપ્પાને રસ્તામાં કઈ કઈ મુશ્કેલીઓ આવે છે?
- પપ્પા નીલુને શોધે છે તેની ખબર કોને કોને છે?

**નીલુના દોસ્તોએ નક્કી કર્યા મુજબ માછલીઘરને ખૂબ ગંદુ કરી દીધું.**






ડૉક્ટર : અરે રે! આટલું ગંદુ! આને તો સાફ કરવું પડશે. આ બધીઓને બહાર કાઢવી પડશે. હા, આ થોડા દિવસ પહેલાં ખરીદેલી તો જુદી જ રાખીશ.



દોરો :

કાચબાઓની મદદથી પપ્પા અને હર્ષા મોટો વંટોળિયો તો પાર કરી ગયાં. હવે તે ઓખાની નજીક પહોંચી ગયેલાં.




હર્ષા : પેલી મોટી માછલીને આગળનો રસ્તો પૂછીએ?

પપ્પા : એ તો વ્હેલ છે. જો ને, ઘણી દૂર છે છતાં કેટલી મોટી દેખાય છે! એની પાસે તો જવામાંય જોખમ.

હર્ષા : રસ્તો પૂછવામાં શો વાંધો!

હર્ષા વ્હેલની નજીક જવા ફરી. પપ્પા એને આગળ સમજાવે તે પહેલાં તો વ્હેલ જ ધસી આવી ને બેઉને ગળી ગઈ. વ્હેલના પેટમાંથી બહાર નીકળવા એમણે ઘણાં ફાંફાં માર્યાં. વ્હેલના શરીરમાં તેમને એક એવી જગ્યા દેખાઈ જ્યાંથી પાણી બહાર ફેંકાતું હતું. બેઉ જાણી જોઈને તે જગ્યાએ પહોંચ્યાં.

પપ્પા : હેય! બહાર આવી ગયાં.



હર્ષા : મને તો એમ કે મરી ગયાં.

નીલુનું દોસ્ત પેલિકન પપ્પા અને હર્ષાને બંદર પર લઈ આવ્યું.



પેલિકન : હું તો તમને જોતાંવેંત ઓળખી ગયેલું.




દોરો:

ભાગ ૪. | વાતચીત


- પેલિકન પપ્પાને કેમ ઓળખી જાય છે?
- આ વખતે પપ્પાને રસ્તામાં કઈ કઈ મુશ્કેલીઓ પડી?
- પેલિકન પપ્પાને જ્યાં લઈ જાય છે તે બંદરનું નામ શું છે?

પેલિકન તેમને માછલીઘરવાળા દવાખાને લઈ આવ્યું.



નીલુ : પપ્પા! બચાવો.

પપ્પા : આ તો નીલુનો અવાજ!



નીલુને સાથે લઈ જવા પેલિકને જાતજાતના અખતરા કર્યા. તેમાં નીલુવાળી કોથળી બેઝિનમાં જઈ પડી. પેલિકને કોથળી પર તરત ચાંચ મારી. પણ....




**ગટરમાંથી નીલુ દરિયામાં દૂર વહી જાય તે પહેલાં પેલિકને પપ્પા અને હર્ષાને ત્યાં પહોંચાડી દીધાં.**

પેલિકન : તમને ખબર નથી લાગતી, બધી ગટર છેવટે દરિયામાં પહોંચતી હોય.



પપ્પા : અરે! અરે! એ તો ગયો. છેક આવીને હું હારી ગયો. મારો નીલુ!

પેલિકન : તમે ચિંતા ન કરો. બેઝિનનું પાણી ગટરમાં જશે ને ગટર દરિયામાં ખુલશે. ચાલો જલદી.



પપ્પા : મારો નીલુ..ઉ..ઉ..ઉ..!

ભાગ ૫. વાતચીત

- પેલિકન પપ્પા અને હર્ષાને પહેલાં ગટર, પછી બેઝિન અને બારીએ લઈ ગયું? સાચું કે ખોટું?
- પપ્પા 'મારો નીલુ' બોલ્યા તે કોણે કોણે સાંભળ્યું હશે?
- તે પછી તે બધાંએ શું શું કર્યું હશે?
- ચાલો, આપણે 'નીલુ... નીલુ' એમ બોલતાં જઈને તાળીઓ પાડીએ.

દોરો :

## વાતચીત

- તમને ક્યારે ક્યારે બીક લાગી? ક્યારે ક્યારે ચિંતા થઈ?
- તમને ક્યારે ક્યારે 'હાશ' થઈ?
- તમે ખોવાઈ જાઓ તો તમારા મમ્મી-પપ્પા શું કરે?
- નીલુના પપ્પાને કોણે કોણે મદદ કરી? શી શી મદદ કરી?
- તમારાં મમ્મી કે પપ્પા બજારમાં, મેળામાં, બીજા કોઈના ઘરે થોડીવાર જોવા ન મળે તો તમને શું થાય? તેમની જોડે પહોંચી જવા તમે શું શું કરો?
- તમારી ચિંતા કોણ વધારે કરે, મમ્મી કે પપ્પા? તેની તમને કઈ રીતે ખબર પડી?
- તમારી કોઈ પ્રિય વસ્તુ ખોવાઈ જાય તો તે શોધવા તમે શું કરો?
- તમને ક્યારે ખબર પડી કે પપ્પા નીલુને શોધી જ કાઢશે? એવી ખબર કઈ રીતે પડી?
- તમારે પ્રાણી, પક્ષી, રમકડું, ઝાડ એવો કોઈ દોસ્ત છે? તમે તેની સાથે શી શી વાત કરો?

**૮. આખી વાર્તા ફરીથી સાંભળો. તે પછી આપેલી વાત સાચી હોય તો તરવાનો અભિનય કરો અને ખોટી હોય તો 'બૂડ બૂડ' બોલો.** 10.5.2

૧. નીલુ પપ્પાની બધી વાત માને છે.

૨. નીલુ ખૂબ ઊંચે તરતી હોડીને અડવા જાય છે.

૩. માછીમાર નીલુને મારી નાખે છે.

૪. મછલીપુરની માછલીઓને ઓખાના રસ્તાની ખબર છે.

૫. હર્ષા જેલીફિશના ગામમાં જ રહી જાય છે.

૬. વ્હેલ પપ્પાને ઓખા પહોંચાડે છે.

૭. ડૉલ્ફિન પપ્પાને ઓળખી જાય છે.

૮. પેલિકન પપ્પા અને હર્ષાને નીલુ પાસે લઈ જાય છે.

૯. ડૉક્ટર નીલુને પાણી વગરની કોથળીમાં રાખે છે.

૧૦. ડૉક્ટર પપ્પાને નીલુ આપી દે છે.

૧૧. બેઝિનનું પાણી દરિયામાં પહોંચે છે.

૧૨. પેલિકને કોથળી ફાડી એટલે નીલુ દરિયામાં પહોંચ્યો.

## ૯. યોગ્ય વિકલ્પ સામે ✓ કરો. 10.5.2

૧. માછલીઘરના રહેવાસીઓએ તે ગંદુ કરવાનું નક્કી કર્યું...

- [ ] જેથી તેમાં રહેવાની મજા પડે.
- [ ] જેથી નીલુ સહિત બધાં માછલીઘરની બહાર જઈ શકે.
- [ ] જેથી ડૉક્ટર તેમને બીજે વેચી દે.

૨. પપ્પા નીલુને શોધવા નીકળ્યા છે તે વાત પેલિકન સુધી કેવી રીતે પહોંચી?

- [ ] પપ્પા ⇨ કરચલા ⇨ મોટી માછલી ⇨ કાચબો ⇨ પેલિકન
- [ ] પપ્પા ⇨ મોટી માછલી ⇨ વર્ષા ⇨ ડૉક્ટર ⇨ પેલિકન
- [ ] પપ્પા ⇨ કાચબા ⇨ મોટી માછલી ⇨ કરચલા ⇨ ડોલ્ફિન ⇨ પેલિકન

૩. નીલુને શોધી કાઢવામાં પપ્પાને કઈ કઈ ભયાનક મુશ્કેલીઓ પડી?

- [ ] શાર્ક, વ્હેલ, જેલીફિશ, વંટોળ, માછીમાર
- [ ] કાચબો, પેલિકન, હર્ષા, ગોગલ્સ
- [ ] મછલીપુર, દરિયો, ખંભાત

• **કહો :** તમે સૌથી વધારે શાબાશી કોને આપશો? કેમ?

## ૧૦. કોણે શું કર્યું? લખો. 10.5.2

૧. પપ્પા અને હર્ષાને ઓખાનો રસ્તો બતાવ્યો. ..................

૨. નીલુને પકડીને ઓખા લઈ ગયો. ..................

૩. પપ્પા અને નીલુને ભેગા કર્યા. ..................

૪. ખંભાતથી ઓખા સુધી પપ્પાને સાથ આપ્યો. ..................

૫. પપ્પા અને હર્ષાને ગળી ગયું. ..................

૬. પપ્પા નીલુને શોધે છે તે વાત કરચલાને કહી. ..................

૭. પપ્પા અને હર્ષાને વંટોળ પાર કરાવ્યો. ..................

૮. નીલુને શોધવા મોટી મોટી તકલીફો વેઠી. ..................

૯. માછલીઘરને ગંદુ કરી દીધું. ..................

૧૦. હજી કોણ બાકી રહી ગયું? બે નામ લખો. .................. ..................

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________


દોરો:

- તમે આમાંથી કોઈ એક બનો. તમારા મિત્ર સાથે મળીને તમારા ભાગની વાર્તાનું નાટક ભજવો. 9.6.1

> જે બાળક મછલીપુરની માછલી બને તેને પપ્પા અને હર્ષા સાથે જૂથ બનાવી આપો. તેમને તેમના ભાગનું નાટક ભજવવા માટેના સંવાદ શીખવો. આ રીતે વાર્તાના નાના નાના ભાગનું નાટક કરવાની તક બાળકોને પૂરી પાડો.

૧૧. તમે જે બનીને નાટક કર્યું હોય તેની વાત અથવા વાર્તામાંથી તમને જે યાદ રહ્યું હોય તે વાત તમને આવડે તે રીતે કહો.

૧૨. નીલુના પપ્પાએ નીલુને બચાવવા શું શું કર્યું? લખો. 10.8.3

તાજા સમાચાર

- અરબ સાગરની માછલીઓએ ભેગા થઈ નીલુના પપ્પાનું સન્માન કર્યું. 10.7.1

૧૩. ગીત ગાઈએ. 9.1.1, 9.3.1

**દરિયા પાસે જાવું છે**

દફતર-પાટી ફેંકી મારે દરિયા પાસે જાવું છે,
વાડો-વંડી ઠેકી મારે દરિયા પાસે જાવું છે!
યાદ કરે છે દરિયો, મારે દરિયા પાસે જાવું છે,
સાદ કરે છે દરિયો, મારે દરિયા પાસે જાવું છે!
દડબડ, દડબડ દોડી, મારે દરિયા પાસે જાવું છે,
લૈ કાગળની હોડી, મારે દરિયા પાસે જાવું છે!
હું દરિયાનો સાથી, મારે દરિયા પાસે જાવું છે,
દરિયો મારો હાથી, મારે દરિયા પાસે જાવું છે!
દરિયો ઝુલ્લંઝુલ્લા મારે દરિયા પાસે જાવું છે,
દરિયો ખુલ્લંખુલ્લા મારે દરિયા પાસે જાવું છે!
દરિયો મારી પાટી, મારે દરિયા પાસે જાવું છે,
ઘૂંટવી છે ઘુઘવાટી મારે દરિયા પાસે જાવું છે!

- રમેશ પારેખ

દોરો:

## વાતચીત

- તમને કઈ લીટી ગાવાની મજા પડી? ગાઓ.
- ક્યો શબ્દ બોલવાની તમને મજા પડી? બોલો અને બધાંને બોલાવડાવો.
- 'મારે દરિયા પાસે જાવું છે!' આવું રમેશ કેટલી વાર કહે છે? ગણી કાઢો.
- તમે દરિયા પાસે ગયા છો? ત્યારે ત્યાં શું શું કર્યું હતું?
- દરિયો તમને યાદ કરતો હોય તો કેવી રીતે બોલાવે?
- દરિયા પાસે જવા રમેશ શું શું ફેંકી દેશે?
- તમે ગમતી જગ્યાએ જવા શું શું છોડી દો?
- શું કરવા માટે તમને દરિયા પાસે જવાનું મન થાય?
- એવું કોઈ એક ગીત, કવિતા કે વાર્તા છે જે તમે ઘણી બધી વખત વાંચી હોય? કઈ કઈ?
- ચાલો, દરિયાની જેમ ઘુઘવાટ કરીએ.

## ૧૪. યોગ્ય વિકલ્પ પસંદ કરો. 10.6.1

૧. રમેશને દરિયો ઝુલ્લંઝુલ્લા લાગે છે કારણ કે...

(અ) દરિયા કિનારે હીંચકા ખાવાની મજા આવે એટલે.

(બ) દરિયાના મોજાં હીંચકા જેવાં લાગે છે.

(ક) દરિયો ઊંઘણશી છે એટલે ઝોંકે ચડે છે.

૨. રમેશ દરિયાને ખુલ્લંખુલ્લો કહે છે કારણ કે...

(અ) દરિયાને વાડ, દીવાલ કે છાપરું નથી.

(બ) દરિયાને કિનારો નથી.

(ક) દરિયાને બારણું નથી.

૩. દરિયાને 'હાથી' કહેવાય કારણ કે...

(અ) દરિયો ખૂબ મોટો હોય છે.

(બ) હાથી મોટો હોય છે ને દરિયાની જેમ ઝૂલતો હોય છે.

(ક) દરિયો હાથી જેવો કાળો હોય છે.

૪. રમેશ શું કરે તો તે 'ઘુઘવાટી ઘૂંટે છે' એમ કહેવાય?

(અ) રમેશ પણ દરિયાનાં મોજાં જેવો અવાજ કર્યા કરશે.

(બ) રમેશ દરિયાનો ઘુઘવાટ રેકર્ડ કરી લેશે.

(ક) રમેશ સ્લેટમાં 'ઘુઘવાટ' લખશે.

**૧૫. જેમની નીચે લીટી છે તે શબ્દો જવાબ બને તે રીતે પ્રશ્ન બનાવો.** 10.2.1

૧. રમેશ કાગળની <u>હોડી</u> લઈને દરિયે જશે.

૨. <u>દરિયા પાસે</u> પહોંચવા રમેશ વાડ અને વંડીને ઠેકી જશે.

૩. રમેશનો સાથીદાર <u>દરિયો</u> છે.

૪. દરિયાની સ્લેટમાં રમેશ <u>ઘુઘવાટ</u> ઘૂંટશે.

૫. <u>દરિયો ઝૂલે છે અને એકદમ ખુલ્લો છે</u> એટલે રમેશને દરિયા પાસે જાવું છે. (કેમ)

૬. <u>દરિયો રમેશને યાદ કરે છે અને સાદ દઈ બોલાવે છે</u> એટલે રમેશને દરિયા પાસે જાવું છે.

**૧૬. જમણેરી હો તો ડાબા હાથે ને ડાબોડી હો તો જમણા હાથે જોડકાં જોડો. ઉદાહરણ જેવાં વાક્ય બનાવીને લખો.** 10.3.1, 10.8.1

| અ | બ | ક્યાં | ક્યારે |
|---|---|---|---|
| ઝૂલવું | લડાલડ | હીંચકા પર | સાંજે |
| લડવું | ઝુલ્લંઝુલ્લા | મેદાનમાં | રિસેસમાં |
| દોડવું | હસાહસ | વર્ગમાં | ગુજરાતીના તાસમાં |
| ખુલવું | પકડાપકડી | ઘરે | દરરોજ |
| હસવું | દોડાદોડી | બધે | સવારે |
| પકડવું | ખુલ્લંખુલ્લા | પલંગમાં | રવિવારે |
| નાખવું | નાખાનાખ | ફળીયામાં | રમતી વખતે |

૧. સાંજે હીંચકા પર ઝુલ્લંઝુલ્લાની મજા આવે.

૨. રિસેસમાં મેદાનમાં લડાલડ કરતાં વાગી જાય.

૩.

૪.

૫.

૬.

૭.

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

**૧૭. રમેશને બદલે તમારે દરિયા પાસે જવું હોય તો તમે શું શું કરો?** 10.8.4

______ ફેંકી મારે દરિયા પાસે જાવું છે, (કાગળ-પેનને / દફતર આખું / ડર કે બીકને)

______ ઠેકી મારે વંડીને દરિયા પાસે જાવું છે! (નદીઓને / દિવાલને / બજારને)

યાદ કરે છે દરિયો મારે દરિયા પાસે જાવું છે,

સાદ કરે છે દરિયો મારે દરિયા પાસે જાવું છે!

______ મારે દરિયા પાસે જાવું છે, (કૂદકાઓ મારીને / ધીમે ધીમે આવી / જલદી જલદી દોડી)

______ મારે દરિયા પાસે જાવું છે! (કશું જ લીધા વિના / સાબુ-રૂમાલ સાથે / રૂપિયા-પૈસા લઈને)

**૧૮. કવિતા કરો.** 9.2.1



ચાંદા ઉપર જાવું છે.

______ ફેંકી મારે ચાંદા ઉપર જાવું છે.

______

હું ચાંદાનો ______

ચાંદો ______ મારો ______

ચાંદો ______ મારે ______

ચાંદો ______ મારે ______

## ૧૯. સાંભળો, વાંચો, લખો. 10.4.1

૧. કૃષ્ણ મથુરામાં જનમ્યા, વૃંદાવનમાં મોટા થયા. તે ગાયો ચરાવતા, ગોપાળો સાથે રમતા. કૃષ્ણનું વાહન મોર ગણાય છે. તેમના ભાઈ બલરામનું વાહન વૃષભ. વૃષભ એટલે આખલો.

- કૃષ્ણ ક્યાં મોટા થયા? ..................
- બલરામનું વાહન કયું પ્રાણી? ..................

૨. ઢોલ અને મૃદંગનો અવાજ ધીમે ધીમે મોટો થતો ગયો. તેમના ઘોંઘાટમાં સૃષ્ટિનું ગીત સંભળાયું જ નહીં. ઘોંઘાટને લીધે બધાના કાન બંધ કરી દીધા. બધાના હૃદયના ધબકારા પણ વધી ગયા.

- શાનો અવાજ મોટો થતો ગયો? ..................
- ગીત કોણ ગાતું હતું? ..................
- શાના ધબકારા વધી ગયા? ..................


## ૨૦. હસહસાટ

- એકવાર એક પોપટ ગાડી સાથે અથડાઈ ગયો. ગાડીવાળા ભાઈને દયા આવી તેણે પોપટની સારવાર કરી પિંજરામાં મૂકી દીધો. પોપટ ભાનમાં આવ્યો ત્યારે ચોંકી ગયો અને બોલ્યો, "ગાડીવાળા ભાઈ મરી ગયા? મને કેટલા મહિનાની જેલ થઈ?"

## ૨૧. ફરી યાદ કરીએ. 9.3.4



(૧) કડકડાટ, ખડખડાટ જેવા શબ્દો બોલવામાં કેવી/કેટલી મજા આવી?
(૨) 'ચાલો કરી જોઈએ' પ્રવૃત્તિ કેવી રીતે કરી?
(૩) વાર્તાનાં ચિત્રો કેવાં લાગ્યાં?
(૪) 'દરિયા પાસે જાવું છે' ગીતની કઈ પંક્તિ ગમી? શા માટે?
(૫) કાવ્યપંક્તિ બનાવવાની પ્રવૃત્તિ કેવી લાગી?
(૬) કઈ પ્રવૃત્તિમાં મજા ન પડી? શા માટે?




| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |

શિક્ષકની સહી : .......................... વાલીની સહી : ..........................

તારીખ : .............................. તારીખ : ..............................

# આટલું શીખી લઈએ

મારા મામાના ગામ પાસે દરિયો છે. દરિયો એટલે પાણી જ પાણી. દૂરદૂર સુધી પાણી. એમાં હોડી તરે, જહાજ પણ તરે. દરિયામાં મોટાંમોટાં મોજાં આવે. દરિયામાં નહાવાની ખૂબ મજા પડે. છીપલાં વીણવાની પણ ખૂબ મજા પડે. ભીની રેતીમાં પગલાં પાડવાની અને ઘર બનાવવાની મજા પડે. રાત્રે દીવાદાંડી અને જહાજ જોવાની મજા જ મજા.

- દરિયામાં શાની-શાની મજા પડે તે લખો.

- દરિયામાં શું શું તરે તે લખો.

- ફકરાના આધારે વાક્યમાં ખાલી જગ્યા પૂરો.

૧. મારા (મમ્મીના ભાઈ) ______ મને વહાલા લાગે છે.

૨. આકાશમાં (પાસે ન હોય તેવું) ______ તારા જ તારા દેખાય છે.

૩. મને નિશાળમાં જવાની (આનંદ) ______ પડે છે.

૪. દરિયાકાંઠે (દિશા બતાવે તે) ______ બહુ ઊંચી હોય છે.

- વાક્યના ખોટા શબ્દ પર છેકો મારી વાંચો.

૧. મારા પપ્પાની બેન મારી કાકી/માસી/ફોઈ થાય.

૨. મધમાખી બગીચાના કાગળ/કચરો/ફૂલોમાંથી રસ ચૂસે છે.


૩. મોટાભાગે શિયાળામાં ગરમી/ઠંડી/વરસાદ પડતી હોય છે.

૪. આગબોટ/સાઇકલ/વિમાન દરિયાના પાણી પર ચાલે છે.

- વાક્યમાં રહેલા શબ્દોને સરખા અર્થવાળા શબ્દ સાથે જોડો.

| | |
|---|---|
| ૧. હું સાંજે રમીને મોડો ઘરે જાઉં તો મારી મમ્મી <u>ફિકર</u> કરે છે. | ભયાનક |
| ૨. બોર વીણીને ભેગાં થયાં એટલે અમે અમારો <u>હિસ્સો</u> વહેંચી લીધો. | બાણ |
| ૩. દશરથ રાજાનું <u>તીર</u> ભૂલથી શ્રવણને લાગી ગયું. | ચિંતા |
| ૪. જંગલમાં <u>વિકરાળ</u> પ્રાણીઓ રહે છે. | ભાગ |

## રસ્તાનો પથ્થર



અલ્કેશ મસ્તીથી ગીત ગણગણતો રસ્તાની આજુબાજુ જોતો જોતો ચાલતો હતો. ત્યાં રસ્તામાં પડેલા પથ્થર સાથે એનો પગ અથડાયો. પગમાંથી લોહી નીકળવા લાગ્યું.

થોડીવાર પછી સંસ્કૃત શ્લોક બોલતાં-બોલતાં પંડિતજી પણ રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન પણ રસ્તા પર પડેલા પથ્થર પર નહોતું. એટલે એમને પણ પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી પણ લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યા. "અરે! આ તો લોહી નીકળ્યું છે."

ત્યાં જ કલ્પના પુસ્તકોની થપ્પી લઈને નીકળી. એની નજર રસ્તાના પથ્થર પર પડી. તે પુસ્તકોની થપ્પી બાજુમાં મૂકી પથ્થરને ખસેડવા માંડી પણ પથ્થર વજનદાર હતો. કલ્પનાથી ખસ્યો જ નહીં.

નિશાળેથી પાછાં ફરતાં અશોક, સ્મિત અને સ્નેહાની નજર કલ્પના પર પડી. ચારે જણે ભેગાં મળી પથ્થરને ખસેડી નાખ્યો.

| | | |
|---|---|---|
| ભગત કથા કર. | રમા જામફળ કાપ. | રાધા સાત નામ લખ. |
| ભરત ગરમ શાલ લાવ. | રાજા સભા ભર. | ધારા ચાર માળા કર. |
| ઈલા રાઈ સાફ કર. | ઉમા આઠ ફળ કાપ. | ઉષા હાર બનાવ. |

આ પાનામાંથી ગમતું વાક્ય લખો.

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| પુષ્કળ | ઈશ્વર | કલ્પના |
| કચ્છ | સરસ્વતી | શબ્દ |
| સ્ટેશન | ભાસ્કર | અંજના |
| રાજસ્થાન | સ્નેહ | ન્યાય |

---

પ્યાજ એટલે ડુંગળી.

વસ્ત્ર એટલે કપડાં.

પપ્પાએ ગ્લાસ ભરીને દૂધ આપ્યું.

શેરડીનો રસ ગળ્યો લાગે છે.

પંખીઓ માટે ચોકમાં દાણા નાખ્યા છે.

---

| | | |
|---|---|---|
| પથ્થર | પંડિતજી | અબ્દુલ |
| સંસ્કૃત | પસ્તી | વજનદાર |
| શ્લોક | કલ્પના | સ્મિત |



આ પાનામાંથી ગમતો શબ્દ લખો.

અઘરાણું

## નિ:સ્વાર્થ મિત્રતા



વિક્રમ વાઘ અને સાર્થક ચિત્તો બન્ને મિત્રો છે. સાર્થકને વિક્રમ સાથે રમવું-રહેવું ખૂબ ગમે. વિક્રમને પણ સાર્થક વિના જરાયે ન ગમે. સૌ વિક્રમ અને સાર્થકની દોસ્તીને ખૂબ વખાણતા. કેટલાક તો કહેતા પણ ખરા કે, 'વિક્રમ-સાર્થકની જોડી, એને કોઈ શકે ન તોડી'.

સાર્થક ચિત્તો દોડવામાં ખૂબ ઝડપી, વિક્રમ વાઘ જંગલમાં સૌથી બળવાન. જંગલમાં બધાં પ્રાણીઓ સાર્થક-વિક્રમની જ વાત માને. જાણે સાર્થક અને વિક્રમ જ જંગલના રાજા. જંગલમાં સાથે જ ફરવા જાય. પાર્થ વરુ ક્યારેક ક્યારેક એમની સાથે જંગલમાં ભેગો થતો.

એકવાર પાર્થ વરુના મનમાં થયું કે આ બે મિત્રોની પાક્કી દોસ્તી તૂટે તો જંગલમાં મારું સ્થાન બને. જ્યાં સુધી વિક્રમ અને સાર્થકની દોસ્તી છે ત્યાં સુધી કોઈ મારી વાત માનશે નહીં. કોઈ મને 'સરદાર' માનશે નહીં.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમની પાકી દોસ્તી તોડવાનો પાકો નિર્ધાર કર્યો.

આમ કરવા માટે તેણે એક યુક્તિ વિચારી. તેણે સાર્થક અને વિક્રમને સિંહાસનવાળી ગુફા બતાવવાનું વિચાર્યું. આ ગુફા થોડા દિવસ પહેલાં જ પાર્થ વરુએ જોઈ હતી. ગુફામાં એક સિંહાસન હતું.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમને ઉજાણી કરવા માટે આમંત્રણ આપતાં કહ્યું, "ચાલો, તમને સાવ નવી જગ્યાએ ફરવા લઈ જાઉં."

ત્રણેય ગુફામાં પહોંચ્યા. ત્યાં એક સોનેરી સિંહાસન હતું.

પાર્થ વરુ કહે, "હવે આ સિંહાસન તો એક છે. તમે બે મિત્રો છો. રાજા કોણ બનશે તે તમે નક્કી કરો."

| | | |
|---|---|---|
| ધરા ગાગર ઉતાર. | લતા મમરા વઘાર. | માયા કાગળ લાવ. |
| પરાગ ખડખડ હસ. | છાયા માખણ હલાવ. | કાના ફાનસ સળગાવ. |
| ઉદય કાપડ કાપ. | ભાવના ફરવા જા. | જમના ફાફડા ખા. |

આ પાનામાંથી ગમતું વાક્ય લખો. ..........

એક-બેને ત્રણ... સાર્થક અને વિક્રમે એકબીજા સામે જોયું. ઈશારાથી વાત કરી. બંને સિંહાસન પર તૂટી પડ્યા. આંખના પલકારામાં સિંહાસનના ટુકડેટુકડા કરી નાખ્યા. સિંહાસન તો હતું ન હતું થઈ ગયું!

પાર્થ વરૂ જો તો જ રહી ગયો!

તુટેલા સિંહાસન પાસે ઊભેલા સાર્થક અને વિક્રમ બોલ્યા, "અમારે રાજા બનવું નથી. અમારે તો માત્ર મિત્ર જ બની રહેવું છે. અમે સિંહાસન પર બેસી રાજા બનવા માટે લડી મરીએ એવા અમે સ્વાર્થી દોસ્તો નથી."

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| હર્ષા | પ્રજા | રૂપિયા |
| ઋતુ | કૃપા | ક્રિયા |
| અર્જુન | ધર્મ | વિનમ્ર |
| મહારાષ્ટ્ર | અમૃત | પૂર્વ |
| દ્રાક્ષ | નક્ષત્ર | ચંદ્ર |
| કૃપાલી | નરેન્દ્ર | પર્વત |
| રાષ્ટ્રીય | પ્રતિજ્ઞા | શુક્ર |

| | | |
|---|---|---|
| વાઘ | બળવાન | મંત્રણા |
| ચિત્તો | સિંહાસન | આશ્ચર્ય |
| દોસ્તી | આમંત્રણ | સાર્થક |

આ પાનામાંથી ગમતો શબ્દ લખો. ............ સો

## રુઆબદાર છોકરો



રાજાએ સિપાઈઓને આદેશ આપ્યો કે એ બહાદુર છોકરાને માનભેર કચેરીમાં લઈ આવો.

સિપાઈઓ છોકરાને લેવા ઉપડ્યા પણ વિચારતા હતા કે, 'રાજાજી, આ છોકરાને કેમ આટલું બધું માન આપે છે ? શું એ છોકરો ઈમાનદાર હશે ? કે પછી એણે કંઈ બહાદુરીવાળું કામ કર્યું હશે?'

છોકરાને શોધતા સિપાઈઓ એના ઘરે પહોંચ્યા. ત્યાં જઈ રુઆબભેર પૂછ્યું, "ક્યાં છે છોકરો? એને રાજાજી દરબારમાં બોલાવે છે."

છોકરાની મા ઘરમાંથી બહાર આવી, સિપાઈઓને અદબપૂર્વક કહ્યું, "એ તો ગાયો ચરાવવા વગડામાં ગયો છે." સિપાઈ છોકરાને શોધતાં વગડામાં પહોંચ્યા.

ત્યાં એક ઊંચા ટેકરા પર ચાર પાંચ ગોવાળિયાની વચ્ચે એક છોકરો દમામભેર ઊભો હતો.

છોકરો નીડરતાપૂર્વક કહે, "હું હમણાં આવું તો મારી ગાયોનું ધ્યાન કોણ રાખશે?" સિપાઈઓ છોકરાની વાત સાંભળી મૂંઝાયા. રાજાજીનો હુકમ હતો કે છોકરાને માનભેર લઈ આવવો અને આ તો આવવાની ના પાડે છે!

| | | |
|---|---|---|
| ઉષા સામાન ઉપાડ. | કનક ગાલ બતાવ. | રાધા હાથ સાફ કર. |
| ભરત કાન બતાવ. | રમા ઝાડ બતાવ. | ધારા વાળ સાફ કર. |
| જગત નાક બતાવ. | રામ ડાળ બતાવ. | ઉમા શાક વઘાર. |

આ પાનામાંથી ગમતું વાક્ય લખો. ..............................

વાંચો અને લખો.

૧. દિવસે સૂર્ય અને રાત્રે ચંદ્ર દેખાય છે.

૨. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી લાગે છે.

૩. ઝઘડવું ઓછું, હસવું વધારે.

૪. રમેશ જાડો અને કેતન પાતળો છે.

૫. સવારે કસરત કરીએ અને સાંજે રમીએ.

વાંચો.

૧. રાજાએ છોકરાને કચેરીમાં લાવવા આદેશ આપ્યો.

૨. સિપાઈઓ છોકરાને લેવા ઉપડ્યા.

૩. છોકરાની માએ કહ્યું કે તે ગાયો ચરાવવા ગયો છે.

૪. છોકરાએ આવવાની ના પાડી.

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| સિપાઈ | ઈમાનદાર | ધ્યાન |
| આદેશ | રુઆબદાર | હુકમ |
| બહાદુર | અદબપૂર્વક | રાજાજી |
| દમામભેર | માનભેર | દરબાર |
| ગોવાળિયો | નીડરતાપૂર્વક | આદેશ |

## એકમ ૯ના વિશેષ મહાવરા માટે

### હળીમળીને રહીએ



બાળકો બગીચામાં દડા વડે રમી રહ્યાં હતાં. ત્યાં નજીકના બાંકડા પર એક દાદાજી અને દાદીમા બેઠાં હતાં.

બાળકોનો દડો દાદા-દાદીના બાંકડા પાસે જઈ પડ્યો. કુશલ દોડતો દોડતો દડો લેવા બાંકડા પાસે પહોંચ્યો. એણે દડો લઈ દાદા-દાદી પાસે જઈ માફી માગતાં કહ્યું, "માફ કરજો. દાદાજી, હવે દડો આ તરફ નહીં આવે અમે રમત બંધ કરીએ છીએ."

દાદાજી : "અરે ભાઈ, તમે રમત છોડીને કેમ જાઓ છો ? આવો, આવો, અહીં જ રમો."

કુશલ : "દાદાજી, અહીં દડો રમીએ અને દડો તમને કે બીજા કોઈને વાગી જાય તો ?"

દાદાજી : "તારી વાત સાચી. ચાલ, તો અમે બીજે બેસીએ."

કુશલ : "ના રે ના દાદાજી, તમે વડીલ છો તમારે એવી તકલીફ લેવાની જરૂર નથી."

બીજાં બાળકો પણ દાદા-દાદીના બાંકડા પાસે આવી ગયાં.

દાદીમા : "દીકરાઓ તમે અહીં રોજ રમવા આવો છો ?"

બાળકો : "રોજ તો નહીં પણ દર રવિવારે."

દાદીમા : "શું તમને રમવાનો સમય મળે છે ?"

બાળકો : "ના દાદીમા, પણ તોય રમવું તો પડે જ ને ?"

દાદા : "જરૂર... રમવું પડે."

કુશલ : "પણ દાદાજી, અમારાં મમ્મી-પપ્પા તો અમને ભણવાનું ને વાંચવાનું જ કહ્યા કરે છે."

| | | |
|---|---|---|
| હિના ગિરનાર ચઢ. | મિલન માળા જપ. | સવિતા હિસાબ લખ. |
| બિના ઘડિયાળ લાવ. | અમિત કવિતા ગા. | નિખિલ નિશાળ જા. |
| અદિતિ દાળિયા ખા. | કવિતા સિતાર વગાડ. | નિયતિ રિવિઝન કર. |

દાદી : "એ પણ જરૂરી તો છે જ ને ભાઈ."

દાદા : "અમે તો તમને વાતે વળગાડી દીધાં, તમે રમો."

બાળકો : "દાદાજી, અમને તો તમારી સાથે વાત કરવાનું પણ ખૂબ ગમે છે."

દાદાજી : "તો આવો બધાં. આપણે વાતો કરીએ."

દાદાજી : "ચાલો, આપણે એક નવી રમત રમીએ ?"

બધાં બાળકો : "હા, દાદાજી! હા."

દાદાજી : "આ આપણા પરિચયની રમત છે."

કુશલ : "એ વળી કેવી રમત ?"

દાદાજી : "સમજાવું. જુઓ, આ રમતમાં દરેકે પોતાનું નામ કહેવું, એનો અર્થ કહેવો અને ભાવતી વાનગીનું નામ કહેવું."

બાળકો : "એ વળી કેવી રીતે ?"

દાદી : "ચાલો હું તમને સમજાવું. જુઓ, મારું નામ છે કોકિલા. કોકિલા એટલે કોયલ અને મને ભાવે છે કાજુકતરી."

બાળકો : "વાહ ! આ તો નવી રમત !"

દાદાજી : "હવે આને રમત બનાવીએ. તમારી પાસે દડો છે. એ એકબીજાને આપતાં રહો, હું 'સ્ટોપ' કહું ત્યારે દડો જેના હાથમાં હોય તે પોતાનો પરિચય આપશે."

"વાહ ! આ તો નવી રમત !"

હવે, કહો તો...

૧. બાળકો ક્યાં રમી રહ્યાં છે ?

૨. બાળકો બગીચામાં રમવા ક્યારે આવે છે ?

૩. કોકિલા એટલે શું ?

૪. બાળકોને નવી રમત કોણ રમાડે છે ?

૫. કુશલે કેમ માફી માગી ?

## એકમ ૧૦ના વિશેષ મહાવરા માટે

### ઝાડનેય જીવ હોય છે



વસ્તાભાઈ છૂટક મજૂરી કરતા હતા. એકવાર એમને લાકડાના વેપારી સાથે મુલાકાત થઈ. વેપારીએ વસ્તાભાઈને જંગલમાંથી લાકડાં કાપી લાવવાનું કામ સોંપ્યું.

વસ્તાભાઈ ખુશ-ખુશ થતા જંગલમાં ઉપડ્યા. હાશ ! આજે તો સારી મજૂરી મળશે. મારાં બાળકો હવે ભૂખે નહિ મરે !



વસ્તાભાઈએ એક ઝાડ પસંદ કર્યું. ઝાડ પર એણે કુહાડી ઉગામી. ત્યાં જ ઝાડ બોલ્યું : 'ભલા માણસ, મેં તારું શું બગાડ્યું છે ? મારો શા માટે વધ કરે છે ?'

વસ્તાભાઈ કંઈ વિચારે એ પહેલાં ઝાડ પરથી બેચાર પંખી ઊડ્યાં... ફર..ર..ર.. વસ્તાભાઈને થયું, 'ઝાડ કાપવાથી જંગલ વેરાન થશે, વરસાદ આવતો અટકી જશે, દુષ્કાળ પડશે.' વસ્તાભાઈએ ઝાડ નહિ કાપવાનું નક્કી કર્યું.

| | | |
|---|---|---|
| વિજય તિલક કર. | ભાઈ વિજ્ઞાન ભણાવ. | ખાટી ખાટી આમલી ચાખ. |
| સંજય ઘડિયા લખ. | વિમળા પિકનિક પર જા. | કડવી કડવી ટીકડી ગળ. |
| મિત દાળિયા ખા. | દિશા વિમાન બતાવ. | કાચી કાચી કાકડી કાપ. |

વાંચો અને લખો.

૧. સિંહ અને સિંહણ જંગલમાં રહે છે.

૨. મોર અને ઢેલ ચણે છે.

૩. રાજા અને રાણી મહેલમાં રહે છે.

૪. તમે ચકા અને ચકીની વાર્તા સાંભળો.

વાંચો.

૧. વેપારીએ વસ્તાભાઈને લાકડાં કાપવાનું કામ સોપ્યું.

૨. વસ્તાભાઈ ખુશ થયા.

૩. કુહાડી ઉગામી ત્યાં ઝાડ બોલ્યું.

૪. ઝાડ પરથી પંખી ઉડ્યાં.

૫. વસ્તાભાઈએ ઝાડ ન કાપવાનું નક્કી કર્યું.

શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| છૂટક | જંગલ | પંખી |
| મજૂરી | કુહાડી | દુષ્કાળ |
| વેપારી | ઝાડ | વેરાન |
| ઉપડ્યાં | મુલાકાત | વરસાદ |
| લાકડાં | ઉગામી | બગાડ્યું |

આ પાનામાંથી ગમતું વાક્ય લખો.

# વર્ગ સહાયક અધ્યયન સંપુટ સામગ્રી

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૧૨ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કેલેન્ડર
૨૩. ફ્લેશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. **NCERT Maths kit**
૨૭. **IIT FLN KIT**
૨૮. જાદુઈ પિટારા
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

૩૧. ઓડિયો સામગ્રી

# અધ્યયન સંપુટ

## ગુજરાતી

### ધોરણ ૨



GCERT

NIPUN BHARAT

समग्र शिक्षा
Samagra Shiksha

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ ૨૦૨૫-૨૬)